અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
'ફરી ક્યારેય રાજકીય મુદ્દાઓ પર ફિલ્મ નહીં બનાવું' કંગના રનૌતે કહ્યું- 'ઇમરજન્સી'...

પેજ-09
વર્લ્ડ કપમાં ડબલ સેન્ચુરી ફટકારનાર ખેલાડીએ કરી સંન્યાસની જાહેરાત



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 16.00 |
| સુરત | 31.00 | 18.00 |

પેજ 5



45 ટકા પરિવારોને 2025માં બચતમાં 25% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા...

10 JANUARY-2025 FRIDAY

ભારતીય મુળના Anita Anand લઈ શકે છે Canada ના PM તરીકે ટ્રુડો...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77620.21 | ▼ | 528.28 |
| નિફ્ટી | 23526.50 | ▼ | 162.45 |
| સોનું | 78037.00 | ▲ | 290.00 |
| ચાંદી | 91615.00 | ▲ | 677.00 |

વર્ષ-14 । અંક-054 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### મુંગેલી જિલ્લામાં પાઇપ બનાવતી ફેક્ટરીમાં બની ઘટના
# છત્તીસગઢની ફેક્ટરીમાં ચીમની તૂટી : 25 લોકો દટાયાં, 4નાં મોત

(એજન્સી) મુંગેલી | તા.09

છત્તીસગઢના મુંગેલી જિલ્લામાં એક મોટો અકસ્માત થયો છે. મૂંગેલી જિલ્લામાં આવેલા કુસુમ પ્લાન્ટમાં ચીમની ધરાશાયી થવાથી 30 લોકો દટાયા હતા. જેમાંથી 8 થી 9 લોકોના મોત થયાની આશંકા છે. હાલમાં ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. પોલીસ-પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર છે અને બચાવ કામગીરી હાથ ધરી છે. જેમાં કાટમાળ નીચે દટાયેલા લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે.

મુંગેલી જિલ્લાના બિલાસપુર-રાયપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગને અડીને આવેલા રામબોડ ગામમાં સ્થિત કુસુમ પ્લાન્ટમાં આ અકસ્માત થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર પ્લાન્ટમાં રાખેલો ભારે સાલો (માલસામાન સ્ટોરેજ ટાંકી) અચાનક પડી ગયો અને ત્યાં કામ કરતા કર્મચારીઓ તેમાં ફસાઈ ગયા. તેના કાટમાળ નીચે 30 મજૂરો દટાયા હતા. આ જોઈને પ્લાન્ટમાં કામ કરતા અન્ય કર્મચારીઓએ ચીસો પાડવાનું શરૂ કર્યું હતું. પોલીસ અને વહીવટીતંત્રને તાત્કાલિક અકસ્માતની જાણ કરવામાં આવી હતી.



**પ્લાન્ટમાં રહેલો સ્ટોરેજ ટેન્ક પડતાં અકસ્માત સર્જાયો** | ઘટનાની માહિતી મળતા જ સરગાંવ પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમ રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. અત્યાર સુધીમાં બે લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. 8 થી 9 લોકોના મોતની આશંકા છે.

### ઓડિશામાં પ્રવાસી ભારતીય દિવસ સંમેલન... મોદીએ કહ્યું- તમે ભવિષ્યમાં મેડ ઇન ઇન્ડિયા પ્લેનમાં બેસીને ભારત આવશો...
# 'ભવિષ્ય યુદ્ધમાં નહીં બુદ્ધમાં છે'

(એજન્સી) ભુવનેશ્વર | તા.09

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં 18મી પ્રવાસી ભારતીય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ વર્ષે કોન્ફરન્સની થીમ 'વિકસિત ભારતમાં વિદેશી ભારતીયોનું યોગદાન' છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં 18મા પ્રવાસી ભારતીય સંમેલનમાં હાજરી આપી હતી. મોદીએ કહ્યું- ભારતીય જ્યાં પણ જાય છે, તેને પોતાનું બનાવે છે. આ હોવા છતાં, ભારત હંમેશા તેમના દિલમાં ધબકે છે. આ કારણે દુનિયામાં મારું માથું ઊંચું રહે છે.

પીએમે વધુમાં કહ્યું કે ભારત મેડ ઈન ઈન્ડિયા ફાઈટર જેટ બનાવી રહ્યું છે. એ દિવસ દૂર નથી જ્યારે તમે (ભારતીય ઈમીગ્રન્ટ) મેડ ઈન ઈન્ડિયા પ્લેનમાં બેસીને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવા આવશો. આ દરમિયાન, મુખ્ય અતિથિ, ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લા કંગાલુએ પરિષદને વર્ચ્યુઅલ રીતે સંબોધન કર્યું. મોદીએ પ્રવાસી ભારતીય એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપી હતી. આ ભારતીય પ્રવાસીઓ માટે સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેન છે, જે દિલ્હીના નિઝામુદ્દીન રેલવે સ્ટેશનથી શરૂ થઈ હતી અને ત્રણ અઠવાડિયા સુધી ઘણા પ્રવાસન સ્થળો પર જશે. તે વિદેશ મંત્રાલયની વિદેશી યાત્રાધામ દર્શન યોજના હેઠળ કાર્યરત છે.

## ભુવનેશ્વરથી PM મોદીનો રશિયા-ઇઝરાયલને સંદેશ

**યુદ્ધને લઈને PM મોદીએ કરી શાંતિની અપીલ**

પીએમ મોદીની આ ટિપ્પણી આજના વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. હાલ રશિયા અને યુક્રેન વચ્ચે બે વર્ષથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. આખી દુનિયાએ બંને દેશોમાં થયેલી તબાહી જોઈ છે. છતાં કોઈને ખબર નથી કે યુદ્ધ ક્યારે સમાપ્ત થશે. વૈશ્વિક સ્તરે શાંતિ સ્થાપિત કરવા માટે સમયાંતરે પ્રયાસો થયા છે. પણ સફળતા મળી નથી. ભારતે પણ શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે. પીએમ મોદી આ માટે પુતિન અને ઝેલેન્સકીને પણ મળ્યા હતા. તેઓએ બંનેને સમજાવ્યું અને યુદ્ધના પરિણામો વિશે ચેતવણી પણ આપી. પરંતુ અત્યાર સુધી બંને સહમત થયા નથી. બીજી તરફ, ઇઝરાયલ પણ એકસાથે અનેક મોરચે યુદ્ધ લડી રહ્યું છે.



**ભારતની પ્રગતિ તમામ રેકોર્ડ તોડી રહી છે**

મેડ ઇન ઇન્ડિયા પ્રોજેક્ટ દ્વારા ભારતે 10 વર્ષમાં 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે. તે દિવસ દૂર નથી જ્યારે તે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ભારતની સફળતા આજે દુનિયા જોઈ રહી છે. આજે જ્યારે ચંદ્રયાન શિવશક્તિ પોઈન્ટ પર પહોંચે છે ત્યારે આપણે ગર્વ અનુભવીએ છીએ. આજે દુનિયા ડિજિટલ ઈન્ડિયાની શક્તિ જોઈને આશ્ચર્યચકિત થઈ ગઈ છે. દરેક ક્ષેત્ર આસમાને પહોંચી રહ્યું છે. રિન્યુએબલ એનર્જી, બુલેટ ટ્રેન, ઓટોમોબાઈલ, ભારતની પ્રગતિ તમામ રેકોર્ડ તોડી રહી છે.

### બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં
# 12 એમએલસીના નામાંકન પર રોકની માંગ કરતી PIL ફગાવી

(એજન્સી) મુંબઇ | તા.09

મુંબઈ હાઈકોર્ટે ગુરુવારે શિવસેના યુબીટી દ્વારા મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં 12 MLCની નિમણૂકો પર રોક લગાવવાની માંગ કરતી PILને ફગાવી દીધી હતી. મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે મહારાષ્ટ્રના તત્કાલીન રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ 2020 માં મહા વિકાસ આઘાડી (MVA) સરકાર દ્વારા વિધાન પરિષદ માટે ભલામણ કરાયેલા 12 નામો પર કોઈ કાર્યવાહી કરી ન હતી. આ વિવાદ નવેમ્બર 2020 માં શરૂ થયો હતો, જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહા વિકાસ આઘાડી સરકારે 12 નામોની ભલામણ કરી હતી. જોકે, રાજ્યપાલે આ નામો પર નિર્ણય લીધો ન હતો, જેથી 'ગેરકાયદેસર પોકેટ વીટો'નો આરોપ લાગ્યો હતો. ૨૦૨૨ માં, CM શિંદેના નેતૃત્વ હેઠળની નવી સરકારે નામાંકિત ઉમેદવારોની બાકી યાદી પાછી ખેંચવાનો નિર્ણય લીધો ત્યારે આ મામલો વધુ વકર્યો.

# મહારાષ્ટ્રમાં નવા જૂની થવાના એંધાણ! પવાર અને સંજય રાઉતે RSSના કર્યા ભરપૂર વખાણ

**હારના મંથન પર યોજાયેલી બેઠકમાં RSSના વખાણ**

(એજન્સી) મુંબઇ | તા.09

મહારાષ્ટ્રના રાજકારણમાં શું થઈ રહ્યું છે, શું મહાવિકાસ અઘાડીમાં કંઈક નવા જૂની થવાની છે? પહેલા શિવસેના યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના વખાણ કર્યા હતા, તો હવે NCPSPના પ્રમુખ શરદ પવાર અને શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના ભરપૂર વખાણ કર્યા છે. આ તમામ બાબતો સામે આવ્યા બાદ રાજ્યના રાજકારણમાં ફરી નવી ચર્ચાઓ અને અટકળો શરુ થઈ ગઈ છે.



વાસ્તવમાં NCPSPના પ્રમુખ શરદ પવાર જૂથની આજે યોજાયેલી બેઠકમાં વિધાનસભા ચૂંટણીમાં હાર સહિત અનેક મુદ્દાઓ પર મંથન અને ચર્ચાઓ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શરદ પવારના નેતૃત્વ હેઠળની NCPSPની શરમજનક હાર થઈ હતી, પરંતુ હવે શરદ પવારે આરએસએસની ભરપૂર પ્રશંસા કરી છે. આ ઉપરાંત શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે પણ આરએસએસના કાર્યકર્તાઓની મહેનતથી ખુશ થયા છે.

બેઠકમાં ઉપસ્થિત રહેલા શરદ પવારે મહાવિકાસ અઘાડીની હાર માટે RSSને જવાબદાર ઠેરવી છે. તેમણે કહ્યું કે, 'રાષ્ટ્રીય સ્વયંસેવ સંઘે ચૂંટણીમાં જોરદાર કામ કર્યું હતું. ભાજપ અને સંઘના મેન્જમેન્ટના કારણે જ તેમની જીત થઈ છે. સંગઠનનું પ્લાનિંગ સારું હતું. તેઓએ ઘરે-ઘરે જઈને પ્રચાર કર્યો. આ જ કારણે મહાયુતિને જીત મળી અને મહાવિકાસ અઘાડીની હાર થઈ.

### મુખ્યમંત્રી ધામીની મોટી જાહેરાત
# ઉત્તરાખંડમાં આ મહિને જ UCC લાગુ કરી દેવાશે



(એજન્સી) બરેલી | તા.09

ગુરુવારે એક મોટી જાહેરાત કરતા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આ મહિનાથી રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું કે દેવભૂમિ ઉત્તરાખંડ દેશનું પહેલું રાજ્ય છે જ્યાં સમાન નાગરિક સંહિતા કાયદો હશે. સુરક્ષા સંબંધિત વિવિધ કાનૂની સુધારાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું, 'અમે ધર્માંતરણ વિરોધી કાયદો બનાવ્યો. અમે કડક રમખાણો વિરોધી કાયદો બનાવ્યો. આ સાથે, અમે છેતરપિંડી વિરોધી કાયદો પણ બનાવ્યો. ઉત્તર પ્રદેશના બરેલીમાં 29મા ઉત્તરાયણ મેળાના ઉદ્ઘાટન દરમિયાન સીએમ ધામીએ આ મોટી જાહેરાત કરી. તેમણે એમ પણ કહ્યું કે ઉત્તરાખંડમાં ઘણા વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. દેવભૂમિમાં ભક્તો અને પ્રવાસીઓનું આગમન સતત વધી રહ્યું છે. તેમણે કહ્યું, 'અમે હરિદ્વાર અને ઋષિકેશમાં ગંગા કોરિડોર બનાવીશું.' શારદા નદી પર એક કોરિડોર પણ બનાવવામાં આવી રહ્યો છે; તેના પર ઘણું કામ શરૂ થઈ ગયું છે.

**બદ્રીનાથ ધામમાં માસ્ટર પ્લાન મુજબ કામ થઈ રહ્યું છે - સીએમ ધામી :** રાજ્યમાં લેવામાં આવેલી વિવિધ પહેલો પર પ્રકાશ પાડતા, સીએમ ધામીએ કહ્યું કે બાબા કેદારનાથમાં પુનર્નિર્માણ ચાલી રહ્યું છે. ત્યાં પેટાચૂંટણી થઈ અને ભાજપ ત્યાં જીત્યો. બદ્રીનાથ ધામમાં માસ્ટર પ્લાન મુજબ કામ ચાલી રહ્યું છે. કુમાઉ પ્રદેશના તમામ મંદિરોના સૌંદર્યીકરણ અને પુનર્નિર્માણનું કાર્ય સતત ચાલી રહ્યું છે.

# 'સરકારનું કામ લોકોને અનામતમાંથી બાકાત રાખવાનું', ક્રીમી લેયર પર સુપ્રીમની ટિપ્પણી

(એજન્સી) નવી દિલ્હી | તા.09

સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે, તે સરકાર અને સંસદે નક્કી કરવાનું છે કે શું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાંથી જેઓએ ક્વોટાનો લાભ મેળવ્યો છે અને અન્ય લોકો સાથે સ્પર્ધા કરવાની સ્થિતિમાં છે તેમને અનામતના દાયરામાંથી બાકાત રાખવા જોઈએ.

ન્યાયમૂર્તિ બીઆર ગવઈ અને ન્યાયમૂર્તિ એજી મસીહની બેન્ચે જણાવ્યું હતું કે, અમે અમારો અભિપ્રાય આપ્યો છે કે પાછલા 75 વર્ષોને ધ્યાનમાં લેતા, આવી વ્યક્તિઓ કે જેમણે પહેલાથી જ લાભો (આરક્ષણનો) મેળવ્યો છે અને અન્ય લોકો સાથે સ્પર્ધા કરી શકે તેવી સ્થિતિમાં છે, તેમને અનામતમાંથી બાકાત રાખવા જોઈએ. પરંતુ તે નિર્ણય કારોબારી અને ધારાસભાએ લેવો જોઈએ.

અરજદારનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટે SC/ST આરક્ષણમાંથી ક્રીમી લેયરને બાકાત રાખવાની તરફેણ કરતા સર્વોચ્ચ અદાલતના ઑગસ્ટ 2024ના ચુકાદાનો ઉલ્લેખ કર્યા પછી અને સરકારને આવા ક્રીમી લેયરને ઓળખવા માટેની નીતિ સાથે બહાર આવવા માટેના નિર્દેશની માંગણી કર્યા પછી ટોચની કોર્ટની ટિપ્પણીઓ આવી હતી.

**અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ એકરૂપ જૂથો નથી**

તેવું માનીને, સાત ન્યાયાધીશોની બંધારણીય બેંચે 1 ઓગસ્ટ, 2024 ના રોજ ચુકાદો આપ્યો હતો કે જાહેર રોજગાર અને સરકાર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે રાજ્ય કેટલાક SC/ST જૂથો માટે અન્ય કરતાં વધુ અનામત સુનિશ્ચિત કરવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને પેટા-વર્ગીકરણ કરી શકે છે.



### સુપ્રીમ કોર્ટે કહ્યું કે રેકોર્ડમાં કોઇ ખામી નથી
# સુપ્રીમ કોર્ટે 'સમલૈંગિક મેરેજ' પરની સમીક્ષા અરજીઓ ફગાવી

(એજન્સી) નવી દિલ્હી | તા.09



સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્નના કેસમાં પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરવાનો ઈનકાર કરી દીધો છે. આ ઉપરાંત, કોર્ટે નિર્ણય પર પુનર્વિચારની માંગ કરતી સમીક્ષા અરજીઓને પણ ફગાવી દીધી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે રેકોર્ડમાં કોઈ ખામી નથી અને નિર્ણયમાં વ્યક્ત કરાયેલા મંતવ્યો કાયદા મુજબ છે અને તેમાં કોઈપણ પ્રકારની દખલગીરી વાજબી નથી. જસ્ટિસ બીઆર ગવઈ, સૂર્યકાંત, બીવી નાગરત્ના, પીએસ નરસિંહા અને દીપાંકર દત્તાની બેન્ચ ચેમ્બરે આ ચુકાદો આપ્યો. ગયા વર્ષે જુલાઈમાં, અરજદારોએ જાહેર હિતને ધ્યાનમાં રાખીને આ કેસમાં ઓપન કોર્ટમાં સુનાવણીની માંગ કરી હતી. જસ્ટિસ એસકે કૌલ, એસ રવિન્દ્ર ભટ, ચીફ જસ્ટિસ ચંદ્રચુડ અને જસ્ટિસ કોહલીની નિવૃત્તિ પછી, નવી બેન્ચની પુનર્ગઠન કરવી પડી. જસ્ટિસ સંજીવ ખન્ના, જે મુખ્ય ન્યાયાધીશ છે, તેમણે ગયા વર્ષે અલગ કરી દીધા હતા.

# કોલકાતા બળાત્કાર - હત્યા : CBIએ સંજય રોય માટે મૃત્યુદંડની માંગ કરી

(એજન્સી) કોલકાતા | તા.09

કોલકાતાના આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં થયેલા મહિલા ડોક્ટર બળાત્કાર-હત્યા કેસની સુનાવણી ગુરુવારે પૂર્ણ થઈ. આ કેસની સુનાવણી કોલકાતાની સિયાલદાહ કોર્ટમાં ચાલી રહી હતી. હવે કોર્ટ આ મામલે 18 જાન્યુઆરીએ પોતાનો નિર્ણય આપશે. સીબીઆઈએ આ કેસમાં ધરપકડ કરાયેલા એકમાત્ર આરોપી સંજય રોય માટે મૃત્યુદંડની માંગણી કરી છે. કોલકાતાના ડોક્ટરો આ જઘન્ય ગુનામાં સીબીઆઈની ભૂમિકા સામે સતત વિરોધ કરી રહ્યા છે. ડોક્ટરોએ સીબીઆઈ પર તપાસમાં બિનજરૂરી વિલંબ કરવાનો અને ગુનેગારોને બચાવવા માટે પોલીસ સાથે સાંઠગાંઠ કરવાનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો હતો. આ સાથે, કેન્દ્રીય એજન્સીને તપાસ ઝડપી બનાવવા માંગ કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં, બધાની નજર કોર્ટના નિર્ણય પર છે.



આ કેસની સુનાવણી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અનિર્બાન દાસની કોર્ટમાં ચાલી રહી છે. આ સમય દરમિયાન, મુખ્ય આરોપી સંજય રોયે કોલકાતાના ભૂતપૂર્વ પોલીસ કમિશનર વિનીત ગોયલ અને સ્પેશિયલ ડેપ્યુટી કમિશનર (ડિટેક્ટીવ વિભાગ) ને કાવતરાખોર તરીકે નામ આપ્યા હતા. તેમણે કહ્યું કે તેમને ષડયંત્રના ભાગ રૂપે આ કેસમાં ફસાવવામાં આવ્યા છે.

# HMPV બાદ હવે ચીનમાં Mpox વાયરસ મળી આવતા ગભરાટ

(એજન્સી) નવી દિલ્હી | તા.09

ચીનમાં HMPV સંક્રમણને લઈને ખળભળાટ મચ્યો છે, આ વચ્ચે હવે એક નવા વાયરસના નવા સ્ટ્રેને ખળભળાટ મચાવ્યો છે. ચીનના સ્વાસ્થ્ય અધિકારીઓએ ગુરુવારના રોજ કહ્યું કે, તેમણે નવા Mpox (મંકીપૉક્સ) સ્ટ્રેન ક્લેડ આઈબીની ઓળખ કરી છે. ગત વર્ષ WHO તરફથી ગ્લોબલ પબ્લિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરાયા બાદ આ વાયરલ સંક્રમણ અનેક દેશોમાં ફેલાઈ રહ્યો છે. જણાવી દઈએ કે, ચીનમાં HMPV અને Mpoxનું સંક્રમણ વધતાં ભારતની ચિંતા પણ વધી છે. રૉયટર્સના રિપોર્ટ અનુસાર, ચીનના રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર તરફથી કહેવાયું છે કે, મંકીપૉક્સના ક્લેડ 1બી કાંગો સહિત કેટલાક આફ્રિકન દેશોમાં પહેલાથી જ ત્યાં સક્રિય છે. અહીં એક વિદેશી વ્યક્તિથી સંક્રમિત થઈને શરુ થયો હતો. વિદેશી નાગરિકના સંપર્કમાં આવ્યા બાદ ચાર નવા કેસ નોંધાયા છે. દર્દીના લક્ષણ હળવા છે. તેમની સ્કિન પર દાણા અને ફોલ્લી જોવા મળી છે.

# તમે જાટ સમાજના લોકો સાથે દગો કર્યો : કેજરીવાલનો PM મોદીને પત્ર

(એજન્સી) નવી દિલ્હી | તા.09

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે દિલ્હીના જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવાને લઈને પત્ર લખ્યો છે. કેજરીવાલે કહ્યું કે, 'તમે દિલ્હીના જાટ સમાજ સાથે દગો કર્યો છે. દિલ્હીમાં ઓબીસી દરજ્જો પ્રાપ્ત જાટ અને અન્ય જાતિઓને કેન્દ્રની OBC લિસ્ટમાં સામેલ કરવામાં આવે'.



તેમણે કહ્યું કે, 'કેન્દ્ર સરકારે 10 વર્ષોથી જાટ સમાજ સાથે OBC અનામતના નામ પર દગો કર્યો છે. તમે 2015માં જાટ સમાજના નેતાઓને ઘરે બોલાવીને વચન આપ્યું હતું કે, દિલ્હીના જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં સામેલ કરવામાં આવશે. 2019માં અમિત શાહે જાટ સમાજને કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં લાવવાનું વચન આપ્યું હતું. રાજસ્થાનના જાટ સમાજના વિદ્યાર્થીઓને ડીયૂમાં રિઝર્વેશન મળે તો દિલ્હીના જાટ સમાજને કેમ ન મળે?.'

**જાટ સમાજના હજારો બાળકોને DUમાં એડમિશન નથી મળતું**

અરવિંદ કેજરીવાલે આગળ કહ્યું કે, 'કેન્દ્રની ઓબીસી લિસ્ટમાં ન હોવાને કારણે દિલ્હીના જાટ સમુદાયના હજારો બાળકોને DUમાં પ્રવેશ નથી મળતો. મોદી સરકાર દિલ્હીમાં ઓબીસી લિસ્ટમાં હોવા છતાં ન્દ્ર સરકારની સંસ્થાઓમાં જાટ સમાજને લાભ નથી મળવા દઈ રહી. દિલ્હીના જાટ સમુદાયને અનામત નથી મળતું. તેમને કોલેજમાં એડમિશન કે નોકરીઓમાં અનામત નથી મળતું.

NEWS BRIEF

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ નખત્રાણા દ્વારા શ્રી કાલિકા માતાજીનો વાર્ષિક પાટોત્સવ



મહેશ એલ.સોની | નખત્રાણા

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ નખત્રાણા દ્વારા શ્રી કાલિકા માતાજીનો વાર્ષિક પાટોત્સવ આગામી તારીખ ૧૨/૧/ ૨૦૨૫ રવિવાર ને પોષ સુદ ૧૪ ના દિવસે ધામધૂમથી ઉજવાશે. સવારે ૯ :૦૦ કલાકે ક્રિષ્ના ઓરકેસ્ટ્રા એન્ડ લાઈવ બેન્ડ સુખપરના સથવારે શોભાયાત્રા સોની સમાજવાડી ખાતેથી નિકળી નગરના મુખ્યમાર્ગો પરથી પસાર થશે. શોભાયાત્રા બાદ બપોરે ૧: ૦૦ કલાકે માતાજીની આરતી અને આરતી બાદ સમસ્ત જ્ઞાતિજનો માટે ભોજન પ્રસાદ તેમજ સાંજે ૫ :૦૦ કલાકે આનંદનો ગરબો ત્યાર બાદ સાંજે ૭:૩૦ કલાકે જ્ઞાતિજનો માટે ભોજન પ્રસાદ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## જાપોદર ગામ નજીક ટ્રક પલ્ટી મારતાં જાપોદર ગામનો વીજળી પુરવઠો ખોરવાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા સાવરકુંડલા હાઈવે પર જાપોદર ગામ નજીક રાત્રિના દસ કલાક આસપાસ એક સિમેન્ટ ભરેલ ટ્રક રાજકોટ જઈ રહેલ હતો ત્યારે અચાનક જાપોદર ગામ નજીક આ ટ્રકના ડ્રાઈવરે ટ્રક પર કાબુ ગુમાવતા આ ટ્રક પલટી પલ્ટી મારી જવા પામેલ ત્યારે ઘટનાની જાણ થતા ગામના સરપંચ મનુભાઈ ધાખડા સ્થળ પર દોડી આવેલા અને આ રોડ પર આ ટ્રક પલટી મારતા વિજળી ના તાર ઝાડ સાથે અથડાતાં વીજળીના તારો તૂટી જવા પામેલા ત્યારે જાપોદર ગામનો વીજળી પુરવઠો વિજળી ૧૪ કલાક સુધી કલાક બંધ રહ્યો હતો.

## નર્મદા | ટ્રાફિક પોલીસે વાવડી ગામમાં પહોંચી અપનાવ્યો નવો અભિગમ : લોકો ખુશ



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય રોડ સલામતી માસ અંતર્ગત જિલ્લા ટ્રાફિક પીએસઆઈ એસ એસ મિશ્રા અને તેમની પોલીસ ટીમ દ્વારા વાવડી ગામમાં જઈને વાહન ચાલકોના લાઈસન્સ ચેક કરી ટ્રાફિક નિયમોના પાલન કરવાની સમજ આપવામાં આવી હતી. સાથે વાહન ચાલકોને ફૂલ આપી તેમનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું. ગુલાબ નું ફૂલ આપી વાહન ચાલકો ને ટ્રાફિક નિયમ બાબત ની પ્રેમ થી સમજ અપાતા ચાલકો પણ ભારે ખુશ થયા અને કેટલાક ચાલકો એ તો ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે પોલીસ આ રીતે ટ્રાફિક નિયમોની સમજ આપે તો ચોક્કસ વાહન ચાલકો ના ગળે આ વાત ઉતરશે.

## રાજુલા અંબાજી મંદિરે અંબાજી માતાનું પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા શહેરમાં આવેલ ગર્લ્સ હાઈસ્કુલ નજીક અંબાજી માતાજીના મંદિરનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે ત્યારે આ દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે આ પ્રાગટ્ય દિવસે દર્શન અભિષેક ના દર્શન નું આયોજન કરવામાં આવેલ છે ત્યારે આ પ્રસંગે આ મંદિરના પૂજારી કનુબાપુ ગોંડલીયા એ ધર્મપ્રેમી જનતાને આ દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ગાંધીનગર મહાનગરપાલિકાને મળી 2 એમ્બ્યુલન્સની ભેટ



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર મહાનગરપાલિકાને કોટક મહિન્દ્રા બેન્ક દ્વારા CSR ફંડ દ્વારા ૨ એમ્બ્યુલન્સની ભેટ મળી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતેથી મેયર મીરા પટેલના હસ્તે આ એમ્બ્યુલન્સની લીલી ઝંડી આપવામાં આવી. ગાંધીનગર મહાનગરપાલિકાને પ્રાપ્ત થયેલ આ એમ્બ્યુલન્સને અર્બન હેલ્થ સેન્ટર ખાતે મૂકવામાં આવશે.

# નર્મદાના ફલક ઉપર 'પોષણ'ની 'પતંગ' ઉડાડતા મંત્રી ભાનુબેન બાબરિયા

## એકતાનગર ખાતેથી કુલ રૂ. 1247 લાખના ખર્ચે 58 આંગણવાડી કેન્દ્રોનું ઈ-ખાતમુહૂર્ત કરતા મંત્રી બાબરીયા

ગાંધીનગર સંવાદદાતા - વિજયવીર યાદવ / ભરત શાહ - નર્મદા

પોષણ માનવીની શારીરિક ખામીઓને દૂર કરીને દરેક બાળક અને મહિલાને શ્રેષ્ઠ પોષણ સેવા ઉપલબ્ધ કરાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે રાજ્યકક્ષાના 'પોષણ ઉડાન: ૨૦૨૫' કાર્યક્રમને એકતાનગરના વ્યુ પોઈન્ટ-૧ ખાતેથી મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ કુલ રૂ. ૧૨૪૭ લાખના ખર્ચે ૫૮ આંગણવાડી કેન્દ્રોના ઈ-ભૂમિ પૂજનની સાથે કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં જીએસપીસીના સીએસઆર ભંડોળ હેઠળ સમગ્ર દેશમાં પ્રથમ વાખત લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ (એલજીએસએફ) ટેક્નોલોજીનો વપરાશ કરી મહત્વકાંશી દાહોદ જિલ્લામાં ૨૯ અને નર્મદા જિલ્લામાં ૨૫ તેમજ ગાંધીનગર જિલ્લાના ૪ મળીને કુલ ૫૮ આંગણવાડી કેન્દ્રોનો સમાવેશ થાય છે.

'પોષણ ઉડાન' અંતર્ગત પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃતિ લાવવાના હેતુથી આયોજિત આ પ્રસંગે મંત્રી બાબરીયાએ જણાવ્યું કે, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સુપોષિત રાજ્ય બનાવવાની ઝુંબેશને વધુ વેગવાન બનાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ટીમ ગુજરાતે પોષણની ઉડાનને વધુ મજબૂતાઈથી પ્રોત્સાહિત કરી છે.



મંત્રીએ કહ્યું કે, પોષણ ઉડાનની પતંગને રાજ્યના ઘરેઘર પહોંચાડવા માટે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર સહિત પ્રજાની ભાગીદારી ખૂબ મહત્વપૂર્ણ છે. પોષણ ઉત્સવને જનભાગીદારીથી જનઆંદોલન તરફ લઈ જવાની જવાબદારી આપણી સૌની છે. મકરસંક્રાંતિના પર્વ સાથે પોષણ ઉડાન કાર્યક્રમને જોડવાનો એકમાત્ર આશય નર્મદા જિલ્લા સહિત રાજ્ય-રાષ્ટ્રના લોકો પરંપરાગત ખોરાક પ્રેરિત કરવા અને પૌષ્ટિક ખોરાકના મહત્વ વિશે સમજણ પુરી પાડવાનો છે.

મંત્રી બાબરીયાએ પોષણની સાથે બાળ શિક્ષણ પર ભાર મૂકતા કહ્યું કે, આજે વાલીઓની સાથે આંગણવાડી કાર્યકર બહેનો માતા જશોદા બનીને આંગણવાડી કેન્દ્રોમાં આવતા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસીને બાળકોમાં પડેલી છૂપી શક્તિઓને સુપેરે બહાર લાવીને તેમની સમજશક્તિનો વિકાસ કરી રહી છે, એટલું જ નહીં તેમનામાં શિક્ષણ અને પોષણની સમજ કેળવવા ખાસ કાળજી રાખી રહી છે એમ જણાવી બાળપણની તમામ રમતોને જીવંત કરનારી, જ્ઞાન અને ગમ્મત સાથેના બાળપણની ભેટ આપનાર રાજ્યની તમામ આંગણવાડી કાર્યકર બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. પોષણ ઉડાન કાર્યક્રમ દરમિયાન મંત્રી બાબરીયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે ૧૮૨ મીટર ઉંચી વિશ્વની સૌથી વિશાળ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને કેન્દ્રસ્થાને રાખીને ૧૮૨ રંગબેરંગી ફુગ્ગાઓને ઊંચા આસમાને ઉડતા મૂક્યા હતા.

આ પ્રસંગે સાંસદ મનસુખભાઈ વસાવાએ પણ ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણ, પોષણ અને સ્વાસ્થ્યના સ્તરને ઊંચું લાવવા બદલ અને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓની સહભાગીદારી સુનિશ્ચિત થાય તે દિશામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ડબલ એન્જિનની રાજ્ય અને કેન્દ્ર સરકારની કામગીરીનો ઉલ્લેખ કરી જનલક્ષી યોજનાઓનો બહોળો લાભ મેળવવા સૌને અનુરોધ કર્યો હતો.

## સાપુતારાની આદર્શ નિવાસી કન્યા શાળા રામ ભરોસે હોવાનાં આક્ષેપ સાથે વાલીઓએ કલેકટરને રજૂઆત

ડાંગ | તા.09

ગિરિમથક સાપુતારા ખાતે આવેલ આદર્શ નિવાસી કન્યા શાળામાં હાલમાં જે આચાર્યા દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યુ છે.તેમની પાસે વઘઈ અને બરડીપાડાનો પણ ચાર્જ હોવાથી તેઓ અઠવાડિયામાં એક જ વાર સાપુતારા ખાતે આવતા હોય છે.જેના કારણે શાળાનું સંચાલન રામ ભરોસે છોડી દેવામાં આવેલ હોય તેવા આક્ષેપો સાથે વાલીઓએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.સાપુતારા આદર્શ નિવાસી કન્યા શાળા, સાપુતારાનું સંચાલન છેલ્લા ૮ (આઠ) વર્ષથી સ્મિતાબેન સી.હીંગુ કરતા હતા.આચાર્યા સ્મિતાબેન હીંગુનાં સમય દરમ્યાન તેમણે આદર્શ નિવાસી શાળા (કન્યા)નું પરીણામ 50% થી 100 % સુધી પહોંચાડ્યુ છે.આદિજાતિ બાળાઓનાં ઉત્કર્ષ તેમન શૈક્ષણિક વિકાસ માટે ખુબજ સખત મહેનત કરેલ છે.હાલમાં આદર્શ નિવાસી શાળામાં હોસ્ટેલના બિલ્ડીંગ માટે પણ પુરતા પ્રયત્નો કરી ગાંધીનગરથી મંજુરી મેળવેલ હતી. અને હાલમાં હોસ્ટેલ માટે બિલ્ડીંગનું બાંધકામ શરુ કરાવેલ છે.બાળકોના સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો તેમના દ્વારા કરવામાં આવતા હતા.તથા માર્ચ-2024માં બોર્ડની પરીક્ષામાં શાળાનું 100 % પરીણામ મેળવી આદિજાતિ બાળાઓ માટે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે.બાળકોને ઓનલાઈન એડમિશન મળેલ ત્યારે વાંસદા,વલસાડ, નવસારી,કપરાડાના બાળકોને સાપુતારા ખુબ જ દુર થાય છે.તો પણ પ્રિન્સીપાલ સ્મિતાબેન દ્વારા આ બાળકોને હૂંફ પાઠવી કામગીરી કરી હતી.તથા શિક્ષણ આપવાની કાર્ય પધ્ધતિથી બાળકોમાં આગવી છાપ ઉભી કરી હતી.તેમજ 24 કલાક બાળકો સાથે રહી બાળકોના સર્વાંગી વિકાસ માટે તન, મન, ધન થી સખત પરીક્ષમ કરે છે.જ્યારે હાલમાં આચાર્યા તરીકે જસુબેન પટેલ દ્વારા સંચાલન કરવામાં આવે છે.જોકે તેઓ અઠવાડીયામાં એકવાર આવે છે. અને તેમની પાસે બીજી 2(બે) સ્કુલ વઘઈ અને બારડીપાડાનો પણ ચાર્જ છે.જેથી સાપુતારાની આદર્શ નિવાસી સ્કુલ ભગવાન ભરોસે ચાલે છે.જેથી સાપુતારા આદર્શ નિવાસી શાળાના વાલીમંડળ (કન્યા) દ્વારા કલેકટરને આવેદપત્ર પાઠવ્યુ હતુ.

## ડી.બી.પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડામાં વાર્ષિકોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય ઉજવણી

કમલેશ પટેલ | સંખેડા

સંખેડા નગરની પ્રસિદ્ધ શિક્ષણ ધામ એવું ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કુલ માં તારીખ: 08/01/2025 બુધવાર ની સંધ્યાએ હર્ષોલ્લાસ 2024-25 ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ વાર્ષિકોત્સવ રંગારંગ કાર્યક્રમમાં ધોરણ - 1 થી 12 ના કુલ -360 જેટલા બાળ કલાકારોએ પોતાની અંદર રહેલી કલાનું આગવું કૌશલ્ય પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. જેમાં કુલ-35 જેટલી જુદી જુદી કૃતિઓજેવી કે, દેશભક્તિ, સમાજ ઉત્થાન, નારી શક્તિ, ગરબો, કૃષ્ણબોધ, રાજસ્થાની નૃત્ય, મરાઠી નૃત્ય, થીમ ડાન્સ,, આદિવાસી નૃત્ય વગેરે શાનદાર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

આ અવિસ્મરણીય કાર્યક્રમમાં સંખેડા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી પરિમલભાઈ શાહ ઉપ-પ્રમુખ શ્રી કનુભાઈ દરૂ ધી સંખેડા નાગરિક સહકારી બેંક ના ચેરમેન શાળાના



મંત્રીશ્રી, સંજય કુમાર દેસાઈ મામલતદાર શ્રી દિનેશભાઈ પટેલ સંખેડા નગરના સરપંચ શ્રી નીતિનભાઈ શાહ ડેપ્યુટી સરપંચ શ્રી સુનિલભાઈ રાણા સાહેબ શ્રીની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમ ની મધ્યે વર્ષ 2022- 23 અને વર્ષ 23- 24 માં SSC HSC મા પ્રથમ ત્રણ નંબરે ઉત્તીર્ણ થયેલા એવા શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન કુસ્તી ક્ષેત્રે રાજ્યકક્ષાએ શાળાનું નામ રોશન કરનાર એવા રાજ માળી વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર બારીયા ક્રિષ્ના જી.દસમાં વિજ્ઞાન મેળામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓનું ઉપસ્થિત મહેમાન શ્રીઓના વરદ હસ્તે ટ્રોફી અને ગિફ્ટ આપીને સન્માનવામાં આવ્યા હતા.

આમ, આ રંગારંગ કાર્યક્રમમાં બાળ કલાકારોને નિહાળવા માટે સંખેડા તેમજ આજુબાજુના ગામની જન મેદિની ખૂબ જ ઉત્સાહપૂર્વક સંપૂર્ણ કાર્યક્રમ ને નિહાળીને આનંદ માણ્યો હતો.

અંતે શાળાના આચાર્યશ્રી ચિરાગકુમાર વી.શાહ સાહેબે સૌ કલાકારો, કન્વીનરો , પત્રકારો તેમજ સંખેડા નગરના દર્શકોનો પોતાની આગવી શૈલીમાં આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી, એસ.કે.ગઢવી સર તેમજ શ્રી, ડી.એફ . રાઠવા સાહેબ સંભાળ્યું હતું.

## ટાઉન પોલીસ દ્વારા રાજપીપળા ની કોમર્સ કોલેજમાં મહિલા જાગૃતતા કાર્યક્રમ યોજાયો

ભરત શાહ | નર્મદા

ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ સંચાલિત શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓને રાજપીપળા ટાઉન પોલીસ સ્ટાફ દ્વારા મહિલા સુરક્ષા અંગેની જાગૃતિ નો કાર્યક્રમ યોજાઈ ગયો. કોલેજના આચાર્ય ડો હિતેશ ગાંધીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં રાજપીપળાના ટાઉન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ.આર ઠુમ્મર, પોલીસ કોન્સ્ટેબલ સંગીતાબેન સોલંકી અને પોલીસ કોન્સ્ટેબલ હેતલબેન લાટવા ઉપસ્થિત રહ્યા હતા.

કોલેજના વિદ્યાર્થીઓ અને તેમાંય ખાસ કરીને બહેનોને સંબોધતા પી.એસ.આઈ.એ આર ઠુમ્મરે જણાવ્યું હતું કે મહિલા સુરક્ષા ની જાગૃતિના અભાવે ક્યારેક પોકસોના કેસ સામે આવી રહ્યા હોય છે. હાલમાં જ ઝઘડિયામા થયેલા બળાત્કારના કેસનું



ઉદાહરણ આપીને કોલેજની વિદ્યાર્થી બહેનોને જણાવ્યું હતું કે જો કોઈ તમારી છેડછાડ કરે અથવા તમને રોકીને અભદ્ર માંગણી કરે તો શરૂઆતથી જ તેને ડામી દેવા જોઈએ. તેઓએ વિદ્યાર્થીઓને સલાહ આપતા જણાવ્યું હતું કે આવી કોઈ ઘટના બને તો વિદ્યાર્થીનીઓએ માત્ર એક કોરા કાગળ ઉપર વિગત લખીને પોલીસ સ્ટેશનમાં આપવાની હોય છે. જેમાં વિદ્યાર્થીઓના નામ અંગે તેમના વાલીઓ અંગે ગુપ્તતા રાખવામાં આવે છે અને પોલીસ કાર્યવાહી કરેછે. આમ ગુનો થતા અટકાવી શકાય છે.

## દાહોદ જિલ્લામાં શિક્ષકોની તીવ્ર ઘટ બાબતે ભરતી કરવા સરકારમાં રજૂઆત

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લામાં હાલ ઓનલાઈન જિલ્લા ફેર બદલી કેમ્પમાં ખૂબ મોટા પ્રમાણમાં શિક્ષકોની બદલી પોતાના વતનના જિલ્લામાં થતા,દાહોદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ પર તેની અસરો જોવા મળી રહી છે.દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે દાહોદ જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા ગુજરાત સરકારમાં તાત્કાલિક ધોરણે શિક્ષકોની ભરતી કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. કોઈ વહીવટી કારણોસર પ્રાથમિક શાળામાં શિક્ષકોની ભરતીમાં વિલંબ થાય તો તાત્કાલિક ધોરણે કરાર આધારિત જ્ઞાન સહાયકોની નિમણૂક કરવા માટે પણ વિનંતી કરવામાં આવી છે.દાહોદ જિલ્લો પછાત અંતરિયાળ આદિવાસી વિસ્તાર તરીકે સમગ્ર રાજ્યમાં જાણીતો છે,ત્યારે શિક્ષકોની



ઘટ ના કારણે શાળાના બાળકોનું શિક્ષણ બગડી રહ્યું છે ત્યારે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના મહત્વના સૂત્રો જેવા કે - રાષ્ટ્ર કે હિતમે શિક્ષા શિક્ષા કે હિતમે શિક્ષક અને શિક્ષક કે હિતમે સમાજ ને સાર્થક બનાવવા સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં હાલ ૨૩૬૭ જેટલા શિક્ષકોની ઘટ હોવાથી પ્રાથમિક શાળાઓમાં બાળકોનું શિક્ષણ બગડી રહ્યું છે, જેથી પ્રાથમિક શૈક્ષિક મહાસંઘની રજૂઆતના પગલે સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવે એવી આશા રાખવામાં આવે છે.

## દારૂબંધીને નેવે મૂકી આહવા મામલતદારના બંગલે દેખાઈ વિદેશી બ્રાન્ડની દારૂ બોટલો

ડાંગ | તા.09



ડ્રાઈવર નશામાં ધૂત

આહવા મામલતદાર ને બંગલે વિદેશી દારૂ ની બોટલ, ડ્રાઈવર પણ નશા માં એ પણ રાત્રી ના સમયે સરકારી ગાડી લઈ . સૂત્ર પાસેથી મળતી માહિતી અનુસાર,નશામુક્ત ભારતના સૂત્રને ખોટું પાડતા ડાંગ જિલ્લામાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.આહવા મામલતદારનો ડ્રાઈવર અને એમડીએમ દારૂની મહેફિલ માણતા હોય તેવું જણાઈ આવ્યું હતું.આ ઘટનાએ આખા વિસ્તારમાં ખળભળાટ મચાવી દીધો છે.બુધવારે રાત્રિના સાડા સાત વાગ્યાના અરસામાં આહવા મામલતદારનો ડ્રાઈવર આહવાના મુખ્ય માર્ગ પર પુરપાટ ઝડપે કાર ચલાવી રહ્યો હતો. જે આ દરમિયાન એક પત્રકારને ગાડી આગળ લાવી આંખો મોટી કરી મામલતદાર નો ડ્રાઈવર નો રોફ જમાવતો હતો અને ડ્રાઈવર દારૂના નશામાં દૂધ થઈ રુબાબ દાર આંખો થી ડ્રાઈવર જોઈ રહ્યો હતો. ત્યારે પત્રકાર ડ્રાઈવરની આ પ્રકારની હરકતની જાણ કરવા માટે અધિકારીના બંગલા પર પહોંચ્યો હતો. જોકે આ બંગલા પર તો વિદેશી દારૂની બોટલોની જાણે લાઈન લાગી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા , ત્યારે અધિકારી અને ડ્રાઈવર મહાશય સાથે મળીને જામશે જામ ટકરાવીને દારૂની મજા માણી હોય તેવું જણાઈ આવ્યું હતું. જોકે અહીં પ્રશ્ન એ થાય છે કે રાત્રિના સમયે લાઈટ ના અજવાળે મામલતદારના ઓટલા પર વિદેશી બ્રાન્ડની દારૂની બોટલ આવી ક્યાંથી ? જો આ રીતે અધિકારીઓ દ્વારા જ દારૂબંધી જેવા નિયમોનો ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવે તો સામાન્ય જનતાની વાત જ શી કરવી ? તેમજ કોન્ટ્રાક્ટ પદ્ધતિના આ ડ્રાઈવર દ્વારા મામલતદાર નો રોફ જમાવવામાં આવે તે કેટલા અંશે યોગ્ય ? શું અધિકારીઓ દ્વારા બુટલેગરો કે દારૂને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ? આવા અનેક સવાલ સાથે પંથકમાં ચકચાર મચી જવા પામી છે. સામાન્ય માણસ ને નિયમો ને અધિકારીઓ ને નહીં વાહ રે સરકાર, ત્યારે આ સમગ્ર મામલામાં ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા આ અધિકારી કે ડ્રાઈવર સામે યોગ્ય તપાસ કરીને કાર્યવાહીના પગલાં લેવામાં આવશે કે કેમ તે તો આવનાર સમયમાં જોવું જ રહ્યું.

## આહવા નગરને નગરપાલિકાનો દરજ્જો નાં વિરોધમાં BSP અને BVF પાર્ટીએ જિ. પં. પ્રમુખને રજુઆત કરી

ડાંગ | હાલમાં થોડા દિવસ અગાઉ ડાંગ જિલ્લા પંચાયતનાં સિંચાઈ સમિતિનાં અધ્યક્ષ હરીશભાઈ બચ્છાવ દ્વારા ધારાસભ્યને રજૂઆત કરવામાં આવી હતી અને આહવા નગરને નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. જોકે આ માંગણીના વિરોધમાં બહુજન સમાજ પાર્ટી અને બી.વી. એફ. સંગઠન દ્વારા વિરોધ નોંધવામાં આવેલ છે. અને ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખને આવેદનપત્ર પાઠવીને હરીશભાઈ બચ્છાવનાં આવેદનપત્રને ખારીજ કરવાની માંગણી કરવામાં આવી રહી છે. આહવા નગરને નગરપલિકાની માંગણી એ આદિવાસીઓ ઉપર જીવન જરુરિયાતનાં સાધનો પર જીવલેણ હુમલો છે. તેવામાં આહવા નગરની નગર પાલિકાની માંગણીને લઈ બસપા અને બી.વી.એફ. સંગઠન દ્વારા વિરોધ નોંધવામાં આવી રહ્યો છે.તેમજ નગર પલિકામાં જે રીતે વિકાસના કામો બતાવવામાં આવે છે. તેજ રીતે આદિવાસીઓને નુકશાન પણ છે. ગ્રામસભાના આધારે સ્થાનિક સંસાધનો પર ગામના લોકોનો અધિકાર રહેશે. પરંતુ નગર પાલિકામાં આદિવાસીઓના અધિકાર અને લોકોની માન્યતા ખતમ થશે. સામુદાયીક વન પ્રબંધન સમિતીનું ગઠન ગ્રામસભામાં હોય તે પણ અધિકારો આ નગર પાલિકામાં નાબુદ થશે.

આવા અનેક ગેરફાયદા ગણાવી ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખને સંબોધતું આવેદનપત્ર BSP અને BVF સંગઠન દ્વારા આપવામાં આવ્યુ હતુ.

## જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તાર પાલિકાના જવાબદાર અધિકારી ના ધ્યાન ઉપર ક્યારે આવશે?

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં આવેલ તલાવડી વિસ્તારમાં મેન રોડ ઉપર પાઈપલાઈન ટુડેલ હોવાથી અવારનવાર મેન રોડ ઉપર વહેતાં પાણી પરંતુ જવાબદાર પાલિકાના અધિકારી જોવા તથા ડોકાવવા પણ આવતા નથી અહીં એટ્લી હદે પાણી વહી રહ્યું હોવાથી પાણી નું તળાવ ભરાઈ રહેતા હોવાથી રાહદારીઓ અહીંથી પસાર થતી મહીલાઓ તથા સિનિયર સિટીઝન તથા બાળકો સ્કૂલ જતા વિદ્યાર્થીઓ આ ભરાયેલા ખાબોચિયાં માંથી પસાર થવું પડી રહ્યું છે. અહીં બાજુમાં આવેલ ખેતરમાં ચોમાસા દરમિયાન ભરેલા પાણી તથા ગટર ના દુર્ગંધ મારતાં પાણી તથા તેની બાજુમાં ખડકાયેલા ઉકરડા માંથી પસાર થતું દુર્ગંધ મારતાં ડ્રેનેજ પાણી અવારનવાર રોડ ઉપર ચડતાં રાહદારીઓ અને વિધાથીર્ઓ અને મહિલાઓ ના પાડું નીચે થી પસાર થઈ રહ્યું છે. પરંતુ જવાબદાર પાલિકા ના ધ્યાન ઉપર ક્યારે આવશે...?? અહીં પાણી ની પાઈપલાઈન રીપેરીંગ કરવા માટે અધવચ્ચે આરસીસી રોડ દોડવામાં આવેલ હોય તે ની પણ જવાબદાર અધિકારી દ્વારા રિપેરિંગ કામગીરી કરવામાં આવતી નથી આ તલાવડી વિસ્તારનો મેન રોડ હોય અહીં આજુબાજુમાં આવેલી સોસાયટીઓ માંથી મોટીસંખ્યામાં લોકો ની અવરજવર રહેતી હોય પરંતુ રોડ વચ્ચે દુર્ગંધ મારતાં ડ્રેનેજ પાણી વહેતાં રહેતા હોવાથી રાહદારીઓ ત્રાહીમામ પોકારી ઊઠયા છે. પરંતુ જવાબદાર અધિકારી ના પેટનું પાણી હલતું નથી સ્વચ્છતા અભિયાન માત્રને માત્ર કાગળ ઉપર ચાલતું હોય તેવું અહીં જોતા જ લાગી રહ્યું છે.

## કોઠંબા ગામે પ્રવેશતા જ લોકોની કમર તોડતા રસ્તાનો ભેટો થાય છે...

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



લુણાવાડા તાલુકાના કોઠંબા ગામમાં પ્રવેશતા જ બિસ્માર અને ઉબડ ખાબડ રસ્તો ગામના વિકાસની પોલ ખોલી રહ્યો છે સરકારે શહેરી વિસ્તાર અને મહાનગરોમાં વિકાસ જરૂરથી કર્યો છે પરંતુ સરકારની નજર નાના નાના શહેરોની ગામડાઓ પર પડતી જણાતી નથી અને જો પડતી હશે તો પણ સરખી રીતે પડતી નહીં હોય. સરકાર દ્વારા રસ્તાઓ બનાવવા માટે, રસ્તાઓના નવી કરણ માટે મસ મોટી તગડી રકમની ગ્રાન્ટો ફાડવીને તગડા ખર્ચાઓ કરીને માર્ગો નું નિર્માણ કરવામાં આવતું હોય છે જેના લીધે વાહન ચાલકોને સારા માર્કની સુવિધાઓ ઉપલબ્ધ બનવા પામી પરંતુ લુણાવાડા તાલુકાના કોઠંબા ગામે પરિસ્થિતિ કઈ વિપરીત જોવા મળી રહી છે ગામની અંદર પ્રવેશતા જ કોઠંબા થી હોસેલા તરફનો રસ્તો અને પોલીસ સ્ટેશનથી તરફનો રસ્તો છેલ્લા કેટલાય સમયથી ઉબડ ખાબડ પરિસ્થિતિમાં જોવા મળી રહ્યો છે જેના કારણે સ્થાનિક રહીશો, દુકાનદારો તેમજ વાહન ચાલકો અને મુસાફર જનતાને પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહેલો છે. કોઠંબા થી હોસેલાવ તરફ નો 500 મીટર જેટલો રસ્તો જાણે તંત્ર બનાવવાનું જ ભૂલી ગયું હોય તેમ બંને સારી રસ્તો તો બન્યો પરંતુ 500 મીટર નો રસ્તો છેલ્લા કેટલાય વર્ષોથી એ જ પરિસ્થિતિમાં જણાવી રહેવા પામ્યું છે જેના કારણે સ્થાનિકોને પારાવાર હાલાકી વેઠવી પડી રહી છે સ્થાનિકો તેમજ વાહન ચાલકો પોતાની કમર તોડી રહ્યા છે.

## નેહરુ યુવાકેન્દ્રના યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ અંતર્ગત કાશ્મીરી યુવાનોનું ડેલિગેશન SOU ની મુલાકાત કરશે

ભરત શાહ | નર્મદા

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર અને માય ભારત તા.૬થી ૧૧ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન સુરતમાં કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જેના ભાગરૂપે નેહરૂ યુવા કેન્દ્ર નર્મદા દ્વારા તા.૧૦મી જાન્યુઆરી-૨૦૨૫ને શુક્રવારના રોજ નર્મદા જિલ્લાના સહકાર ભવન- એકતાનગર ખાતે સંગોષ્ઠી કાર્યક્રમ યોજાનાર છે. કાશ્મીરી યુવાનો એકતા અને દેશપ્રેમની ભાવના કેળવે, દેશના વિવિધ વિસ્તારોની સંસ્કૃતિના આદાન-પ્રદાન થકી એકબીજાથી પરિચિત થાય તેવા શુભ આશયથી યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં કાશ્મિરના અનંતનાગ, પુલવામા, બડગામ, બારામુલા, શ્રીનગર અને કુપવાડાના ૧૫૦ યુવા ડેલિગેશન સામેલ થયું છે.

## જાફરાબાદ | ભાડાં ગામે રવિવારે સંત નિરંકારી ફાઉન્ડેશન દ્વારા રક્તદાન શિબિર અને આધ્યાત્મિક સત્સંગ નું આયોજન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના ભાડાં ગામે સંત નિરંકારી મીશન એક આધ્યાત્મિક વિચારધારા ધરાવતું મિશન છે. સાથે વૃક્ષોરોપણ તેમજ કુદરતી આપત્તિ સમયે સમાજ તથા સરકારને મદદરૂપ બને છે. રક્તદાન આયોજન તો સમગ્ર વર્ષ દરમિયાન જુદીજુદી બ્રાન્ચોમા કરવામાં આવતું હોય છે.અત્યાર સુધી ૧૩ લાખથી પણ વધુ યુનિટ નું રક્તદાન મેળવી અનેકના જીવ બચાવવાનું ભગીરથ કાર્ય કરેલ છે.આજ રીતે ભાડાં ગામે સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા સદગુરુ માતા સુદિક્ષાજી મહારાજ ની અસીમ કૃપાથી તારીખ ૧૨/૦૧/૨૦૨૫ ભક્તિ પર્વ દિવસ નિમિત્તે રવિવારે બપોરે ૧.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી શ્રી ભાડાં ગામે પ્રાથમિક શાળા ના ગ્રાઉન્ડ ખાતે રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પના આયોજનમાં ભાડાં બ્રાન્ચ ના સંતોનો પૂર્ણ સહયોગ મળેલ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સાબરકાંઠામાં HMPVનો શંકાસ્પદ કેસ: હાલ બાળક વેન્ટિલેટર પર છે પરંતુ પ્રથમ દિવસ કરતાં સ્થિતિ સુધરા પર છે...

# ખાનગી લેબોરેટરીમાં 7 વર્ષના બાળકનો રિપોર્ટ પોઝિટિવ, વેન્ટિલેટર પર

(એજન્સી) હિંમતનગર | તા. 09

ચીનમાં હ્યુમન મેટાન્યુમોવાઈરસ (HMPV)ના કેસોમાં વધારો થતાં દુનિયાભરમાં ખળભળાટ મચ્યો હતો. ત્યારે સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના એક ગામના 7 વર્ષના બાળકનો શંકાસ્પદ HMPV વાઈરસનો રિપોર્ટ આવ્યા બાદ આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતું. સેમ્પલ લઈને તપાસ માટે મોકલી આપ્યો છે, જેનોં રિપોર્ટ આજે સાંજે આવી શકે છે. જો કે હાલ બાળક વેન્ટિલેટર પર છે પરંતુ પ્રથમ દિવસ કરતાં સ્થિતિ સુધરા પર છે.

ગુજરાત સહિત ભારતના ચાર રાજ્યમાં આ વાઈરસના કેસ નોંધાયા છે. આ વાઈરસના તમામ દર્દી બાળક છે. HMPVની સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાતનો આરોગ્ય વિભાગ સતર્ક બન્યો છે અને રાજ્યની અલગ અલગ હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

મળતી વિગત મુજબ, બે દિવસ પહેલાં પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એક ગામના ખેતરમાં મજૂરી કરતા શ્રમિક પરિવારના 7 વર્ષીય પુત્રને તાવ, શરદી, ઉધરસને લઈને હિંમતનગરની બેબીકેર હોસ્પિટલમાં નિદાન માટે લાવ્યા હતા. જ્યાં તબીબે નિદાનમાં એક્સરે કરતા તેને ન્યુમોનિયાની અસર દેખાતા ખાનગી લેબોરેટરીમાં સેમ્પલ લેવડાવ્યા હતા. જેનો રિપોર્ટ ગઈકાલે સાંજે આવ્યો હતો, જેમાં HMPV વાઈરસ આવ્યો હતો. જેને લઈને જિલ્લા આરોગ્ય વિભાગને જાણ કરી હતી.

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગે હોસ્પિટલ પહોંચી સેમ્પલ લઈને ગાંધીનગર અને અમદાવાદ મોકલી આપ્યા હતા. ત્યાર બાદ બાળકના ગામ ચાર ટીમે સર્વે હાથ ધર્યો હતો. જેનો રિપોર્ટ આજે સાંજે આવશે. બીજી તરફ 7 વર્ષીય બાળક હાલમાં બેબીકેર હોસ્પિટલમાં છે, જેને ICUમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો છે. જોકે પ્રથમ દિવસ કરતા હાલની પરિસ્થિતિ સુધરી છે, સારવાર ચાલુ છે અને બાળક વેન્ટિલેટર પર છે, તેવું હોસ્પિટલના બાળ રોગ નિષ્ણાત ઈમ્તિયાઝભાઈ મેમણે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું છે.




### રિપોર્ટ આવ્યા બાદ HMPV વાઈરસ છે કે નહીં કહી શકાય

આ અંગે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રાજસુતરિયાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના એક ગામના 7વર્ષના બાળકને HMPV અંગે બેબી કેરમાંથી જાણ થયા બાદ આરોગ્ય વિભાગે હોસ્પિટલમાં પહોંચી બે સેમ્પલ લીધા હતા. જે સેમ્પલ તપાસ માટે અમદાવાદ અને ગાંધીનગર મોકલી આપ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ HMPV વાઈરસ છે કે નહીં કહી શકાય. હાલમાં HMPV શંકાસ્પદ વાયરસ છે.

### હોસ્પિટલમાં દાખલ કરાયેલા બે મહિનાના બાળકને છેલ્લા 15 દિવસથી શરદી,

તાવ હોવાના કારણે તેની તબિયત વધારે ખરાબ થતાં સારવાર અર્થે અહીં દાખલ કરવામાં આવ્યું હતું. બાળકને પાંચ દિવસ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું, જ્યાં રિપોર્ટ કરાવતાં HMPV હોવાનું સામે આવ્યું હતું. અગાઉ કર્ણાટકમાં 3 અને 8 મહિનાનાં બે બાળકો સંક્રમિત થયાં હતાં.

ચીનમાં ફેલાયેલા કોરોના જેવા વાઈરસના કેસ હવે ભારતમાં જોવા મળી રહ્યા છે. આ વાઈરસનું નામ હ્યુમન મેટાન્યુમોવાઈરસ (HMPV) છે. ભારતમાં એક કેસ અમદાવાદમાં અને બે કેસ કર્ણાટકમાં જોવા મળ્યા છે. સંક્રમિતોમાં એક 2 મહિનાનું બાળક, 8 મહિનાનું બાળક અને 3 મહિનાની બાળકીનો સમાવેશ થાય છે.

HMPV વાઈરસને લઈને શિક્ષણ વિભાગ દ્વારા કોઈ ગાઈડલાઈન બનાવવામાં આવી નથી, પરંતુ અમદાવાદ અને રાજકોટની કેટલીક સ્કૂલોએ જાતે જ અગમચેતીના ભાગરૂપે સ્કૂલ માટે ગાઈડલાઈન બનાવી છે, જેમાં શરદી, ખાંસી કે તાવ જેવાં લક્ષણો હોય તે વિદ્યાર્થીને સ્કૂલે ના આવવા જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્કૂલમાં કોઈ વિદ્યાર્થીમાં લક્ષણ જણાય તો તેનેઘરે મોકલી દેવામાં આવે છે. સ્કૂલમાં પણ વિદ્યાર્થીઓને માસ્ક પહેરવા માટે અપીલ કરવામાં આવી રહી છે. HMPV વાઈરસની ભારતમાં એન્ટ્રી થઈ છે, જેમાં બેંગલુરુ અને ગુજરાતના અમદાવાદમાં કેસ નોંધાયા હતા.

---

## પરસ્ત્રી સાથે રહેતો પતિ રંગેહાથ ઝડપાયો

## પતિ ફ્લેટમાં અન્ય સ્ત્રી સાથે હતો ત્યારે પત્નીએ પહોંચી હોબાળો કર્યો

(એજન્સી) સુરત | તા.09

સુરત શહેરમાં પતિ, પત્ની અને વોનો કિસ્સો સામે આવ્યો છે. સુરત RTOમાં ફરજ બજાવતા એક ઈન્સપેક્ટર પરિણીત હોવા છતા પોતાની પત્નીને મૂકી અન્ય સ્ત્રી સાથે રહેતો હોવાનો ફોરેસ્ટ અધિકારી પત્નીએ આક્ષેપ કર્યો છે. સુરતના ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કેશવનગરના એક ફ્લેટમાં ઈન્સપેક્ટર પતિ આજે એક યુવતી સાથે હતો ત્યારે જ પત્ની પોલીસને લઈ ત્યાં પહોંચી હતી અને હોબાળો મચાવ્યો હતો. પોલીસે પતિ અને તેની સાથે મળી આવેલી યુવતીને ઉમરા પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પરિણીતાએ પોતાના પતિ અને સાસરિયાઓ સામે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવવાની વાત કરી હતી. કેશવનગર વિસ્તારમાં પતિ, પત્ની અને વોના કિસ્સાના કારણે ભારે ચકચાર મચી હતી.

સુરત શહેરના કેશવનગર વિસ્તારમાં જે હોબાળો મચ્યો હતો તેમાં જે પતિ છે તે RTOમાં ઈન્સપેક્ટર તરીકે ફરજ બજાવે છે જ્યારે તેની પત્ની ફોરેસ્ટ વિભાગમાં અધિકારી છે. ઘરકંકાશના કારણે દંપતી અલગ અલગ રહેતા હોવાનું સામે આવ્યું છે. તેની વચ્ચે આજે પત્નીએ કેશવનગર વિસ્તારના એક ફ્લેટમાં યુવતી સાથે રહેલા તેના પતિને રંગેહાથ ઝડપી પાડ્યો હતો અને હોબાળો મચાવ્યો હતો. સુરતના એક ફ્લેટમાંથી પતિને અન્ય યુવતી સાથે રંગેહાથ ઝડપી પાડ્યાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

## ચાર દિવસથી શાળાને તાળાબંધી: તરગોળ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પાસે શૌચાલય સાફ કરાવવા તેમજ મજૂરી કરાવવા મુદ્દે શાળાના આચાર્યને હટાવી લેવાયા

છોટા ઉદેપુર | બોડેલી તાલુકાના તરગોળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પાસે શૌચાલય સાફ કરાવતા તેમજ મજૂરી કામ કરાવતા હોવાનો વીડિયો વાઈરલ થતાં ગ્રામજનોએ સોંદર્થી શાળાને તાળાબંધી કરી હતી. જેને લઈને જવાબદાર આચાર્યને જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આચાર્યને હ્યાવિને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ખસેડી લેવાયા છે.

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના તરગોળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પાસે શૌચાલય સાફ કરાવતા હોવાનો તેમજ મજૂરીકામ કરાવતા હોવાનો વીડિયો શનિવારે વાઈરલ થયો હતો. જેને લઈને ગ્રામજનોએ વિરોધ નોંધાવતા સોમવારે તાળાબંધી કરી હતી.ત્યારે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા હતા. તપાસ રિપોર્ટ આવ્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તરગોળ શાળાના આચાર્ય ભાવના મકવાણાને હટાવીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે મૂકી દેવામાં આવ્યા છે અને શાકના આચાર્યનો ચાર્જ અન્ય શિક્ષકને સોપી દેવામાં આવ્યો છે.

મહત્વની વાત એ છે છોટા ઉદેપુર જિલ્લાનું શિક્ષણ વિભાગ હંમેશા કોઈને કોઈ વિવાદમાં રહે છે.

## 2014 પછી પ્રથમ વખત તાપમાન 7.3 ડિગ્રી નોંધાયુ, નલિયામાં માત્ર 3 ડિગ્રી તાપમાન, 5 દિવસ આકરી ઠંડી રહેશે...

# રાજકોટમાં ઠંડી નવો રેકોર્ડ સર્જે તેવી શક્યતા

અમદાવાદ | ઉત્તરના બર્ફિલા પવનો સક્રિય થવાના કારણે ગુજરાતમાં કડકડતી ઠંડીનું મોજું ફરી વળ્યું છે. કચ્છમાં છેલ્લા બે દિવસથી આકરી ઠંડી અનુભવાઈ રહી છે. ભુજના નલિયામાં તો તાપમાનનો પારો માત્ર 3 ડિગ્રી પર પહોંચી ગયો છે. તો રાજકોટમાં ઠંડીએ ભુક્કા બોલાવ્યાં છે. છેલ્લા દશ વર્ષમાં પહેલી વખત લઘુત્તમ તાપમાન 7.3 ડિગ્રીએ પહોંચ્યું છે. જો હજુ ઠંડીમાં વધારો થશે તો 2014નો રેકોર્ડ તૂટે શકે છે. હાલમાં સૌરાષ્ટ્ર-કચ્છની હાડ થીજાવતી ઠંડીથી લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર આગામી 48 કલાક રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. તેનું મુખ્ય કારણ છે કે, ઉત્તર ભારતના વિસ્તારોમાં એક મજબૂત વેસ્ટન ડિસ્ટર્બન્સ અસર કરશે, જેને કારણે ગુજરાતમાં આગામી 48 કલાક દરમિયાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થશે. ત્યારબાદના દિવસોમાં ફરી એક વખત તાપમાનમાં ઘટાડો આવીને ઠંડીનો અનુભવ થશે. આ ઉપરાંત ગુજરાત ઉપર ગતરોજ સુધી ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો ફૂકાઈ રહ્યા હતા. જ્યારે આજથી પૂર્વ અને દક્ષિણ પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા છે, જેથી બર્ફીલા પવનને બદલે બંગાળ તરફથી પવનો આવશે. જેથી તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત આજે અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતાઓ છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, વર્ષ 2025માં ઉત્તરાણનો તહેવાર સારો રહેશે. કારણ કે, આ દિવસે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન પાસે આ સાથે જ ઠંડીનું પ્રમાણ પણ યથાવત રહેવાની સંભાવના છે. તદુપરાંત પવનની ગતિ 10થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેશે, જે પતંગરસિકો માટે પતંગ ઉડાવવા અનુકૂળ પવનની ગતિ છે



### રાજકોટમાં દાયકાનો સૌથી ઠંડો દિવસ

રાજકોટ શહેરમાં બુધવારની સવાર આકરી ઠંડી સાથે શરૂ થઈ હતી. ન્યૂનતમ તાપમાન 7.3 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, જે સામાન્ય કરતા 5 ડિગ્રી સેલ્સિયસ જેટલું ઓછું છે. જ્યારે મહત્તમ તાપમાન સામાન્ય રહેતા બપોર સુધી ઠંડીમાં રાહત હતી જોકે સાંજના સમયે ફરી ઠાર પડતા પારો 19 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયો હતો. આ સાથે રાજકોટ સૌથી ઠંડું શહેર બન્યું છે. બીજી તરફ રાજ્યમાં સૌથી ઠંડું મથક દર વખતની જેમ નલિયા રહ્યું છે, જ્યારે તાપમાન 3 ડિગ્રી નોંધાયું છે.

### તાપમાનનો નવો રેકોર્ડ બને તેવી શક્યતા

રાજકોટમાં સિઝનનું સૌથી ઓછું 7 ડિગ્રી તાપમાન નોંધાયું છે. છેલ્લે 2014માં 1 જાન્યુઆરીએ તાપમાન 6 ડિગ્રી નોંધાયું હતું, જે છેલ્લા 10 વર્ષનો રેકોર્ડ છે. ત્યારબાદ 2020માં 7.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું અને હવે 7.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. છેલ્લા એક મહિનાથી રાજકોટમાં જે રીતે ઠાર પડી રહ્યો છે તે જોતા આ વર્ષે ન્યૂનતમ તાપમાનનો નવો રેકોર્ડ બને તેવી શક્યતા છે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, કચ્છમાં છેલ્લા બે દિવસથી કડકડતી ઠંડી અનુભવાઇ રહી છે. બુધવારે નલિયામાં પારો ગગડીને 3 ડિગ્રીએ પહોંચતાં મોસમનો સૌથી તીવ્ર ઠાર અનુભવાયો હતો. કંડલા એરપોર્ટ મથક 8.1 ડિગ્રીએ રાજ્યમાં ત્રીજા ક્રમે ઠર્યું હતું તો ભુજમાં પારો 9.2 ડિગ્રી થતાં ચાલુ શિયાળે સાથે પ્રથમવાર ઠંડી એક આંકે પહોંચી હતી.

## વધુ બે બોગસ ડોક્ટરો ઝડપાયા : પાટણ SOG પોલીસે પાલડી ગામેથી વધુ બે બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યા

(એજન્સી) પાટણ | તા. 09

પાટણ જિલ્લામાંથી એસઓજી પોલીસે બીમાર લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં વધુ બે બોગસ ડોક્ટરને પાલડી ગામે થી ઈન્જેકશનો,દવાઓ,મેડીકલ સાધનો મળી કુલ કિ.રૂ 26હજાર ના વધુ મુદ્દામાલ સાથે જપ્ત કરી બન્ને બોગસ ડોકટરો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પાટણ એસ ઓ જી પોલીસ સરસ્વતિ નદીનો પુલ,પાટણ પાસે આવતા બાતમી હકીકત મળેલ કે ભરવાડ પંકજ પોપટભાઈ રહે. પાટણવાળો પાલડી ગામે ગ્રામ પંચાયતની સામે આવેલ ઓરડીઓમાં કોઈ પણ જાતની ડોકટરની ડીગ્રી મેળવ્યા સિવાય અને લાયસન્સ ધરાવતા નહીં હોવા છતાં દવાખાનુ ચલાવે છે.

અને બીમાર લોકોને તપાસી દવા તથા ઈંજેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થય સાથે બેદરકારી ભર્યુ કૃત્ય કરી તેમના પર ગે.કા. મેડીકલ પ્રેક્ટીસ કરી દવા તથા સાધનો દ્વારા બિમાર વ્યક્તિઓને પોતે ડોકટર નહિ હોવા છતાંયે તપાસી છેતરપીંડી કરી ઈન્જેકશનો, દવાઓ,મેડીકલ સાધનો મળી કુલ કિ.રૂ 15638 નો મુદ્દામાલ સાથે અને મનસુરી અરમાન રહીમભાઈ રહે પાટણવાળો પાલડી ગામે બસ સ્ટેશનની બાજુમાં આવેલ ઓરડીમાં ડીગ્રી વગર પેક્ટિસ કરતો ઈસમ




ને ઈન્જેકશનો, દવાઓ,મેડીકલ સાધનો મળી કુલ કિ. રૂ.11,474,91નો મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાર્યવાહી કરી છે. એસ ઓ જી પોલીસે એન.એસ-2023ની કલમ-319 તથા મેડીકલ પ્રેક્ટીસનર એક્ટ કલમ 30 મુજબનો ગુન્હો કરેલ હોય તેના સામે ગુન્હો સરસ્વતિ પો.સ્ટે ખાતે નોંધી વધુ તપાસ સરસ્વતી પોલીસ ચલાવી રહી છે.

## ઈસ્માઈલનગર બ્રિજથી સામરખા ચોકડી સુધીના માર્ગ પરના ગેરકાયદેસર કાચા-પાકા દબાણો દૂર કરાયાં, હાઈસ્કૂલની દિવાલ પણ તોડી પડાઇ

# આણંદમાં ગેરકાયદેસર દબાણોનો સફાયો

(એજન્સી) આણંદ | તા. 09

આણંદ નગરપાલિકા, મહાનગરપાલિકામાં પરિવર્તિત થતાની સાથે જ આણંદ શહેર અને તેની આસપાસના માર્ગોને દબાણ મુક્ત અને ટ્રાફિક મુક્ત કરવાની કામગીરી જીલ્લા વહીવટીતંત્ર દ્વારા તેજ ગતિએ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે આજરોજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આણંદ શહેર ના ઈસ્માઈલનગર ઓવર બ્રિજથી સામરખા ચોકડી સુધીના માર્ગની બંને સાઈડે ગેરકાયદેસર રીતે ખડકાયેલા કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યાં છે.

આણંદ શહેરના ઈસ્માઈલનગર થી સામરખા ચોકડી રોડ ઉપર છેલ્લાં ઘણાં સમયથી ગેરકાયદેસર કાચા-પાકા દબાણો ઉભા કરી દેવામાં આવ્યાં હતાં. જેને પગલે આ મુખ્ય માર્ગ પર અવારનવાર ટ્રાફિકજામ સર્જાતો હતો અને વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડતી હતી. જેને ધ્યાનમાં રાખી માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ વિસ્તારના તમામ દબાણકર્તાઓને નોટીસ પાઠવવામાં આવી હતી. જે બાદ આજરોજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રાખીને માર્ગ અને મકાન વિભાગ તેમજ આણંદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા આણંદ શહેરના ઈસ્માઈલનગર ઓવર બ્રિજથી સામરખા ચોકડી સુધીના માર્ગની બંને સાઈડે ગેરકાયદેસર રીતે ખડકાયેલા કાચા-પાકા દબાણો દૂર કરવામાં આવ્યાં છે.



### 7 જે.સી.બી, 7 ટ્રેક્ટર અને 2 ક્રેનની મદદથી દબાણો હટાવાયા

આ અંગે માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જીગર પટેલ જણાવે છે કે, આજે આણંદ-ભાલેજ રોડ રાજ્ય ધોરીમાર્ગ પર ગેરકાયદેસર દબાણોથી ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી જેને ધ્યાનમાં રાખી 140 જેટલા દબાણ કર્તાઓને નોટીસ આપી, સ્વેચ્છાએ દબાણો દૂર કરવાની તક આપવામાં આવી હતી. જે પૈકી ઘણા ખરા દબાણ કર્તાઓએ સ્વેચ્છાએ દબાણ હટાવી લીધાં હતાં. ત્યારે, બાકી રહેલા દબાણો હટાવવા માટેની આજે કામગીરી કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગનો સ્ટાફ, આણંદ મહાનગરપાલિકાનો સ્ટાફ, મામલતદાર ઓફિસ તેમજ પોલીસ સ્ટાફ સહિત 100 થી વધુનો સ્ટાફ તૈનાત છે. 7 જે.સી.બી, 7 ટ્રેક્ટર અને 2 ક્રેનની મદદથી ગેરકાયદેસર દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

## ખેરગામમાં ચાની લારી ઉપર ત્રણ માથાભારે શખ્સોએ યુવાનને ઢોરમાર માર્યો

# 'સામે કેમ જુએ છે' કહી યુવકને ઢીબી નાખ્યો'

(એજન્સી) નવસારી | તા. 09

આજકાલ યુવાનો નાની અમથી વાતથી ઉશ્કેરાઈ જઈને મારા મારી પર ઉતરી આવતા હોય છે, ક્યારેક તેનું પરિણામ ગંભીર આવે છે. આવી જ કંઈક ઘટના બની છે નવસારી જિલ્લાના ખેરગામ વિસ્તારમાં જ્યાં એક યુવાન ચા ની લારી ઉપર ચાની મજા માડી રહ્યો હતો ત્યારે ત્રણ જેટલા યુવાનો હોય ત્યાં આવી મારી સામે કેમ જુએ છે એ વાતમાં યુવાનને માર મારવાની શરૂઆત કરી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.

ખેરગામ તાલુકાના દાદરી ફળિયામાં રહેતો 20 વર્ષીય મેહુલ વિજયભાઈ રાઠોડ બાલાજી વેફર કંપનીમાં કર્મચારી છે,ગઈકાલે સાંજે 8:30 વાગે ધરમપુર રોડ પર આવેલી શિવનેરી ચા ની દુકાન ઉપર ચાની મજા માણી રહ્યો હતો તે દરમિયાન ત્રણ માથાભરેલ યુવાન સ્મિત પટેલ, મોહિત પટેલ અને આર્યન પટેલ ત્યાં જમવા માટે આવ્યા હતા જ્યાં તેમણે મેહુલને જોતા જ બાઈક યું ટર્ન લઈને પાછા શિવનેરી ચા પર આવ્યા હતા અને ઉતરીને સીધા મેહુલ રાઠોડ પર તૂટી પડ્યા હતા. અમારી સામે કેમ જુએ છે તેવું કહી ત્રણેય માથાભારે યુવાનોએ મેહુલને માર મારવાની શરૂઆત કરી હતી, આ સમગ્ર ઘટના દુકાન ઉપર લાગાવેલા CCTV માં કેદ થવા પામી છે, માર મારી ત્રણેય યુવાનો ત્યાંથી નાસી ગયા હતા.




ત્યારબાદ મેહુલ રાઠોડએ સમગ્ર ઘટનાને લઈને ખેરગામ પોલીસ મથકમાં ત્રણેય વિરુદ્ધ ફરિયાદ કરી છે જોકે હજુ સુધી ત્રણેય ની ધરપકડ થવા પામી નથી

ખેરગામ પોલીસ મથકના HC ભરત પટેલ કેસની તપાસ કરતા ભરતભાઈ પટેલ સાથે વાત કરતા એમણે જણાવ્યું કે ઘટના ગઈ કાલની છે એટલે અત્યારે પંચનામુ કરીને ફરિયાદીના નિવેદન નોંધ્યા બાદ ત્રણેયની ધરપકડ કરવા અંગે કાર્યવાહી કરીશું.

## મોરબીમાં ગોડાઉનમાંથી પ્રતિબંધિત 408 નંગ ચાઈનીઝ ફીરકી સાથે દુકાનદારની ધરપકડ

(એજન્સી) મોરબી | તા. 09

ચાઈનીઝ ફીરકીના વેચાણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં પણ જુદી જુદી જગ્યા ઉપર ચાઈનીઝ ફીરકીનું વેચાણ થતું હોય તેવું છેલ્લા દિવસોમાં સામે આવ્યું છે. તેવામાં મોરબીના મોટાભાગના છૂટક વેપારીઓને ચાઈનીઝ ફીરકીનો માલ પૂરો પાડનારા વેપારીના ગોડાઉનમાં રેડ કરવામાં આવી હતી. ત્યારે ત્યાં સ્થળ ઉપરથી 408 નંગ ચાઈનીઝ ફિરકી મળી આવી હતી. જેથી કરીને 2,65,200ની કિંમતના મુદ્દામાલ સાથે પતંગ દોરાના હોલસેલના વેપારીની ધરપકડ કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ગુજરાતની અંદર ચાઈનીઝ દોરીનો ઉપયોગ મકરસંક્રાંતિ દરમિયાન કરવામાં આવે તેના કારણે અબોલ પક્ષી, વાહન ચાલકો સહિતના લોકોને શારીરિક નુકસાન થતું હોય અને ઘણી વખત મૃત્યુના બનાવો પણ બને એવી ઘટનાઓ અગાઉ બની ચૂકી છે. જેથી સરકાર દ્વારા ચાઈનીઝ ફીરકીના વેચાણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે અને તેને લાગતું જાહેરનામું મોરબી જિલ્લામાં કલેક્ટર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. તેમ છતાં પણ છેલ્લા દિવસોમાં મોરબી શહેર અને જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં સ્થાનિક પોલીસ દ્વારા પતંગ દોરાના વેપારીઓને ત્યાં ચેક કરવામાં આવતા ત્યાંથી ચાઈનીઝ ફીરકીઓ મળી આવી હતી.

## ઉમરગામમાં 17 વર્ષીય સગીરાનું અપહરણ કરાયાની પરિવારે ફરિયાદ નોંધાવી

(એજન્સી) વલસાડ | તા. 09

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં રહેતા એક મધ્યમ વર્ગીય પરિવાર રહે છે. 17 વર્ષીય સગીરાની માતાની તબિયત લથડતા સગીરાને ઘરે મુકીની નજીકમાં આવેલા દવાખાનામાં દવા લેવા ગયા હતા. જે બાદ સગીરાની માતા દવાખાનેથી પરત ફરી ત્યારે સગીરા ઘરે ન મળી આવતા સગીરાની માતાએ પરિવારના સભ્યોને ઘટનાની જાણ કરી હતી. આજુબાજુના વિસ્તારમાં સગીરાની શોધખોળ હાથ ધરી હતી. સગીરા ક્યાંય મળી ન આવતા આજે ઉમરગામ પોલીસ મથકે સગીરાની માતાએ સગીરાના અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં એક મધ્યમ વર્ગીય પરિવાર રહે છે. આ મધ્યમ વર્ગીય પરિવારની 17 વર્ષીય સગીરા અસ્મિતા (ઓળખ છૂપાવવા માટે પાત્રનું નામ બદલ્યું છે) સાથે પરિવાર રહે છે. સગીરાની માતાની તબિયત બગડતા અસ્મિતાને ઘરે રહેવા જણાવી નજીકના દવાખાને દવા લેવા માટે ગયા હતા. ત્યારે અસ્મિતા ઘરે એકલી જ હતી સગીરાની માતા દવા લઈને ઘરે પરત ફરી ત્યારે અસ્મિતા ઘરમાં જોવા મળી ન હતી. જેથી સગીરાની માતાએ આજુબાજુના વિસ્તારોમાં સગીરાની શોધખોળ હાથ ધરી હતી.

### વરસામેડીની ખાનગી કંપનીએ ૪.૯૩ કરોડનું લાકડું ખરીદી તેની સામે બાકી નીકળતી રકમ ન ચૂકવી

# ગાંધીધામના વેપારી સાથે બે કરોડ રૂપિયાની ઠગાઇ

ગાંધીધામ | તા.09

ગાંધીધામ રહેતા લાકડાનાં વેપારી સાથે અંજારનાં વરસામેડી સીમમાં આવેલી ખાનગી કંપનીએ ૨.૯૧ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડયો હતો. જેમાં દિલ્હી રહેતા ખાનગી કંપનીનાં ડાયરેક્ટર પતિ - પત્નીએ ફરિયાદીની લાકડાની કંપનીમાંથી કુલ ૪.૯૩ કરોડ રૂપિયાનો લાકડું ખરીદયો હતો જેની સામે કુલ ૨.૯૨ કરોડ રૂપિયા ચૂકવી આપ્યા હતા અને બાકી નીકળતા વેપારીનાં બે કરોડ રૂપિયા ન ચૂકવી તેમના સાથે છેતરપિંડી આચરી હતી. જેથી વેપારીએ કંપનીનાં ડાયરેક્ટર પતિ - પત્ની અને તેમના બે મેનેજર સહિત કુલ ચાર વિરુદ્ધ પોલીસ ચોપડે ગુનો નોંધાવ્યો હતો.



ગાંધીધામનાં વોર્ડ - ૭બી ગુરુકુળમાં રહેતા ૫૨ વર્ષીય રાજેન્દ્રભાઈ ગિરધરભાઈ વિઠલાણીએ ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદી ગાંધીધામનાં મીઠીરોહર ગામની સીમમાં આવેલી કમલેશ સેલ્સ કોર્પોરેશન નામની લાકડાની કંપની ચલાવે છે. જેમાં ફરિયાદીની કંપનીએ અંજારનાં વરસામેડી સીમમાં આવેલી નામધારી ટીમ્બર પ્રાઈવેટ લિમિટેડ અને વી વી વુડ એલ એલ પી નાં ડાયરેક્ટ આરોપી વઝીરસિંગ મનજીતસિંગ તેમજ તેમની પત્ની હરમીતકૌરને ૧ એપ્રિલ ૨૦૨૨ થી ૧ માર્ચ ૨૦૨૩ દરમિયાન ફરિયાદીની કંપની સાથે કરેલા હાઈસીઝ એલ એગ્રીમેન્ટ તેમજ લોકલ સેલ માટે ઈમ્પોર્ટન્ટ વુડ લાકડું જેની કિંમત રૂ. ૪,૯૩,૩૯,૩૯૩ણો મુદ્દામાલ ખરીદયો હતો. જેની સામે આરોપીએ ફરિયાદીને કુલ રૂ. ૨,૯૨,૪૭,૮૭૯ ચૂકવી આપ્યા હતા. જ્યારે બાકીનાં રૂ. ૨,૦૦,૯૧,૮૧૪ રૂપિયા આરોપીની કંપનીએ ફરિયાદીને ન ચૂકવી તેમના સાથે ઠગાઈ કરી હતી. જેથી ફરિયાદીએ નામધારી ટીમ્બર પ્રા. લી તેમજ વી. વી. વુડ એલ એલ પીનાં ડાયરેક્ટર વઝીરસિંગ મંજીતસિંગ તેમજ તેમની પત્ની હરમીતકૌરે (રહે. બન્ને દિલ્હી) તેમજ કંપનીનાં મેનેજર ઠાકર ભાઈ (રહે. ગાંધીધામ) અને કંપનીનાં દિલ્હી ઓફિસનાં મેનેજર સોનુભાઈ વિરુદ્ધ ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



# શહેરમાં 12.06 ડિગ્રી સાથે કાતિલ ઠંડીમાં લોકો ઠુંઠવાયા

ભાવનગર | તા.09

ઉત્તર પૂર્વિય દિશામાંથી ફૂંકાઈ રહેલા ટાઢાબોળ પવનને કારણે ભાવનગરમાં છેલ્લા બે દિવસથી કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. હાડથીજાવતી ઠંડીથી લોકો ઠુંઠવાયા છે. ત્યારે હજુ ૪૮ કલાક સુધી ભાવેણાંવાસીઓને ઠંડીમાં કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાતી નથી. વર્ષ ૨૦૨૫ના પ્રથમ સપ્તાહમાં ઠંડી ગાયબ રહ્યાં બાદ છેલ્લા બે દિવસથી ટાઢોબોળ પવન ફૂંકાવાના કારણે ઠંડીનું જોર વધ્યું છે. તેમાં પણ રાત્રિના સમયે ધ્રુજાવતી ઠંડી રહેતા ૧૬મી ડિસેમ્બર બાદ પ્રથમ વખત રાતનું તાપમાન ૧૨.૦૬ ડિગ્રી સેલ્સિયસ નીચું નોંધાયું છે. રાત્રે શહેરની તુલનામાં ગ્રામ્ય અને ખુલ્લા વિસ્તારોમાં કાતિલ ઠંડીની અસર વર્તાઈ હતી. હાઈવે ઉપર બાઈકસવાર વાહનચાલકો રીતસરના ધ્રુજતા જોવા મળ્યા હતા. તો ઠંડીના સામ્રાજ્યના પગલે વૃદ્ધો અને બાળકોની હાલત કફોડી બની હતી. હજુ ૪૮ કલાક સુધી હાડથીજાવતી ઠંડીનું જોર યથાવત રહેશે. ત્યારબાદ બે-ત્રણ ડિગ્રી તાપમાન ઉપર જશે તેવું હવામાન વિભાગ જણાવી રહ્યું છે. જેથી ભાવેણાંવાસીઓએ આગામી બે દિવસ કાતિલ ઠંડીનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. રાત્રિ બાદ દિવસે પણ ઠંડીનું વર્ચસ્વ જોવા મળ્યું હતું. ગઈકાલની તુલનામાં આજે પવનની ઝડપ સવારે ૦૬ કિ.મી. અને બપોરે ૧૪ કિ.મી. પ્રતિકલાકની રહી હતી. તેમ છતાં જાણે કે, લોકો કાશ્મીરમાં હોય તેમ ઘર-ઓફિસોની અંદર પણ ઠંડીથી બચી શક્યા ન હતા. ઠંડીના પગલે ગઈકાલ મંગળવારની જેમ આજે બુધવારે મહત્તમ તાપમાન ૨૫.૭ ડિગ્રીએ સ્થિર રહ્યું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૮૦ ટકા અને બપોરે ૩૭ ટકા નોંધાયું હતું. વધુમાં છેલ્લે ૧૬મી ડિસેમ્બરે ભાવનગરમાં ઠંડીનો પારો રેકોર્ડબ્રેક ૧૨.૨ ડિગ્રી રહ્યો હતો. ત્યારબાદથી લઈ શિયાળાની અત્યાર સુધીની સિઝનમાં આજે ૧૨.૬ ડિગ્રી સાથે લઘુતમ તાપમાન તેના ન્યૂનત્તમ સ્તરે પહોંચ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં રાતનું તાપમાન ૦.૮ ડિગ્રી નીચે રહ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થયો નથી.

## મોતીપુરા ગામના યુવાનનું પતંગની દોરીથી ગળુ કપાયું

કઠલાલ| કઠલાલ તાલુકાના મોતીપુરા ગામનો યુવક બાઈક ચાલકને પતંગની દોરી ગળામાં આવી ગઈ હતી અને યુવકને ગળામાં ગંભીર ઈજા થતા સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. કઠલાલાના મોતીપુરા ગામનો મહેશકુમાર રાઠોડ બાઈક લઈને ગત રોજ સાંજના સમયે પસાર થઈ રહ્યો હતો. ત્યારે પતંગની ધારદાર દોરી યુવાનના ગળામાં આવી ગઈ હતી. ગળામાં ગંભીર ઈજા થતા તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર માટે ખસેડાયો હતો. મહેશકુમાર રાઠોડને વધુ સારવારની જરૂર જણાતા અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો અને યુવકની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

# પૂર્વ કચ્છમાં માત્ર 2 દિવસમાં જ ખનીજ ચોરી કરતાં વાહનો સહિત 2.50 કરોડનો મુદ્દામાલ ઝડપાયો

ગાંધીધામ | તા.09

પૂર્વ કચ્છ ખાણ ખનીજ ખાતા દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે અને સરપ્રાઈજ ચેકીંગ કરી જપ્ત કરવા સહિતની કામગીરી કરવામાં આવતા ખનીજ ચોરી કરી રહેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે ત્યારે પૂર્વ કચ્છ ખનીજ ખાતા દ્વારા તબક્કાવાર કામગીરી કરી લાકડીયા-ઓડીસર રોડથી લઈ અને મીઠીરોહર તથા અંજાર તથા મુન્દ્રાના સિરાચા સુધી કાર્યવાહી કરવામાં આવી છે.

આ બાબતે મળતી વિગતો મુજબ પૂર્વ કચ્છ ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાી એન.એ. પટેલ અને તેમની ટીમ દ્વારા પૂર્વ કચ્છ જિલ્લામાં જુદા જુદા સ્થળે તપાસ દરમિયાન ૭ ડમ્પર જપ્ત કરવામા આવ્યા છે. ગત તા.૭-૧-૨૫ ના રોજ આડેસર દરમિયાન ચાઈનાકલે ખનીજના બિન-અધિકૃત વહન કરતા ૩ ડમ્પર જપ્ત કરવામા આવ્યા છે અને એક ડમ્પર બ્લેકટ્રેપ ખનીજના બિન-અધિકૃત વહન બદલ જપ્ત કરવામાં આવ્યા છે. તેમજ મીઠીરોહર પાસેથી એક ડમ્પર મોરમ ખનીજ ના બિન-અધિકૃત વહન બદલ જમા કરવામા આવ્યો છે. ગત તા.૯-૧-૨૫ ના મુન્દ્રા તાલુકાના સીરાચા પાસેથી સાદી રેતીના બિન-અધિકૃત વહન બદલ ૧ ડમ્પર અને અંજાર તાલુકા માંથી એક ડમ્પર બિન-અધિકૃત ખનિજ વહનમા જપ્ત કરવામા આવ્યો છે. આમ ટીમ દ્વારા સતત ચેકિંગ હાથ ધરતા ૭ ડમ્પર જપ્ત કરી ૨.૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું.



# શહેરના વિવિધ સ્થળેથી ચોરી કરેલા મોબાઈલ સાથે 4 શખ્સ ઝડપાયા

ભાવનગર | તા.09

ભાવનગરમાંથી ચોરી કરેલા મોબાઈલ સાથે ચાર શખ્સને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે ચાર મોબાઈલ મળી રૂ.૨૮ હજારનો મુદ્દામાલ કબજે લીધો. બનાવની પ્રાપ્ત થતી વિગત અનુસાર ભાવનગર પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ભાવનગર શહેર વિસ્તારમાં ખાનગી વાહનમાં મિલ્કત સંબંધી ગુન્હાઓનાં શકદારોની તપાસમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમિયાન અલગ અલગ સ્થળેથી નીલરાજ ઉર્ફે એન.કે. કનુભાઈ વાઘેલા (ઉ.વ.૨૪ રહે.ફલેટ નં.૪૦૧, શારદા ફલેટ, સ્વપ્ન સાકાર સોસાયટી, આખલોલ જકાતનાકા પાસે, ભાવનગર ),આશિષ ભરતભાઈ સાટીયા (ઉ.વ.૨૨ રહે. દરબારી ગૌશાળા, કાળીયાબીડ, ભાવનગર ),ઈલ્યાસ ઉર્ફે ઈલુ યુનુસભાઈ ગોરી ( ઉ.વ.૩૪ રહે. રૂમ નં.૩૨૦ પાછળ, ગુ.હા.બોર્ડ, કુંભારવાડા, ભાવનગર) તથા દર્શન ભનુભાઈ નૈયા ( ઉ.વ.૩૪ રહે.પ્લોટ નં.૨૦૬,મીરાંનગર, ચિત્રા-સીદસર રોડ,ભાવનગર )ને ચાર મોબાઈલ મળી કુલ રૂ.૨૮,૪૯૯ નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.આમ ભાવનગરના નિલમબાગ, ઘોઘા રોડ તથા બોરતળાવ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ મોબાઈલ ચોરીના ભેદ ઉકેલાયા હતા.

### જીએસટી નંબર મેળવી લઈ તેના આધારે અન્ય પાર્ટી સાથે ખોટા વ્યવહાર કર્યાનું પણ ખુલ્યું

# જામનગરના બ્રાસપાર્ટના વેપારી સાથે શહેરના જ શખ્સ દ્વારા 13 લાખની ઠગાઇ

જામનગર | તા.09

જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા અને બ્રાસપાર્ટના ભંગારની લેતી દેતીનું કામ સંભાળતા બ્રાસપાર્ટના એક વેપારીએ પોતાની સાથે રૂપિયા ૧૩ લાખની છેતરપિંડી કરવા અંગે જામનગરના જ શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોતાની પાસેથી બ્રાસનો ભંગાર ખરીદ કર્યા પછી અડધી રકમ ચૂકવીને બાકીની રકમનો ત્રાહિત વ્યક્તિનો ખોટો ચેક આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. ઉપરાંત તેની પેઢીના જીએસટી નંબર અને બિલનો દૂરઉપયોગ કરી અન્ય પેઢી સાથે પણ બ્રાસપાર્ટના ભંગારની લેતી દેતી ના ખોટા વ્યવહાર કરવા અંગેનું સામે આવ્યું છે. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના વતની તેમજ જામનગરના ઉદ્યોગ નગરમાં મોદી મેટલ્સ નામની બ્રાસની પેઢી ચલાવતા અંતિમભાઈ ઠાકોરદાસ મોદીએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં પોતાની સાથે રૂપિયા ૧૩ લાખ થી વધુની છેતરપિંડી કરવા અંગે જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતા સાગર કારૂભાઈ નંદાણીયા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ગત જુન માસ દરમિયાન ફરિયાદી અંતિમભાઈ પાસે આરોપી સાગરે બ્રાસ નો ભંગાર ખરીદ કરવા માટે આવ્યો હતો, અને તેણે આશરે ૨૫૦૦ કિલો જેટલો બ્રાસનો ભંગાર ખરીદ કર્યો હતો, અને તે પૈકી અડધી રકમ આપી હતી. જ્યારે બાકીની ૧૩ લાખ જેવી રકમ ચૂકવવાની બાકી રાખી હતી. જેના બદલામાં તેણે એક ચેક આપ્યો હતો. જે ચેક અંગે ખરાઈ કરતાં ઉપરોક્ત ચેક અન્ય કોઈ વ્યક્તિનો હતો. જેમાં તેણે પોતાની ખોટી સહી કરી હતી. ઉપરોક્ત ચેક બોગસ છે તે અંગે સાગર નંદાણીયા ને જાણ કરી હતી, અને તેની પાસેથી બાકી રોકાતી રકમ અંગે અનેક વખત માંગણી કરી હતી, તેમ છતાં પૈસા આપ્યા ન હતા.

# ગઢડાના ગાળા ગામ પાસેથી દારૂ ભરેલી કાર સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર | તા.09

ગઢડાના ગાળા ગામ નજીકથી વિદેશી દારૂ ઉપર રહેલી કાર સાથે એક શખ્સને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો હતો જ્યારે કારમાં સવાર અન્ય એક શખ્સ અંધારાનો લાભ લઈ નાસી છૂટયો હતો. બનાવની વિગત એવી છે કે, બોટાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે,આલકુ રાણીંગભાઈ ગોવાળીયા (રહે.ગાળા ) તુરખા ગામ તરફથી સફેદ કલરની સ્વીફ્ટ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને ગાળા ગામે આવનાર છે. જે બાતમી આધારે એલસીબીની ટીમ ગાળા જવાના રસ્તે વોચમાં હતા. તે દરમ્યાન આવી રહેલી કાર નંબર જીજે ૧૮ બીએસ ૫૨૯૭ ને શંકાના આધારે અટકાવી હતી.જો કે, પોલીસને જોઈ કારમાં ચાલકની બાજુમાં બેઠેલ શખ્સ અંધારાનો લાભ લઈ નાસી છૂટયો હતો. જયારે, પોલીસે કાર ચાલક શ્રવણ બાબુલાલ ભાદુ (બિશ્નોઈ) (ઉ.વ. ૧૮ રહે. બાસલા તા.સેડવા થાણા ,ધોરીમના જી.બાડમેર) ને કારમાંથી ઉતારી કારની તલાશી લીધી હતી. જેમાં વદેશી દારૂની ૩૦૬ બોટલ કિંમત રૂ.૯૧,૮૦૦ મળી આવતા પોલીસે કારચાલક પ્રપ્રાંતિય શખ્સને દારૂ, કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૨,૯૪,૮૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

### પલટી ગયેલી કારનો વીડિયો ઉતારવા બાબતે

# આણંદ જિલ્લા ભાજપ મહામંત્રીએ યુવકને ધમકી આપ્યાની SPને અરજી

નડિયાદ | તા.09

મહુધાના બારૈયાની મુવાડીમાં રહેતા યુવકે તા.૨૦ ડિસેમ્બરે ખાત્રજ ચોકડીથી ડાકોર વચ્ચે એક પલટી ગયેલી કારમાં દારૂની બોટલો હોવાથી વીડિયો ઉતાર્યો હતો. બીજા દિવસે એક શખ્સે તેને ફોન કરી પોતે આણંદ જિલ્લા ભાજપનો મહામંત્રી હોવાનું જણાવી ધમકી આપી હતી. આ અંગે યુવકે મહુધા પોલીસ મથકે અરજી કરી હતી. પરંતુ ત્યાં શખ્સ સાથે સમાધાન કરવા દબાણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે યુવકે જિલ્લા પોલીસ વડાને અરજી કરી હતી. બારૈયાની મુવાડીમાં રહેતા સંજયભાઈ પર્વતભાઈ સોઢાએ જિલ્લા પોલીસ વડાને આપેલી અરજીમાં જણાવ્યું હતું કે, તા.૨૦ ડિસેમ્બરે તે ખાત્રજ ચોકડીથી ડાકોર જઈ રહ્યા હતા. ત્યારે રાત્રે એક કાર પલટી મારી ગઈ હતી. જેમાં દારૂની બોટલો હતી અને તેમાં બેઠેલો એક શખ્સ દારૂ પીધેલી હાલતમાં હતો. તે સમયે યુવકે વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું. તેમજ કારમાં સવાર એક યુવતીની મદદ કરી હતી. બીજા દિવસે યુવતીના મિત્રએ યુવકને ફોન કરી જણાવ્યું હતું કે, જો તું આ વીડિયો વાયરલ કરીશ તો હું તને પરેશાન કરી નાખીશ અને મારા મિત્રને જો કાંઈ થશે તો હું આણંદ જિલ્લાનો ભાજપનો મહામંત્રી છું, તારી પાછળ પડી જઈશ તેવી ધમકી આપી હતી. આ અંગે યુવકે મહુધા પોલીસ મથકે અરજી કરી હતી. ત્યાંથી સામાવાળા સાથે બેસી સમાધાન કરવા દબાણ કરવામાં આવ્યું હોવાના અને જો સમાધાન નહીં કરો તો તમારી વિરૂદ્ધ પણ એફઆઈઆર નોંધી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાના આક્ષેપ સાથે સંજય સોઢાએ જિલ્લા પોલીસ વડાને અરજી કરી હતી. તેમજ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી માંગ કરી હતી.



## ધુપ્પલ:નડિયાદ સિવિલ હૉસ્પિટલ રાતે રામ ભરોસે

નડિયાદ | તા.09

ખેડા જિલ્લામાં આવેલા સૌથી મોટા સિવિલ હોસ્પિટલ રાત્રિના સમયે રામ ભરોસે હોય તેવી સ્થિતી જોવા મળી હતી. મંગળવારે રાત્રિના 8.05 વાગ્યાના અરસામાં મુખ્ય ગેટથી લઈને એકપણ માળ ઉપર સિક્યુરીટી ગાર્ડ જોવા મળ્યા ન હતા. હોસ્પિટલમાં 150 થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે સિક્યુરિટી ગાર્ડની ગેરહાજરી આંખે ઉડીને વળગી હતી. નડિયાદ શહેરમાં આવેલી સિવિલ હોસ્પિટલ ખાતે દિવસ અને રાત્રિ દરમિયાન મોટી સંખ્યામાં દર્દીઓ આવતાં હોય છે. હોસ્પિટલની સુરક્ષાને લઈને તંત્ર ઘણું સતર્ક છે. અગાઉ ખાનગી કંપનીના સિક્યુરીટી ગાર્ડ સિવિલમાં સુરક્ષાની જવાબદારી સંભાળતા હતા. જોકે, થોડા સમય અગાઉ સિક્યુરિટીની આખી ટીમ બદલાઈ. મંગળવારે રાત્રે 8 વાગ્યાના અરસામાં સિવિલ હોસ્પિટલમાં મુખ્ય પ્રવેશદ્વાર, ટ્રોમા સેન્ટર તેમજ વોર્ડ તરફ જતાં દાદર પાસે અને એકપણ માળ ઉપર સિક્યુરીટી ગાર્ડ જોવા મળ્યા ન હતા. જોકે, શિફ્ટ બદલાવાને કારણે સિક્યુરિટી ગાર્ડ ગેરહાજર હશે તેવી શક્યતાને લઈને 20 મિનીટ સુધી રાહ જોયા બાદ પણ એકપણ ગાર્ડ જોવા મળ્યા ન હતા. ત્યારે સિવિલ હોસ્પિટલની સુરક્ષા સામે પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. હાલમાં સિવિલની સુરક્ષાની જવાબદારીનો અમદાવાદની એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ એજન્સી દ્વારા સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓની સલામતી માટે સિક્યોરિટી ગાર્ડને સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ, બહાર નીકળવાના ગેટ પાસે, સિવિલ હોસ્પિટલની પાછળ આવેલા ટીબી સેન્ટર પાસેના ગેટ સહિત અલગ અલગ પોઈન્ટ ઉપર ફરજ સોંપવામાં આવે છે.

### કપડવંજમાં અસંખ્ય દબાણો હોવાથી છેલ્લા 20 દિવસથી કાર્યવાહી જારી

# કાર્યવાહી:કપડવંજમાંથી 1 દુકાન, 8 કાચા મકાનો તોડી દબાણ દૂર કરાયું

નડિયાદ | તા.09

કપડવંજ શહેરમાં 20 દિવસથી સતત દબાણો દૂર કરવાની કામગીરી પાલિકા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જેમાં આ કામગીરીમાં મંગળવારે ફરી એક વાર પાલિકા તંત્ર દ્વારા માર્ગ પરના દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં આ કામગીરી દરમિયાન રત્નાકર માતા રોડ પર ધાર્મિક સ્થાન બહાર નગરપાલિકાએ બુલડોઝર ફેરવીને 8 કાચા મકાનો અને 1 દુકાનના દબાણો દૂર કર્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર કપડવંજ શહેરમાં છેલ્લા ઘણાય વર્ષોથી દબાણકારોએ રસ્તા પૈકીની જમીન પર ગેરકાયદેસર રીતે દબાણો કરી અડીંગો જમાવ્યો હતો. અગાઉ ઘણી વાર તંત્ર દ્વારા દબાણો દૂર કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતાં. પરંતુ તે દબાણો અગાઉ દૂર થઈ શક્યા ન હતા. આ વખતે કપડવંજ નગરપાલિકા અને સ્થાનિક પ્રશાસન તંત્ર દ્વારા તેમજ સ્થાનિક લોકોએ કરેલી વારંવાર અરજીઓને પરિણામે શહેરમાંથી સાગમટે દબાણો દૂર કરવાની કાર્યવાહી કપડવંજ નગરપાલિકા તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. 20 દિવસ ઉપરાંત ના સમયથી શહેરમાં દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે બુધવારે શહેરના રત્નાકર માતા રોડ ઉપર આવેલ અલી મસ્જિદ બહારના 8 કાચા મકાનો અને 1 દુકાન પર બુલડોઝર ફેરવી તેને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર આઠ કાચા મકાનોમાં રહેતા લોકોને અન્યત્ર સ્થળે પણ ખસેડી દેવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા અગાઉ આઠ મકાન અને એક દુકાનદારને નોટિસ આપી તેઓને કાચા મકાનો સ્વખર્ચે દૂર કરવા જણાવ્યું હતું. પરંતુ તેઓ માત્ર પોતાનો માલ સામાન લઈ ખસી ગયા હતા. મંગળવારે સ્થાનિક નગરપાલિકા તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દબાણો દૂર કરી દેવામાં આવ્યા હતા.



## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે.



**વૃષભ (બ,વ,ઉ)**
કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.



**મિથુન (ક,છ,ઘ)**
જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો.



**કર્ક (ડ,હ)**
પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.



**સિંહ (મ,ટ)**
દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો.



**કન્યા (પ,ઠ,ણ)**
વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. . વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.



**તુલા (ર,ત)**
આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.



**વૃશ્ચિક (ન,ય)**
રાજકીય ક્ષેત્રમાં આજે વૃશ્ચિક રાશિના જાતકોને આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો.



**ધન (ભ,ધ,ફ)**
આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.



**મકર (ખ,જ)**
આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે.



**કુંભ (ગ,શ,સ)**
આર્થિક પક્ષ આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશે. આવકના નવા સ્ત્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે.

## સુકન્યા સમૃદ્ધિ યોજના પર સરકારનો મોટો નિર્ણય

નવી દિલ્હી |દેશમાં છોકરીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે સરકાર સુકન્યા સમૃદ્ધિ નામની બચત યોજના ચલાવે છે. આમાં સરકાર સારું વ્યાજ આપે છે, જેની જાહેરાત તે દર ત્રણ મહિને કરે છે. હવે સરકારે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર માટે આ સ્કીમ માટે વ્યાજની જાહેરાત કરી છે. સરકારે તેની શરૂઆત વર્ષ 2015માં 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન હેઠળ કરી હતી. સુકન્યા સમૃદ્ધિ યોજનાનો ઉદ્દેશ્ય માતા-પિતાને તેમની પુત્રીઓ માટે નાણાં જમા કરાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. સરકારે જાન્યુઆરી 2025 થી માર્ચ 2025 માટે આ યોજનાનો વ્યાજ દર 8.2% રાખ્યો છે. સુકન્યા સમૃદ્ધિ યોજનામાં દર વર્ષે ઓછામાં ઓછા 250 રૂપિયા જમા કરાવવા જરૂરી છે.

### ઓક્ટોબર બાદ ભારતીય ઈક્વિટીમાં મોટું કરેક્શન આવતા રિટેલ રોકાણકારો નિરાશ

# શેરબજારમાંસતતગાબડાનેપરિણામેડિસેમ્બર ત્રિમાસિકમાં ડીમેટ ખાતાનો ઉમેરો મંદ પડયો

(એજન્સી) નવી દિલ્હી | તા.09

દેશના ઈક્વિટી સેકન્ડરી માર્કેટમાં ઓકટોબર મહિનાથી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જંગી વેચવાલી વચ્ચે બેન્ચમાર્ક ઈન્ડાઈસિસમાં પડેલા ગાબડાંને પરિણામે રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારોનું માનસ ખરડાયું છે જેની અસર નવા ડીમેટ ખાતાના ઉમેરા પર જોવા મળી રહી છે. ૨૦૨૪ના ડિસેમ્બર ત્રિમાસિકમાં કુલ ૯૭.૭૦ લાખ નવા ડીમેટ ખાતા ઉમેરાયા છે જે સપ્ટેમ્બર ત્રિમાસિકની સરખામણીએ ૨૬.૩૦ ટકા ઓછા છે અને છેલ્લા ચાર ત્રિમાસિકમાં સૌથી નીચો આંક છે, એમ પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૧.૩૨ કરોડ નવા ડીમેટ ખાતા ખૂલ્યા હતા. ડિસેમ્બરના અંતે કુલ ડીમેટ ખાતાની સંખ્યા ૧૮.૫૩ કરોડ રહી હતી, જે નવેમ્બરના અંતે ૧૮.૨૦ કરોડ ટન જોવા મળી હતી. ૨૦૨૪ના સંપૂર્ણ વર્ષમાં ડીમેટ ખાતામાં કુલ ૪.૬૦ કરોડનો ઉમેરો થયો છે, જે ૨૦૨૩ના આંકમાં ૩૩ ટકા વધારો થયો છે. ડિસેમ્બર ત્રિમાસિકમાં ભારતીય ઈક્વિટીસમાં મોટું કરેકશન જોવા મળ્યું હતું. બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ સેન્સેકસ ૭.૩૦ ટકા અને નિફટી ૮.૩૦ ટકા ઘટાડો થયો હતો, જે ૨૦૨૨ના જૂન ત્રિમાસિક બાદ સૌથી મોટો ત્રિમાસિક ઘટાડો રહ્યો હતો. અમેરિકામાં નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શાસનકાળ દરમિયાન ટેરિફ વોર ઉપરાંત વેપાર ખોરવાઈ જવાના ભયે ભારતીય ઈક્વિટીસમાં વેચવાલી આવી હતી. આ ઉપરાંત અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો ધીમો પડવાના સંકેતે પણ વિદેશી રોકાણકારોનુંમાનસ ખરડાવ્યું છે. ઘરઆંગણે કંપનીઓના નબળા પરિણામ તથા નબળી માગે પણ રોકાણકારોમાં નિરાશા ફેલાવી છે. દેશમાં અન્ય એસેટસની સરખામણીએ ઈક્વિટીસમાં સારુ વળતર મળી રહેતુ હોવાથી તાજેતરના વર્ષોમાં ડીમેટ ખાતા ખોલાવવાની સંખ્યામાં વધારો થતો જાય છે. સેકન્ડરી બજાર ઉપરાંત પ્રાઈમરી માર્કેટમાં પણ તેજીને પગલે રોકાણકારોનું આઈપીઓમાં પણ આકર્ષણ વધતું જાય છે. કોરોનાની મહામારી બાદ દેશમાં ડીમેટ ખાતાની સંખ્યામાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. ખાતા ખોલાવવામાં સરળતા વધી જતા રોકાણકારોનો ડીમેટ ખાતા ખોલાવવામાં પણ રસ વધી ગયાનું બજારના વર્તુળો માની રહ્યા છે. માર્ચ ૨૦૨૦માં ડીમેટ ખાતાની સંખ્યા જે ૪.૧૦ કરોડ હતી તે હાલમાં ચાર ગણાથી પણ વધુ જોવા મળી રહી છે.

# સોનાની આયાત ગણતરીમાં મોટો છબરડો નવેમ્બરની આયાત 53 ટન ઘટી

(એજન્સી) નવી દિલ્હી | તા.09

૨૦૨૪ના નવેમ્બર તથા જાન્યુઆરીની સોનાની આયાત અંદાજની ગણતરીમાં મોટો છબરડો બહાર આવ્યો છે અને સરકારે જારી કરેલા નવેસરના ડેટામાં આયાતમાં જંગી ઘટાડો જોવા મળ્યો છે. આ ઘટાડાને કારણે દેશની વેપાર ખાધના આંકડા પણ બદલાઈ જશે. ગત વર્ષના જાન્યુઆરીથી નવેમ્બરના ગાળા માટે સોનાની આયાત અંદાજના આંકડામાં સરકારે જોરદાર ઘટાડો કર્યો છે. ઈતિહાસમાં કોઈ કોમોડિટીના આયાત અંદાજમાં આ પહેલી વખત આટલો મોટો સુધારો કરાયો છે. નવેમ્બરની સોનાની આયાતનો આંક મૂલ્યની દ્રષ્ટિએ જે અગાઉ ૧૪.૮૦ અબજ ડોલર મુકાયો હતો તેમાં પાંચ અબજ ડોલર ઘટાડી ૯.૮૪ અબજ ડોલર કરાયો છે. નવેમ્બરની ગોલ્ડની આયાત જે અગાઉ ૧૭૦ ટન મુકાઈ હતી તે હવે ઘટાડી ૧૧૭ ટન કરાઈ છે. જુલાઈમાં ગણતરીની પદ્ધતિ બદલાતા વેરહાઉસમાં આવેલા સોનાનું કાઉન્ટિંગ બે વખત થઈ જતા આ છબરડો થયાનું ચર્ચાઈ રહ્યું છે. જાન્યુઆરીથી નવેમ્બરના ગાળા માટે આયાત અંદાજ જે પહેલા ૭૯૬ ટન મુકાયા હતા તે ૧૩૨ ટન ઘટાડી હવે ૬૬૪ ટન મુકાયો છે. ડબલ કાઉન્ટિંગને કારણે અગાઉ મોટા આંક આવી પડયા હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. ઓકટોબરમાં સોનાનું આયાત મૂલ્ય ૭.૧૩ અબજ ડોલર રહ્યું હતું ત્યારે નવેમ્બરના ઊંચા આંક સામે બજારમાં આશ્ચર્ય ફેલાયું હતું.



આયાત આંકમાં સુધારો આવી પડતા દેશની એકંદર વેપાર ખાધમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળશે એમ સરકારી સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. ૨૦૨૪ના પ્રથમ અગિયાર મહિનામાં સોનાનું એકંદર આયાત બિલ હવે ૪૭ અબજ ડોલર થવા જાય છે, જે સંપૂર્ણ ૨૦૨૩માં જોવા મળેલા ૪૨.૬૦ અબજ ડોલર કરતા ઘણું વધુ છે. અગાઉ જ્યારે ડેટા જાહેર કરાયા હતા ત્યારે ઊંચી આયાત માટે સોનાની માગમાં વધારો તથા રિઝર્વ બેન્ક દ્વારા ખરીદીમાં વૃદ્ધિને કારણભૂત ગણાવાઈ હતી. ગયા વર્ષના બજેટમાં સોના પરની આયાત ડયૂટી ૧૫ ટકા પરથી ઘટાડી છ ટકા કરાતા અને ભૌગોલિકરાજકીય તાણને કારણે સોનામાં રોકાણ વધી રહ્યાનું પણ જણાવાતું હતું. વિશ્વમાં ભારત સોનાનો બીજો મોટો વપરાશકાર દેશ છેઅને ઘરઆંગણે માગને પહોંચી વળવા તેણે આયાત પર નિર્ભર રહેવું પડે છે. સામાન્ય રીતે ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં દશેરા-દિવાળીના તહેવારો તથા લગ્નસરાની મોસમ પડતી હોવાથી આ ગાળામાં દેશમાં સોનાની માગ ઊંચી રહે છે. ભારતની ગોલ્ડ આયાત મોટેભાગે સ્વિત્ઝરલેન્ડ, યુએઈ, આફ્રિકાના દેશો તથા પેરુ ખાતેથી થાય છે. ૨૦૨૪ના વર્ષમાં ભારતમાં ઈક્વિટી કરતા ગોલ્ડના રોકાણ પર સારુ વળતર મળ્યું હતું. ગયા વર્ષે સોના પર ૨૭ ટકા વળતર છૂટયું હતું.

# Xiaomi India દ્વારા રેડમી 14C 5G લોન્ચ કરવામાં આવ્યું

(એજન્સી) અમદાવાદ | તા.09

દેશની સૌથી વિશ્વસનીય સ્માર્ટફોન X AIoT બ્રાન્ડ, શાઓમી ઈન્ડિયાએ આજે રેડમી 14C 5G ની વૈશ્વિક લોન્ચની જાહેરાત કરી છે, આ બજેટ સ્માર્ટફોન સેગમેન્ટમાં ફરીથી નવીનતા લાવે છે. આ ફોનમાં અદ્યતન સુવિધાઓ, સીમલેસ પર્ફોર્મન્સ અને અત્યંત ફાસ્ટ 5G કનેક્ટિવિટી સાથે, રેડમી 14C 5G ભારતીય ગ્રાહકોની વધતી જતી જરૂરિયાતોને પૂર્ણ કરવામાં આવી છે. રેડમી 14C 5G નું લોન્ચિંગ રેડમી




Note 14 5G સિરીઝની નોંધપાત્ર સફળતા દ્વારા પૂરક છે, અને ભારતમાં માત્ર બે અઠવાડિયામાં જ આવકમાં 1000 કરોડ સાથે એક અવિશ્વસનીય સીમાચિહ્ન મેળવ્યું છે અને આ રકમ તેના ગ્રાહકોના અતૂટ વિશ્વાસ અને પ્રેમની સાબિતી છે.રેડમી 14C 5G નવીનતા સાથે સુવિધા આપે છે. તેમાં 17.5 સેમી (6.88-ઈંચ) HD+ ડોટ ડ્રોપ ડિસ્પ્લે જેમાં 600 nits ની ટોચની બ્રાઈટનેસ પણ છે, જે વાઈબ્રન્ટ અને ઈમર્સિવ વિઝ્યુઅલ દર્શાવે છે પછી ભલે તે સ્ટ્રીમિંગ, ગેમિંગ અથવા બ્રાઉઝિંગ હોય. સ્નેપડ્રેગન 4 જનરેશન2 5G પ્રોસેસર દ્વારા સંચાલિત, 4nm આર્કિટેક્ચર સાથેનું આ ઉપકરણ તેના શ્રેષ્ઠ કાર્યક્ષમતા અને પ્રદર્શનની ગેરંટી આપે છે. 12GB RAM (6GB + 6GB એક્સ્પાંડેબલ) અને 128GB UFS 2.2 સ્ટોરેજ સાથે, તે મલ્ટિટાસ્કિંગ, ગેમિંગ અને એપ્લિકેશન નેવિગેશન માટે સરળતાથી કામ કરે છે. આ સાથે તેમાં માઈક્રોએસડી કાર્ડ સ્લોટ 1TB સુધી વધુ સ્ટોરેજને સપોર્ટ કરે છે.

### ૨૦૨૫માં આવક વધવાની અપેક્ષા ૫ ભારતીયમાંથી ફક્ત એકને

# 45 ટકા પરિવારોને 2025માં બચતમાં 25% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા

(એજન્સી) નવી દિલ્હી | તા.09

તાજેતરમાં શરૂ થયેલા ૨૦૨૫ના વર્ષમાં ફક્ત ૨૪% અથવા દરેક ૫ ભારતીયોમાંથી ૧ જ તેમની ઘરગથ્થુ આવકમાં વધારો થવાની અપેક્ષા રાખે છે. જ્યારે ૪૫ ટકા પરિવારોને નવા કેલેન્ડર વર્ષમાં બચતમાં ૨૫% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા છે તેમ તાજેતરમાં જાહેર કરાયેલા એક સર્વેમાં દર્શાવવામાં આવ્યું છે. ૧૬,૧૧૧ વ્યક્તિઓના પ્રતિભાવો પર આધારિત લોકલસર્કલ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં ૨૦૨૫માં તેમની ઘરગથ્થુ બચત વિશે પૂછવામાં આવતા, માત્ર ૨૭% લોકોએ કહ્યું કે તેઓ તેમની બચતમાં વધારો થવાની અપેક્ષા રાખે છે. બીજી બાજુ, સર્વેમાં સામેલ ૪૫% પરિવારો આ કેલેન્ડર વર્ષમાં બચતમાં ૨૫% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. મોટાભાગના ઘરોમાં આવક વૃદ્ધિનો અભાવ, સતત ઊંચા ખાદ્ય ફુગાવા સાથે,



ભારતીયોએ ૨૦૨૪ માં વિવેકાધીન ખર્ચમાં ઘટાડો કર્યો છે, રિટેલરોએ ઈલેક્ટ્રોનિક્સ, ઘરેલું ઉપકરણો અને વ્યક્તિગત વાહનોના વેચાણમાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ નોંધાવી છે. ભારતીય પરિવારો નવા કેલેન્ડર વર્ષમાં પણ ફુગાવામાં વધુ વધારો થવાની અપેક્ષા રાખે છે જ્યારે નબળા સેન્ટિમેન્ટને કારણે ગ્રાહક વિશ્વાસમાં ઘટાડો થયો છે, એમ રિઝર્વ બેંકના નવેમ્બરમાં થયેલા ભવિષ્યલક્ષી સર્વેક્ષણો દર્શાવે છે. ઘરગથ્થુ ફુગાવાની અપેક્ષાઓના સર્વેક્ષણ દર્શાવે છે કે ઉત્તરદાતાઓનો થોડો મોટો હિસ્સો સપ્ટેમ્બર ૨૦૨૪ના રાઉન્ડની તુલનામાં ભાવ અને ફુગાવામાં વધારો થવાની અપેક્ષા રાખે છે.

વર્તમાન ફુગાવા અંગે ઘરગથ્થુઓની સરેરાશ ધારણા ૩૦ બેસિસ પોઈન્ટ વધીને ૮.૪% થઈ છે, જે સપ્ટેમ્બરમાં ૮.૧% હતી.

# ક્રૂડતેલ ઉછળી 78 ડૉલર નજીક પહોંચ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.09

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી ધીમી ગતિએ આગળ વધી હતી. વિશ્વ બજારના સમાચાર જો કે કિંમતી ધાતુઓના ભાવમાં ઉછાળે ફંડોની વેચવાલી બતાવતા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ઈન્ડેક્સ ઉંચકાતાંસ વૈશ્વિક સોનામાં ઉછાળે વેચવાલી વધ્યાની ચર્ચા હતા. દરમિયાન, ઘરઆંગણે કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ફરી ઉછળતાં તેની અસર ઝવેરી બજાર પર પોઝીટીવ પડી હતી. ડોલરના ભાવ વધી ઉંચામાં રૂ.૮૫.૮૬ સુધી પહોંચ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૨૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૭૯૭૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૯૯૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૯૦૫૦૦ બોલાઈ રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૬૫૧થી ૨૬૫૨ વાળા ઉંચામાં ૨૬૫૫ તથા નીચામાં ૨૬૪૫ થઈ ૨૬૪૯થી ૨૬૫૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૦.૨૭થી ૩૦.૨૮ વાળા નીચામાં ૨૯.૯૯ થઈ ૩૦.૦૭થી ૩૦.૦૮ ડોલર રહ્યા હતા. અમેરિકામાં ક્રૂડતેલનો સ્ટોક ૪૦થી ૪૧ લાખ બેરલ્સ ઘટયો હોવાનું અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટીટયુટે જણાવ્યું હતું. વિશ્વ બજારમાં ભાવ ઉંચકાયા હતા. વૈશ્વિક બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૬.૯૨ વાળા ઉંચામાં ૭૭.૮૯ થઈ ૭૭.૨૭ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૭૪.૦૭ વાળા ઉંચામાં ૭૫.૨૯થઈ ૭૪.૬૪ ડોલર રહ્યા હતા. વૈસ્વિક કોપરના ભાવ આજે ૦.૪૩ ટકા ઘટયા હતા.

### બિડ/ઓફર 15 જાન્યુઆરી, 2025ના રોજ બંધ થશે

# લક્ષ્મી ડેન્ટલ લિમિટેડનો આઈપીઓ 13 જાન્યુઆરી, 2025ના રોજ ખૂલશે



(એજન્સી) અમદાવાદ | તા.09

લક્ષ્મી ડેન્ટલ લિમિટેડ ("LDL" or "The Company") સોમવાર, 13 જાન્યુઆરી, 2025ના રોજ ઈક્વિટી શેરના તેના આઈપીઓના સંદર્ભમાં બિડ/ઓફર સમયગાળો ખોલશે.ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 407થી રૂ. 428 રાખવામાં આવ્યો છે (the "Price Band"). બિડ્સ લઘુતમ 33 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 33 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે (The "Bid Lot"). ઈક્વિટી શેર્સ (પ્રત્યેક રૂ. 2ની ફેસ વેલ્યુના)ની કુલ ઓફર સાઈઝમાં રૂ. 1,380 મિલિયન સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યૂ તથા વેચાણકર્તા શેરધારકો દ્વારા 1,30,85,467 સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફર ("Offer for Sale") નો સમાવેશ થાય છે ("Total Offer Size"). કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી કુલ આવકનો નીચે મુજબ ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે (1) કંપની દ્વારા મેળવવામાં આવેલા ચોક્કસ બાકી દેવાની સંપૂર્ણ અથવા અંશતઃ પૂર્વચૂકવણી કે ચૂકવણી જેનું મૂલ્ય અંદાજે રૂ. 229.84 મિલિયન (રૂ. 22.98 કરોડ) છે (2) ચોક્કસ બાકી દેવાની સંપૂર્ણ કે આંશિક રીતે પૂર્વચૂકવણી કે ચૂકવણી માટે ચોક્કસ પેટાકંપનીઓમાં રોકાણ જેનું મૂલ્ય અંદાજે રૂ. 46 મિલિયન (રૂ. 4.60 કરોડ) છે (3) કંપની માટે નવી મશીનરીની ખરીદી માટે જરૂરી મૂડી ખર્ચના ફંડિંગ માટે જેનું મૂલ્ય રૂ. 435.07 મિલિયન (રૂ. 43.51 કરોડ) જેટલું છે (4) નવી મશીનરીની ખરીદી માટે મૂડી ખર્ચની જરૂરિયાતો માટે પેટા કંપની બિઝડેન્ટ ડિવાઈસીસ પ્રાઈવેટ લિમિટેડમાં રોકાણ જેનું મૂલ્ય અંદાજે રૂ. 250.04 મિલિયન (રૂ. 25 કરોડ) જેટલું છે અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે.

# મર્સિડીઝ-બેન્ઝે ભારતમાં તેના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ હાંસલ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.09

મર્સિડીઝ-બેન્ઝ 'મોસ્ટ ડિઝાયર' લક્ઝરી કાર બ્રાન્ડ છે, જેણે 1994થી ભારતમાં 200,000 લક્ઝરી કાર વેચી છે, જે યુવા ભારતીય ગ્રાહકોની ઈચ્છાને ઓપ આપે છે. છેલ્લા 100,000 યુનિટ્સ ફક્ત 6 વર્ષ (2019-2024)માં આવ્યા હતા, જે ભારતીયોમાં મર્સિડીઝ-બેન્ઝ રાખવાની વધતી જતી આકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે, જે પહેલા કરતાં ઘણું વધુ છે. ભારતમાં મર્સિડીઝ-બેન્ઝની વ્યૂહરચના 'ડિઝાયર ટુ એક્સીડ' બની રહેલી છે, જે બેજોડ ગ્રાહક અનુભવો, નવી પ્રોડક્ટ ઈનોવેશન તેમજ ગ્રાહક સેવા અને બીઈવી ચાર્જિંગ માટે વિસ્તૃત લક્ઝરી નેટવર્ક પહોંચ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જાન્યુઆરી-ડિસેમ્બર 2024ના સમયગાળામાં 19,565 યુનિટનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ વેચાણ (જાન્યુઆરી-ડિસેમ્બર 2023: 17,408 યુનિટ, +12.4%); H2 2024 (જુલાઈ-ડિસેમ્બર 24)માં 16%ની મજબૂત વૃદ્ધિ. ટોપ-એન્ડ વ્હીકલ (ટીઈવી)ના વેચાણમાં 30% આ વર્ષે આજની તારીખ સુધીની વૃદ્ધિ સાથે સૌથી ઝડપી વધારો થયો | 2024માં ભારતમાં વેચાયેલી 4 મર્સિડીઝ-બેન્ઝમાંથી 1 ટીઈવી હતી. 94%ની વર્ષની અત્યાર સુધીની વૃદ્ધિ અને 6%થી વધુ વેચાણ પ્રવેશ સાથે અત્યાર સુધીનું શ્રેષ્ઠ બીઈવી (બેટરી ઈવી) વેચાણ. મર્સિડીઝ-બેન્ઝ 2024માં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ બીઈવી વેચતા લક્ઝરી ઈવી બજારમાં આગળ છે. 2025માં 8 નવા મોડેલ લૉન્ચ કરવામાં આવશે, જેમાં મોટાભાગના બીઈવી અને ટીઈવી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેથી ગ્રાહકોને નવીનતમ પ્રોડક્ટ્સ અને અત્યાધુનિક ટેકનોલોજી ઓફરિંગથી ઉત્સાહિત કરી શકાય.2025માં 20 નવા લક્ઝરી આઉટલેટ્સની યોજના સાથે 2025માં લક્ઝરી નેટવર્કની પહોંચમાં વધારો




કરવામાં આવશે. ફ્રેન્ચાઈઝ પાર્ટનર્સ દ્વારા ત્રણ વર્ષમાં 450 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ. ટીઈવી પર ધ્યાન કેન્દ્રિત કારથી આગળ વધ્યું છે: મેબેક કલેક્શન આઈટમ વેચવા માટે સમર્પિત સ્ટોર્સ માટે ભાગીદારી - પહેલો સ્ટોર બેંગલુરૂમાં ખુલી રહ્યો છે. ટાટા ક્લિક લક્ઝરી સાથે સહયોગ: મર્સિડીઝ-બેન્ઝ ઈન્ડિયાએ ટાટા ક્લિક લક્ઝરી સાથે જોડાણ કર્યું હોવાથી મર્સિડીઝ-બેન્ઝના શોખીનો હવે સરળતાથી 'સ્ટાર' ખરીદી/ભેટ આપી શકે છે, જે 'હાઉસ ઓફ મર્સિડીઝ-બેન્ઝ' હેઠળ ઓનલાઈન વિશિષ્ટ મર્સિડીઝ-બેન્ઝ કલેક્શન વસ્તુઓની રજૂઆત કરે છે. મર્સિડીઝ-બેન્ઝે ભારતમાં 200,000 'સ્ટાર્સ'ના સીમાચિહ્નને ચિહ્નિત કરવા માટે કોર્પોરેટ સિટિઝનશીપ પહેલની જાહેરાત કરી છે. કંપની હૈદરાબાદમાં 'સમૃદ્ધિ મહામાર્ગ' અને 'નિઝામાબાદ કોરિડોર'ને વધુ સુરક્ષિત બનાવવા માટે રોડ સેફ્ટી પહેલ માટે 75 મિલિયનનું ભંડોળ આપવાની પ્રતિબદ્ધતા ધરાવે છે. મર્સિડીઝ-બેન્ઝ તેના અમલીકરણ ભાગીદાર સાથે આ હાઈવે પર માર્ગ અકસ્માતો અને મૃત્યુ ઘટાડવા પર કામ કરી રહી છે. મર્સિડીઝ-બેન્ઝે ભારતીય રસ્તાઓ પર 200,000 'સ્ટાર્સ'ની ઉજવણી માટે એક નવું રિટેલ અભિયાન પણ શરૂ કર્યું છે. હાલના ગ્રાહકોને વિશિષ્ટ ઈવેન્ટ્સ માટે આમંત્રણ આપવામાં આવે છે, તો 2025ના પહેલા ત્રિમાસિકમાં એક ભાગ્યશાળી નવા ગ્રાહકને મોનાકોમાં પ્રખ્યાત એફ1 રેસ જોવાની તક મળે છે. મર્સિડીઝ-બેન્ઝ ફાઈનાન્શિયલ સર્વિસિસનો પોર્ટફોલિયો 10,000 કરોડ રૂપિયાને પાર થયો | 2માંથી 1 કાર મર્સિડીઝ-બેન્ઝ ફાઈનાન્શિયલ સર્વિસિસ દ્વારા ફાઈનાન્સ કરવામાં આવે છે. 'ભારતમાં મર્સિડીઝ-બેન્ઝનું તેના ઈતિહાસમાં અત્યાર સુધીનું શ્રેષ્ઠ વેચાણ પ્રદર્શન, ભારતીય બજારમાં તેની બેજોડ લોકપ્રિયતાને દર્શાવે છે.

# એચડીએફસી સિક્યુરિટીઝની મ્યુચ્યુઅલ ફંડ એયુએમ રૂ. 25000 કરોડથી વધી

મુંબઈ | દેશની અગ્રણી બ્રોકિંગ અને એચડીએફસી બેન્કની પેટા કંપની એચડીએફસી સિક્યુરિટીઝની કુલ એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) રૂ. 25000 કરોડની સપાટી વટાવી ગઈ છે. આ નોંધનીય સફળતા કંપનીની શિસ્તબદ્ધ રોકાણ અને સતત બચતના માધ્યમથી તેના ગ્રાહકોના લાંબા ગાળાના નાણાકીય લક્ષ્યાંકો હાંસલ કરવાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. એચડીએફસી સિક્યુરિટીઝના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ધીરજ રેલ્લીએ જણાવ્યું હતું કે, "આ સફળતા હાંસલ કરવા બદલ અમે ઉત્સુક છીએ. અમે અમારા ગ્રાહકોનો અમારા પ્રત્યે વિશ્વાસ અને પ્રમાણિકતાને જાળવી રાખીશું. અમારુ યોગ્ય અને સચોટ માર્ગ પર ફોકસ કરવાની વૃતિએ શિસ્તબદ્ધ રોકાણ અને સતત બચતના અભિગમને સક્ષમ બનાવ્યું છે. જે અમારા ગ્રોથ અને સફળતામાં યોગદાન આપે છે. એચડીએફસી સિક્યુરિટીઝ મ્યુચ્યુઅલ ફંડ એયુએમમાં 40 ટકાથી વધુ ફાળો એસઆઈપીનો રહ્યો છે. એકંદરે ઈન્ડસ્ટ્રીની કુલ એયુએમમાં એસઆઈપીના 20 ટકા યોગદાન કરતાં વધું છે." એચડીએફસી સિક્યુરિટીઝના થર્ડ પાર્ટી પ્રોડક્ટ ડિસ્ટ્રિબ્યૂશનના હેડ શ્રી. એસ સંભથ કુમારે આ અંગે જણાવ્યું હતું કે, "સંપત્તિ સર્જન માટે ખાસ કરીને રિટેલ ગ્રાહકો માટે સૌથી શ્રેષ્ઠ માર્ગ એસઆઈપી છે. અમે ગર્વપૂર્વ જાહેર કરીએ છીએ કે, વોલેટાઈલ અને અનિશ્ચિત ઈક્વિટી માર્કેટમાં 8 લાખથી વધુ ગ્રાહકો દ્વારા આ અભિગમ અપનાવ્યો હતો. છેલ્લા આઠ વર્ષથી એચડીએફસી સિક્યુરિટીઝની ગ્રોથ વાર્તામાં એસઆઈપી અગ્રેસર રહ્યું છે. પરિણામે કંપનીની મ્યુચ્યુઅલ ફંડ એયુએમ 2016માં રૂ. 100 કરોડથી વધી હાલ રૂ. 25000 કરોડથી વધી છે. એચડીએફસી સિક્યુરિટીઝ છેલ્લા ત્રણ વર્ષમાં નવા એસઆઈપી રજિસ્ટ્રેશનમાં ટોચની પાંચ કંપનીઓ પૈકી એક રહી છે. જેના માટે વિવિધ સન્માન પણ મેળવ્યા છે." એચડીએફસી સિક્યોરિટીઝ તેના ગ્રાહકોને એસઆઈપી મારફત સંપત્તિ સર્જનની યાત્રા શરૂ કરવા માટે સક્રિયપણે પ્રોત્સાહિત કરી રહી છે.

# 2 ફ્રી શેર...100% ડિવિડન્ડ, 10 ટુકડાઓમાં પણ વિભાજીત થશે

(એજન્સી) નવી દિલ્હી | તા.09

નબળા બજારની સ્થિતિ વચ્ચે, સ્મોલ-કેપ સ્ટોક Pradhan Ltd ગઈકાલે 5% ની અપર સર્કિટ પર પહોંચી ગયો હતો. કંપનીના શેર 30.10 ના ઈન્ટ્રાડે ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા હતા. શેરમાં આ વધારા પાછળ એક મોટી જાહેરાત છે. સ્મોલ-કેપ શેરે જાહેરાત કરી છે કે તેના બોર્ડ સભ્યોએ 17 જાન્યુઆરી, 2025 ના રોજ સ્ટોક સ્પ્લિટ, 100 ટકા સુધીના ડિવિડન્ડ અને બોનસ શેર પર વિચાર કરવા માટે બોર્ડ મીટિંગનું આયોજન કર્યું છે. બોર્ડના સભ્યો 1:10 ના ગુણોત્તરમાં સ્ટોક વિભાજનનો વિચાર કરશે, જેનો અર્થ એ થાય કે, જો મંજૂર થાય, તો 10 ની ફેસ વેલ્યુવાળા દરેક ઈક્વિટી શેરને 1 ની ફેસ વેલ્યુવાળા 10 ઈક્વિટી શેરમાં વિભાજિત કરવામાં આવશે. આ સાથે કંપનીએ 2:1 બોનસ ઈશ્યૂનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આનો અર્થ એ થયો કે શેરના દરેક પાત્ર ઈક્વિટી શેરધારકને મંજૂરી પછી પ્રસ્તાવિત તારીખે રાખવામાં આવેલા દરેક શેર માટે બે બોનસ શેર મળશે. ઉત્પાદન કંપનીનું લક્ષ્ય શેરબજારમાં લિક્વીડિટી વધારવાનું છે. જેથી કંપનીએ 2:1 બોનસ ઈશ્યૂનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આનો અર્થ એ થયો કે શેરના દરેક પાત્ર ઈક્વિટી શેરધારકને મંજૂરી પછી પ્રસ્તાવિત તારીખે રાખવામાં આવેલા દરેક શેર માટે બે બોનસ શેર મળશે.

# ઓડિસ્સી ઈલેક્ટ્રિકે ઝિપ ઈલેક્ટ્રિકને 1500 ઈવી સ્કૂટર્સની ડિલિવરી કરીને ભારતમાં સક્ષમ મોબિલિટીને વધુ મજબૂત બનાવી

(એજન્સી) નવી દિલ્હી | તા.09

ભારતીય ટુ-વ્હીલર ઈલેક્ટ્રિક વેહિકલ (ઈવી) બ્રાન્ડ ઓડિસ્સી ઈલેક્ટ્રિક લાસ્ટ- માઈલ ડિલિવરી સર્વિસીસ પર કેન્દ્રિત પ્રસિદ્ધ ઈલેક્ટ્રિક વેહિકલ ફ્લીટ ઓપરેટર ઝિપ ઈલેક્ટ્રિકને 1500 ઈલેક્ટ્રિક સ્કૂટર્સની સફળતાથી ડિલિવરી કરી હોવાની ઘોષણા કરવામાં ગૌરવની લાગણી અનુભવે છે. આ માઈલસ્ટોન સક્ષમ પરિવહન સમાધાનનો વધતો સ્વીકાર અને બહેતર, સ્વચ્છ ભવિષ્ય પ્રત્યે યોગદાન આપવાની બંને સંસ્થાની સમાન કટિબદ્ધતા દર્શાવે છે.આમાં કંપનીએ ગયા મહિને ઘોષણા કરી હતી તે આગામી ત્રણ વર્ષમાં ઓડિસ્સી ઈલેક્ટ્રિકમાંથી 40,000 ઈલેક્ટ્રિક વેહિકલ્સની ડિલિવરી માટે ઓર્ડરનો સમાવેશ થાય છે અને આમાંથી 1500+ ઈવી સ્કૂટર્સની ડિલિવરી સાથે ઓડિસ્સી ઈલેક્ટ્રિક અને ઝિપ ઈલેક્ટ્રિક વચ્ચેનું જોડાણ શહેરી પરિવહનના કાર્બનના પ્રભાવને ઘટાડવાના સમાન



હેતુની શરૂઆત છે. ઓડિસ્સી ઈલેક્ટ્રિકના સીઈઓ શ્રી નેમિન વોરાએ જણાવ્યું હતું કે, 'દરેક ડિલિવરી કરાતા સ્કૂટર સાથે અમે સક્ષમ મોબિલિટીને મુખ્ય પ્રવાહની વાસ્તવિકતા બનાવવાની નજીક પહોંચી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે ઈલેક્ટ્રિક વાહનો શહેરી મોબિલિટીનું ભવિષ્ય આલેખિત કરે છે અને આ જોડાણ ભારતના પરિવહન વાતાવરણમાં હરિત સમાધાન માટે વધતી જરૂરતોને પ્રદર્શિત કરે છે. ઝિપ ઈલેક્ટ્રિક સાથે જોડાણ અત્યંત પરિપૂર્ણ છે અને અમે સક્ષમ લાસ્ટ- માઈલ ડિલિવરી સમાધાન ઓફર કરવાના તેમના લક્ષ્યને ટેકો આપવાનું ચાલુ રાખવા માટે રોમાંચિત છીએ. આ 1500+ ઈલેક્ટ્રિક સ્કૂટર્સનો પુરવઠો હજુ શરૂઆત છે અને અમને આશા છે કે ઈલેક્ટ્રિક વાહનોની માગણી વધશે તેમ અમારી અસરો વધુ વધશે.'' બંને કંપનીઓએ ભારતમાં સક્ષમ મોબિલિટીના ભવિષ્યને આકાર આપવા માટે એકત્ર કામ કરવાનું ચાલુ રાખ્યું છે ત્યારે આ 1500+ ઈલેક્ટ્રિક સ્કૂટર્સની ડિલિવરી શહેરી પરિવહનની કાર્બન ફૂટપ્રિંટ ઓછી કરવા અને વેપારો તેમ જ ગ્રાહકો માટે પણ પર્યાવરણ અનુકૂળ સમાધાનને પ્રમોટ કરવા માટે તેમના સમાન પ્રવાસમાં નોંધપાત્ર માઈલસ્ટોન છે.

### આ યોજના સંપૂર્ણપણે ઓનલાઈન છે

માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ (MSME) પ્રમોશન વિભાગના અગ્ર સચિવ આલોક કુમારે જણાવ્યું હતું.કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આ યોજનાને સંપૂર્ણપણે ઓનલાઈન લાગુ કરવા માંગે છે. તે મુજબ વિભાગે આ યોજનાને સંપૂર્ણપણે ઓનલાઈન કરી દીધી છે.ક્યાંય પિક એન્ડ ચુસ સિસ્ટમ નથી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-11

# ચૂંટણી પંચના ચાબખા




આપણી સ્વતંત્ર સંસ્થાઓ આપણા લોકતંત્રનો પાયો છે. જો સંસ્થાઓ જ સ્વતંત્ર નહીં રહે તો લોકતંત્ર ધરાશાયી થઈ જશે. આપણા નીતિ નિર્માતાઓએ બંધારણમાં આપણી સંસ્થાઓને એટલી અધિકારયુક્ત બનાવી કે કોઈપણ તેના કાર્યમાં હસ્તક્ષેપ કરવાની હિંમત ન કરે, પરંતુ થોડાં વર્ષોથી જોવા મળી રહ્યું છે કે આપણા રાજકીય પક્ષો છાશવારે પોતાના હિત સાધવા માટે લોકતાંત્રિક સંસ્થાઓને કઠેરામાં ઊભી કરે છે. હવે ચૂંટણી પંચને જ લઈએ. લાંબા અરસાથી પંચની કાર્યપ્રણાલી પર પ્રશ્નચિહ્ન લગાવવાની બાલિશ કોશિશ થઈ રહી છે. વિપક્ષ હારનું ઠીકરું ચૂંટણી પંચના માથે ફોડવા માગે છે. આ જ કારણ છે કે દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીના એલાન માટે બોલાવેલી પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય ચૂંટણી કમિશનર ચૂંટણી પર તો માંડ ૧૦ મિનિટ જ બોલ્યા, બાકી એક કલાક વીસ મિનિટ તેમણે ચૂંટણી પંચ પર લગાવાયેલ આરોપોનો જવાબ આપતાં ચાબખા માર્યા. તેમણે એ પણ કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવવા ખોટો ટ્રેન્ડ છે. તેનાથી યુવા મતદારો પર અસર પડે છે. સુપ્રીમ કોર્ટે પણ ઈવીએમ પર સવાલ ઉઠાવનારને ઝાટકી નાખ્યા છે. ચૂંટણીની તારીખથી ૭-૮ દિવસ પહેલાં એજન્ટ સામે સિમ્બોલ નાખવામાં આવે છે. મોક પોલની છૂટ હોય છે. બેટરી એ જ દિવસે નાખવામાં આવે છે અને સીલ થાય છે. ઈવીએમને એજન્ટ સામેલ સીલ લગાવવામાં આવે છે. પોલિંગ ડે પર સીલ તોડવામાં આવે છે. પોલિંગ સ્ટેશન પર સૌથી પહેલાં સિરિયલ નંબર ચેક કરાવવામાં આવે છે. એજન્ટો હાજર રહે છે, મોક પોલ થાય છે. પોલિંગ એજન્ટ આવનાર-જનારનો હિસાબ રાખે છે. પોલિંગ ખતમ થયા બાદ કેટલા વોટ પડ્યા, તેની સંખ્યા એજન્ટોને આપવામાં આવે છે. ઈવીએમને સ્ટોર રૂમમાં લાવવામાં આવે છે, તાળું મારી દેવામાં આવે છે. કાઉન્ટીંગના દિવસે સીલ તોડવામાં આવે છે. ફોર્મ-૭સી સાથે નંબર મેળવાય છે. નંબર મળે તો જ કાઉન્ટિંગ થાય છે. ૫ વીવીપેટની ગણતરી પણ કરી લેવાય છે. ત્યારબાદ પણ આરોપ લગાવવા ક્યાં યોગ્ય છે? ચૂંટણી પંચ પહેલેથી જ સ્પષ્ટ કરી ચૂક્યું છે કે ઈવીએમ હેક થઈ જ ન શકે. વાયરસ અને બગનો કોઈ સવાલ જ નથી. ઈવીએમ કાઉન્ટિંગ માટે ફૂલપ્રૂફ ડિવાઈસ છે. તેમ છતાં ઈવીએમ પર સવાલ ઉઠાવતા રહેવું કેટલું વાજબી છે? એ પણ ત્યારે, જ્યારે ચૂંટણી પંચે ખુલ્લી ચેલેન્જ આપી છે કે ઈવીએમ હેક કરી બતાવો! પણ કોઈ નથી કરી શક્યું! ચૂંટણી પંચે વોટિંગ સ્ટેશનનું રેકોર્ડિંગ જાહેર કરવા પર પણ જવાબ આપ્યો. તેણે કહ્યું કે પોલિંગ બૂથનું રેકોર્ડિંગ ન આપી શકાય. કારણ કે પારદર્શિતા ચૂંટણી પંચનો મૂળભૂત અધિકાર છે. એમ પણ એ માત્ર મતદારના પ્રોફાઈલ અને પ્રાઈવસી માટે છે. જેણે વોટ આપ્યો, ન આપ્યો, તેનો ચહેરો બધું સામે આવી જશે. હવે વિપક્ષે વિચારવું પડશે કે કેટલાં જૂઠાણાં ચલાવવાં છે? ક્યાંક તો અટકવું પડશે ને! ચૂંટણી પંચના સ્પષ્ટીકરણથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષોનો એ દાવો પણ મનઘડંત જ હતો કે મોટી સંખ્યામાં મતદારોનાં નામ કાપી નાખવામાં આવ્યાં.

# મોબાઈલમાં સાઈબર ક્રાઈમની જાગૃતિ માટે આવતી ટયુન ઈમરજન્સીમાં લોકો માટે જોખમી હોવાની બુમ

**અકસ્માત, આગ કે ગર્ભવતી મહિલાની ઈમરજન્સીમાં જો થોડીક ક્ષણ બગડે તો ક્યારેક જીવલેણ સાબિત થાય તેમ હોય આવી જાહેરાતો કે જાગૃતિ માટે ટેક્ષ્ટ મેસેજનો ઉપયોગ કરવો જોઈયે**

ભરત શાહ | નર્મદા

તાજેતરમાં મોબાઈલ કોલ કરતા ની સાથે જ સાઈબર ક્રાઈમ માટે લોકો ને સજાગ કરવા મોબાઈલ કોલ કરતી વેળા એક ટયુન વાગે છે અને ટ્યુન પૂરી થયા બાદ જેને કોલ કર્યો હોય તેની રીંગ વાગ્યા બાદ સામે વાળા ફોન ઉંચકતા હોય ત્યાં સુધી કોલ કરનાર વ્યક્તિ એ રાહ જોવી પડે છે જે ક્યારેક ઈમરજન્સી કેસ માં જોખમી હોવાની વાત હાલ નર્મદા જિલ્લામાં ચર્ચા મા છે.

જોકે આ સાઈબર ટયુન સાથે કેટલીકવાર સીમકાર્ડ કંપની ની રિચાર્જ પ્લાન ની જાહેરાત નો પણ ગ્રાહકો ને લોડ પડતો હોય છે આ બધી પ્રક્રિયા પૂરી થયા બાદ એક ગ્રાહક બીજા સાથે વાત કરી શકે છે માટે આ બાબત આ મોબાઈલ ના ઝડપી યુગ માં કંઈક લોકલ



ગતી ની જેમ લાગે છે. આમપણ જે તે જિલ્લાની પોલીસ સાઈબર જાગૃતિ માટે અનેક કાર્યક્રમો કરે છે જેમાં નર્મદા જિલ્લા પોલીસ પણ શાળા, કોલેજ સહિત અનેક ઠેકાણે આ માટે ના કાર્યક્રમો કરી લોકો ને જાગૃત કરવા પ્રયાસ કરે છે તો હવે મોબાઈલ મા આ વધારાનો લોડ કેમ અપાઈ છે તેવા સવાલ હાલ ઉઠ્યા છે. સરકાર ભલે લોક જાગૃતિ માટે સારી કામગીરી કરતી હોય પરંતુ મોબાઈલ એ આજની જરૂરિયાત થઈ ગઈ છે અને તેવામાં નર્મદા જિલ્લા ના અંતરિયાળ ગામો માં તો નેટવર્ક પણ માંડ મળતું હોય ત્યારે કોઈ ઈમરજન્સી માં આવી કનડગત મોબાઈલ ધરાવનાર વ્યક્તિ માટે જોખમી કહી શકાય.

અગત્યની બાબત તો એ છે કે નર્મદા જિલ્લાના કેટલાક અંતરિયાળ ગામોમાં નેટવર્ક પણ યોગ્ય નહી મળતા સ્થાનિક લોકો ડુંગર પર ચઢી કોલ કરતા હોય છે જેમાં ખાસ કરીને કોઈ અકસ્માત, આગ કે ગર્ભવતી મહિલા ની ઈમરજન્સી સમયે જો થોડીક ક્ષણ બગડે તો ક્યારેક જીવલેણ સાબિત થાય તેમ હોય આવી જાહેરાતો કે જાગૃતિ માટે ટેક્ષ્ટ મેસેજ નો ઉપયોગ કરવો જોઈયે.

**તસ્કરો બેફામ બન્યા... ચોરી કરી પલાયન થયાં**

# શીકા ગામમાં એક જ રાતમાં છ મકાનના તાળાં તૂટ્યાં



રાકેશ મહેતા | ધનસુરા

મળતી માહિતી મુજબ અરવલ્લી જિલ્લા ના ધનસુરા તાલુકાના શીકા મંગળવારની મધરાતે તસ્કરો ચોરી કરી ફરાર થઈ જવાની ઘટના સામે આવી છે, આ અંગે જાણવા મળ્યા મુજબ ગામનાં છ મકાનોને તસ્કરોએ નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો છે. શીકા ગામનાં રાઠોડ ફળિયામાં ચાર મકાન અને માતાવાળી ફળીમાં બે મકાન એમ કુલ મળી છ મકાનોના તાળા તોડી સોના ચાંદીના ઘરેણાં જેવી કિંમતી સામાનની ચોરી કરી તસ્કરો બેફામ ચોરી કરી પલાયન થાયછે સમગ્ર ઘટનાની જાણ સવારે આડોશ પાડોશમાં લોકોને જાણ થતાં પોલીસ સ્ટેશને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે, ત્યારે હવે જોવું રહ્યું કે બેફામ બનેલા તસ્કરો પોલીસના હાથે લાગે છે કે કેમ ? ગામડામાં સામાન્ય પરિવારમાં રહેતા લોકો પેટે પાટા બાંધી સંતાનોના પ્રસંગો માટે મૂળી એકઠી કરે અને બેફામ બનેલા તસ્કરો એક જ દિવસમાં જીવનભરની મૂડી લઈ રફુચક્કર થઈ જાય છે .આ અગાઉ ખેતરો માંથી મોટરો ચોરાયા ની ઘટના બનેલ છે ત્યારે ધનસુરા પોલિસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવે અને શીકા ચોકડી ખાતે આઉટ પોસ્ટ શરૂ કરવામાં માટે વર્ષો જૂની માંગણી છે ત્યારે હવે જોવું રહ્યું કે બેફામ બનેલા તસ્કરો પોલીસના સકંજામાં આવે છે કે પછી હોતા હે ચલતા હે.

# લુણાવાડા : જનરલ હોસ્પિટલમાં HMPV માટે 50 બેડનો વોર્ડ તૈયાર

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લાના લુણાવાડા જનરલ હોસ્પિટલમાં ઓક્સિજન સપ્લાય વાળો 50 બેડ નો વોર્ડ તૈયાર કરીને આરટીપીસીઆર લેબ તૈયાર કરવામાં આવી છે.

HMPV ની સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાતનું આરોગ્ય વિભાગ 17 ક બની જવા પામ્યું છે ત્યારે મહીસાગર જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા પણ અગમચેતીના ભાગરૂપે આગોતરું આયોજન કરીને સજ્જતા દાખવી દીધી છે અને તમામ સેવાઓ ઉપલબ્ધ કરી દેવામાં આવી છે જો સંક્રમણ વધુ ફેલાય અને પેશન્ટનો વધારો થઈ જાય તો પણ અહીં પૂરતી સારવારની સુવિધા



જિલ્લાનું આરોગ્ય વિભાગ સતર્ક

મળી રહેશે તેવું સૂત્રોના આધારે જાણવા મળે છે.

વધુમાં કીટ લેવા માટેની જે ખરીદી પ્રક્રિયા છે તેના માટે મિટિંગ બોલાવીને ખરીદીની શરૂઆત પણ કરી દેવામાં આવી છે સાથે પર્સનલ પ્રોટેક્ટ ઈક્વીમેન્ટ પણ જોઈએ જ. ઈન્ફેક્શન થાય તેના માટે કેપ, માસ્ક અને પ્રોટેક્શન તે બધું પણ હાલમાં ઉપલબ્ધ છે હાલમાં ડરનો માહોલ ફેલાવવાની કોઈ જરૂરિયાત નથી આગામી સમયમાં વધુ જરૂરિયાત જણાશે તો વધુ બેડની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવશે .

વધુમાં સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર ભામિની પંડિતે જણાવ્યું હતું કે જો સંક્રમણ વધુ ફેલાય અને વધારે દર્દીઓ આવે તો પણ પૂરતી સારવાર અને સુવિધા મળી રહેવા પામશે આ વાયરસ જુનો વાયરસ છે એનું નામ મેટાન્યુમો વાયરસ છે એના માટે આપની હોસ્પિટલમાં બધી જ તૈયારીઓ છે સાવતી થી એ જ આપણી સાવધાની છે.

### રાજા રજવાડાના સમયથી ચાલતો જાહેર રસ્તો તંત્ર દ્વારા હાલ બંધ કરવાની વાત

# તંત્રના તઘલઘી નિર્ણય સામે રોષ

ભરત શાહ | નર્મદા

રજવાડી નગરી રાજપીપળા માં પ્રજાના હીત માટે રાજા રજવાડા એ પોતાના મહેલો અને જમીનો દાનમાં આપી દીધા કે પ્રજાને કોઈ તકલીફ ના પડે જયારે આજના યુગમાં આધિકારીઓ ના તઘલઘી નિર્ણય થી પ્રજા પરેશાન થઈ રહી છે. રાજપીપળાના રાધાસ્વામી કમ્પાઉન્ડમાં રહેતા 50 થી વધુ પરિવારો અને હજારો સત્સંગી ભાઈઓ બહેનોને જવાનો માર્ગ બંધ કરવા તંત્ર ની હિલચાલ બાબતે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. રાજપીપલા માં 104 વર્ષ થી ચાલતો રાધાસ્વામી સંત્સંગ હોલ આવેલો છે. જ્યા રાજ્ય અને દેશભરના સત્સંગી ભાઈઓ બહેનો સત્સંગ માટે આવે છે. આ સત્સંગ હોલની આજુ આબાજુમાં આવેલી જમીનો માં મકાનો બનાવી 50 થી વધુ પરિવારો રહે છે. અને મુખ્ય એક રસ્તાથી જોડાઈ ને સીધા



આ RS કમ્પાઉન્ડમાં જવાનો 15 થી 20 ફુટ લાંબો એક માત્ર રસ્તો છે. ત્યારે વિકાસ ની વાતે તાજેતરમાં આ રસ્તો સરકારી જમીનમાં હોય જેને બંધ કરવા કલેક્ટર નર્મદા ની સૂચનાથી બંધ થવાની તૈયારી છે, ત્યારે મુખ્ય રસ્તો બંધ થઈ જતા આટલા બધા લોકો કેવી રીતે અવર જવર કરી શકશે એ ચિંતામાં લોકો મુકાઈ ગયા છે. અને ધારાસભ્ય, કલેક્ટર, પ્રાંત, પાલિકા ને આવેદન પત્ર આપી આ 100 વર્ષ થી વધુ સમયથી રસ્તો ખુલ્લો હોય એ ચાલુ રાખવા માંગ કરી રહ્યા છે.

***આ કમ્પાઉન્ડમાં 104 વર્ષ જુના રાધાસ્વામી સત્સંગ હોલ અને 50 થી વધુ પરિવારો રહે છે. જેમનો આવવા જવાનો એક માત્ર રસ્તો છે...***

## ચાણસ્મા | દારૂ જુગાર વરલી જેવી જાહેર માં ચાલતી અસામાજિક બદીઓ સંકલન સમિતિને ના દેખાઈ

નીતિન ઠાકર | ચાણસ્મા



રીક્ષા ચલાવી પેટીયું રળતા રીક્ષા ચાલકો દેખાયા ટ્રાફિક અડચણ રૂપ ના બહાના નીચે રીક્ષા ચાલકો ને હેરાન કરતા રીક્ષા ચાલકો એ રોશ વ્યક્ત કર્યો.

ચાણસ્મા બસ મથક આજુ બાજુ આડેધડ રીક્ષાઓ પાર્કિંગ કરવાની સમસ્યા અંગે ની સંકલન સમિતિ ની બેઠક માં રજૂઆત ના પગલે ચાણસ્મા પોલીસે ચિઠ્ઠી ના ચાકર ની જેમ રીક્ષા ચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ રીક્ષા ચાલકો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરતા રીક્ષા ચાલકો માં તંત્ર પ્રત્યે છૂપો રોષ જોવા મળી રહ્યો છે ત્યારે રીક્ષા ચાલકો તેમનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે ચાણસ્મા નગર માં છેલ્લા કેટલાય સમય થી દારૂ જુગાર વારલી જેવી અસામાજિક પ્રવૃતિઓ બેફામ ફાલી છે બીજી બાજુ સાંજ પડતાજ લીલા લાકડા ભરેલા ટ્રેકટરો લાટી ઑ માં થલવાય છે ત્યારે શું સંકલન સમિતિ ને ચાણસ્મા માં ચાલતી અસામાજિક પ્રવૃત્તિ ઑ સામે ના દેખાઈ ને માત્ર રીક્ષા ચલાવી પોતાના પરિવાર નું પોષણ કરતા રીક્ષા ચાલકો દેખાયા તેવી તીખી લાગણી રીક્ષાચાલકો વ્યક્ત કરતા જોવા મળ્યા હતાં.

## સિંગવડ | પ્રજાસત્તાક દિને જિલ્લાકક્ષાના રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવશે

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લામાં આગામી તા.૨૬ મી જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની સિંગવડ તાલુકા મથકે કરાશે. રાષ્ટ્રીય પર્વની ઉજવણીના પૂર્વ આયોજન-તૈયારીઓ અંગે આજે દાહોદ કલેકટર કચેરીના સરદાર પટેલ સભાખંડ હોલ ખાતે કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

સિંગવડ ખાતે યોજાનારા જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં પોલીસ બેન્ડની મધુર સુરાવલીઓની ધૂન વચ્ચે પોલીસ સહિત અન્ય સુરક્ષા જવાનોની પ્લાટુનોની પરેડ યોજાશે. તદઉપરાંત વિવિધ વિભાગોના ટેબ્લો, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રો વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીને પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે. રાષ્ટ્રીય પર્વની ઉજવણી અંગેની તૈયારીઓ સહિત સમગ્ર કાર્યક્રમ શાનદાર રીતે યોજાય તે અંગે આયોજન અને અમલવારી કરવા સંબંધિત વિભાગોને જણાવવામાં આવ્યું હતું.

બેઠક દરમિયાન કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓને રાષ્ટ્રીય પર્વની ઉજવણી



માટે સોંપાયેલી જવાબદારી અંગે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. વિવિધ વિભાગો દ્વારા દર્શાવવાના થતા ટેબ્લોમાં સરકારશ્રીની ફ્લેગશિપ યોજનાઓ અને લોક જાગૃતિને કેન્દ્રમાં રાખીને પ્રસ્તુતિ થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમના દિવસે સ્થાનિક ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, અધિકારી-કર્મચારીઓ, સ્થાનિક સહકારી સંસ્થાઓ, વેપારી મંડળોને રાષ્ટ્રીય પર્વમાં ઉપસ્થિત થવા આગોતરૂં આમંત્રણ મળી જાય અને તેઓ ભાગ લે તે જોવા જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ સાથે માર્ગદર્શન આપી કાર્યક્રમ યાદગાર અને શાનદાર રીતે ઉજવાય તે માટે અપીલ કરી હતી.

# પરવડી શાળાના પરેશભાઈએ પચ્ચીશીના પડાવની કરી અનોખી ઉજવણી -પૂ.મોરારિબાપુની પ્રેરણાથી ઉચ્ચ પ્રાથમિકને ભગવદ્ ગીતા અર્પણ સમારોહ



ભાવનગર | તા.09

ભાવનગરના ગારીયાધાર તાલુકાના પરવડી કેન્દ્રવર્તી શાળાના શિક્ષક શ્રી પરેશભાઈ હિરાણીએ પોતાના શિક્ષક કારકિર્દીના રજત જયંતિ પ્રસંગની ઉજવણી કરીને ગુજરાતના શિક્ષણ જગતને એક નવો સંદેશો પૂરો પાડ્યો છે.આ ઉજવણીનો કાર્યક્રમ પરવડી કેન્દ્રવર્તી શાળામાં તા 7-1-25 મંગળવારે યોજાઈ ગયો.

પરવડીના પ્રાથમિક શિક્ષક શ્રી પરેશભાઈ હિરાણી તાજેતરમાં આજ ગામની બીજી શાળામાંથી બદલી થઈને કેન્દ્રવર્તી શાળામાં જોડાયા છે. પરંતુ તેઓ છેલ્લા 25 વર્ષથી વિદ્યાર્થીમય રહ્યાં અને વિદ્યાર્થીઓને પોતિકા, પરિવારજન ગણીને તેમના ઘડતરમાં સતત પોતાનું શ્રેય માનતા રહ્યાં. તેથી તેમને જિલ્લાનો શિક્ષક એવોર્ડ અને ચિત્રકૂટ એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે.શ્રી પરેશભાઈએ પોતાના સેવા કાળની રજત જયંતિની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો અને તેમાં પુ. મોરારિબાપુએ તાજેતરમાં તંજાવુર કથામાં કરેલી અપીલ કે દરેક વિદ્યાર્થીના દફતરમાં ભગવદ્ ગીતા હોવી જોઈએ.તેને ઝીલીને તેઓએ પોતાના ખર્ચે ધોરણ છ થી આઠ ના ઉચ્ચ પ્રાથમિક વિભાગના કુલ 385 વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતા આપવાનો નિર્ણય કર્યો અને સાથોસાથ શાળાના તમામ વિદ્યાર્થીઓને ભોજન પણ પોતાના તરફથી કરાવીને એક શિક્ષક પણ ઉત્તમ દાન કરી શકે છે તેવી સૌને પ્રેરણા પૂરી પાડી.

આ પ્રસંગે યોજાયેલા એક કાર્યક્રમમાં શિક્ષણ વિદ્ શ્રી તખુભાઈ સાંડસુરે આ પ્રસંગે હકની સાથે ફરજ પણ કેવી હોઈ શકે તે હિરાણીના જીવન પરથી જોઈ શકાય છે તેમ જણાવ્યું. પોતે આ પ્રસંગના સાક્ષી થયાં છે તેમનો રાજીપો વ્યક્ત કર્યો. ગામના સરપંચ શ્રી ભુપતભાઈ ગોયાણીએ ભગવદ્ ગીતા ગામનાં તમામ વિદ્યાર્થીઓને પૂરી પાડવા માટે જહેમત ઉઠાવવાનું વચન આપ્યું.તેથી હવે પરવડી ગામ ગુજરાતનું એક એવું ગામ બનશે કે જ્યાં તમામ વિદ્યાર્થીઓ પાસે ભગવત ગીતા હશે અને એક અભિયાન 'મારી સાથે ભગવદ્ ગીતા 'નો અમલ ગુજરાત પ્રથમ ગામ પરવડીથી થયો. શિક્ષક પરેશભાઈ હિરાણીનું ગામ લોકો અને શિક્ષક પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના પ્રમુખસ્થાને શિક્ષણવિદ્ શ્રી તખુભાઈ સાંડસુર રહ્યાં હતાં. ઉપરાંત બીઆરસી શ્રી ગીરીરાજસિંહ ગોહિલ, ઉપસરપંચ શ્રી મિલનભાઈ ખસિયા,અગ્રણીશ્રી મનસુખભાઈ ખેની,ઉપસ્થિત હતાં.સંચાલન શ્રી ગીરીશભાઈ ધારૈયા' ગગન'એ કર્યું હતું. શાળાના આચાર્યા સુશ્રી હિનાબેન પટેલે આયોજન કર્યું હતું. સ્વાગત શ્રી બાબુભાઈ કાજાવદરાએ તથા આભાર વિધિ શ્રી ઉમેશભાઈ પટેલ કરી હતી.

# સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી દૂર રહે તે માટે શિક્ષકો-વાલીઓ અને બાળકો માટે

ગાંધીનગર | સમગ્ર દેશમાં કેટલાક સમયથી બાળકોમાં સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનનો વ્યાપ વધી રહ્યો છે, જેના કારણે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે, જેની ચિંતા કરીને રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્વર્ણિમ સંકુલ -૨ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સુનયના તોમર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે આજે બાળકોને સોશિયલ મીડિયા- સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી બાળકોને કઈ રીતે દૂર રાખી શકાય તે અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં મંત્રી શ્રીએ ઉમેર્યું કે, બાળકો - વાલીઓ અને શિક્ષકો માટે ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર યુનિવર્સિટી તેમજ સિવિલના સાયકાટ્રીસ્ટની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે અને બાળકોના ભવિષ્યની ચિંતા કરીને એક અભિયાન સ્વરૂપે શરૂ કરવામાં આવશે. રાજ્ય શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, બાળકોનો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનનો વધુ ઉપયોગ તેમની શારીરિક અને માનસિક શક્તિને અસર કરી રહ્યો છે, બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછો કરે અને રમત ગમત પ્રત્યે વધુ ધ્યાન આપે તે માટે વાલીઓ તેમજ શિક્ષકો માટે નિયમ બનાવાશે.

## NEWS BRIEF

### શ્રી હસ્તેશ્વર સ્કૂલના બાળકો ખેલ મહાકુંભમાં ઝળક્યા



દિપક રાવલ | દાહોદ

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી દ્વારા ખેલ મહાકુંભ નો પ્રારંભ કરાવતા વિવિધ રમતો શરૂ થઈ જેમાં મોડલ સ્કૂલ લીમખેડા ખાતે તાલુકા કક્ષાની વિવિધ વયજૂથ માટે દોડ ની સ્પર્ધા યોજાઈ હતી જેમાં સમગ્ર તાલુકા માંથી દોડ ના ખેલાડીઓ ભાગ લીધો હતો જેમાં શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ના વિદ્યાર્થીઓ અંડર ૧૪ માં રાઠોડ માધવ પ્રથમ ક્રમે અંડર ૧૭ માં ભાભોર કૃપાલી પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા તેમજ સેલોત પ્રિન્સ બીજા નંબરે વિજેતા બની સમગ્ર શાળાનું નામ રોશન કર્યું હતું વિજેતા થયેલ તમામ બાળકોને સંસ્થા ના મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાએ વિજેતા બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

### નર્મદા જિલ્લાના પાંચેય તાલુકાઓમાં ખો-ખોની સ્પર્ધા યોજાઈ



ભરત શાહ | નર્મદા

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત નર્મદા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીની રાહબરીમાં જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા વિવિધ તબક્કે સ્પર્ધાઓ યોજાઈ રહી છે. જે અંતર્ગત આજે તા.૯ જાન્યુઆરી-૨૦૨૫ને ગુરૂવારના રોજ નાંદોદ, તિલકવાડા, દેડીયાપાડા, સાગબારા અને ગરુડેશ્વરમાં તાલુકાકક્ષા ખેલ મહાકુંભ અંતર્ગત ખો ખોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્હાસભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે નર્મદા જિલ્લા રમતગમત અધિકારી દિનેશભાઈ ભીલએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યાં હતા. તાલુકા કક્ષાની સ્પર્ધાઓની વિજેતા ટીમો આગામી સમયમાં જિલ્લા કક્ષાએ ભાગ લેશે.

### ચાણસ્મા | બસ મથક સહિતના વિસ્તારોમાં પતંગ દોરીના સ્ટોલ ખડકાયા



નીતિન ઠાકર | ચાણસ્મા

ઉતરાયણ પર્વ ને હવે ગણતરી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચાણસ્મા નગર ના બસ મથક સરદાર ચોક સહિત વિસ્તારો માં પતંગ દોરી ના સ્ટોલ શરૂ થયા સે સાથે સરદારચોક માં પતંગ રસિયા ઑ માટે દોરી પાવાની ચરખી ઑ એ જમાવટ કરી દીધી છે ચાણસ્મા ખાતે ચાણસ્મા આજુબાજુ ના 20 km ના ગ્રામીણ વિસ્તારો માંથી પતંગ રસિયાઓ દોરી પીવડાવવા ચાણસ્મા ખાતે આવે છે પરંતુ આ વર્ષે પતંગ દોરી ના મટીરીયલ માં ભાવ વધારો થતા પતંગ રસિયા ઑ ને આવર્ષે પતંગ દોરી માં 20થી 25% નો ભાવ વધારો વેઠવાનો આવ્યો હોવાનું પતંગ રસિયાઓ એ જણાવ્યું હતું.

### ખેલ મહાકુંભ -3.0 માં પટવાણ પ્રાથમિક શાળાનું ગૌરવ



દિપક રાવલ | દાહોદ

ખેલ મહાકુંભ -3.0 અંતર્ગત આજરોજ તા.08/01/2025 ને બુધવારના રોજ લીમખેડા તાલુકા કક્ષાની ચેસ અને યોગાસન સ્પર્ધા શ્રી દુધિયા માધ્યમિક શાળા દુધિયા ખાતે યોજાઈ હતી. જે સ્પર્ધાઓ અંતર્ગત U -14 ભાઈઓ ચેસમાં સમગ્ર લીમખેડા તાલુકામાં પ્રથમ ત્રણ ક્રમાંકે પટવાણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ -(1) વિનયકુમાર પર્વતભાઈ પરમાર (2) અંકિતકુમાર મુકેશભાઈ ભાભોર તથા (3) રવિન્દ્રસિંહ સરતનભાઈ પરમાર તથા U - 14 ચેસમાં બહેનોમાં સમગ્ર લીમખેડા તાલુકામાં અત્રેની શાળાની વિદ્યાર્થીની તારામતીબેન દિનેશભાઈ બારીઆ પ્રથમ ક્રમાંકે વિજેતા બની હતી.U -14 યોગાસન ભાઈઓમાં પણ અત્રેની શાળાનો વિદ્યાર્થી અશ્વિનભાઈ સરતનભાઈ માવી સમગ્ર લીમખેડા તાલુકામાં પ્રથમ ક્રમાંકે વિજેતા બનતા શાળા પરિવાર પટવાણ તરફથી પોતાની શાળાનું નામ રોશન કરવા બદલ તમામ રમતવીરોને તથા તેમના માર્ગદર્શક કોચ શ્રી શનાભાઈ મુઢેલ,શ્રી કનુભાઈ હઠીલા તથા શ્રી વિજયભાઈ પટેલને ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# શું ટ્રાવેલિંગ કર્યા પછી તમારું પેટ ખરાબ થાય છે?

**લાંબા સમય સુધી મુસાફરી કર્યા પછી પાચન સંબંધિત સમસ્યાઓ થવી સામાન્ય છે. મુસાફરી કરતી વખતે તમારે લાંબા સમય સુધી એક જગ્યાએ બેસવું પડે છે. જેનાથી પેટ પર વધુ દબાણ આવે છે. આના કારણે પેટનું ફૂલવું, કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓ થવા લાગે છે. આ સિવાય ક્યાંક જતી વખતે ખાવા-પીવાનું ધ્યાન રાખવું પડે છે...**



**જો મુસાફરી દરમિયાન ખાવા-પીવાની આદતોનું યોગ્ય રીતે પાલન ન કરવામાં આવે તો તેનાથી આંતરડાના સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. મુસાફરી પછી આંતરડાના સ્વાસ્થ્યને સાજા કરવું ખુબ જ મહત્વપૂર્ણ છે. જો આનું ધ્યાન રાખવામાં ન આવે તો ઘણી સમસ્યાઓ થવા લાગે છે. આવી સ્થિતિમાં અમે તમને કેટલીક સરળ ટિપ્સ જણાવવા જઈ રહ્યા છીએ, જેને અનુસરીને તમે તમારા આંતરડાના સ્વાસ્થ્યને સુધારી શકો છો.**

**દરરોજ ત્રિફળા ખાઓ |** ત્રિફળા ખાવાથી પેટ સાફ થાય છે. જો તમને કબજિયાત કે પેટનું ફૂલવું જેવી સમસ્યા હોય તો ત્રિફળા ખાવાથી ફાયદો થાય છે. જો તમારે ક્યાંક મુસાફરી કરવાની થાય છે તો, મુસાફરી પહેલાં અને પછી ત્રિફળા પાવડર ખાઓ. આનાથી તમારું પાચન સારું રહેશે.

**હળવો ખોરાક જ ખાઓ |** મુસાફરી કરતી વખતે આપણે ભારે ખોરાક ખાઈએ છીએ. પરંતુ સતત બેસી રહેવાથી ખોરાક પચી શકતો નથી. આના કારણે પાચન સંબંધિત સમસ્યાઓ થવા લાગે છે. મુસાફરી કર્યા પછી પણ હળવો ખોરાક લો. આનાથી આંતરડાના સ્વાસ્થ્યને ફાયદો થશે.

**પુષ્કળ પાણી પીવો |** જો તમે આંતરડાના સ્વાસ્થ્યને સારું રાખવા માંગતા હો, તો શક્ય તેટલું વધુ પાણી પીવાનો પ્રયાસ કરો. એવું જોવા મળ્યું છે કે મુસાફરી દરમિયાન લોકો ઓછું પાણી પીવે છે. આના કારણે પેટનું ફૂલવું અને એસિડિટી પણ થાય છે. આ સાથે તમારે પ્રવાહી આહારનો સમાવેશ કરવો જોઈએ.

**ચાલવું જરૂરી |** મુસાફરીથી પાછા ફર્યા પછી તમારા દિનચર્યામાં કસરતનો સમાવેશ કરો. આનાથી તમારું પાચનતંત્ર પણ સ્વસ્થ રહેશે. દરેક ભોજન પછી ચાલવાની આદત પાડો. આનાથી આંતરડાનું સ્વાસ્થ્ય સારું રહેશે અને પાચન સંબંધિત કોઈ સમસ્યા નહીં થાય. તમે 15 થી 20 મિનિટ ચાલી શકો છો.



# 'પાણીપુરી' ખાવાથી શરીરને મળે છે 6 ફાયદા

ભારતમાં પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડ પાણીપુરી ખાવાનો ટ્રેન્ડ ખૂબ જ જાણીતો છે. મીઠા, ખાટા અને મસાલેદાર પાણીપુરીને જોઈને કોઈપણના મોંમાં પાણી આવી જાય છે. આ એવું સ્ટ્રીટ ફૂડ છે કે લોકો જમ્યા પછી પણ ખાય છે. પાણીપુરીનો સ્વાદ દરેક ઉંમરના લોકોમાં ખૂબ જ લોકપ્રિય છે. પાણીપુરીમાં ઉપયોગમાં લેવાતા મસાલા, જેમ કે ધાણા, જીરું અને આમલી, પાચન પ્રક્રિયાને ઝડપી બનાવે છે અને અપચો અને ગેસ જેવી પેટની સમસ્યાઓમાં રાહત આપવામાં મદદ કરે છે. પાણીપુરી ખાવાના ઘણા ફાયદા છે. પાણીપુરીના પાણીમાં ફુદીનો, જીરું અને હિંગ ઉમેરવામાં આવે છે, જે એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે. આનાથી દુખાવો ઓછો થાય છે, પાચનક્રિયા અને શરદી અને ઉધરસમાં રાહત મળે છે. ાણીપુરી મેગ્નેશિયમ, મેંગેનીઝ, પોટેશિયમ, ફોલેટ, ઝિંક અને વિટામિન A, B-6, B-12, C અને Dનો સારો સ્ત્રોત છે. તેથી પાણીપુરી ખાવાથી સ્વાસ્થ્ય માટે ઘણા ફાયદા થાય છે. મોઢાના ચાંદામાં પાણીપુરીનું પાણી ફાયદાકારક છે. પાણીપુરીમાં ઉપયોગમાં લેવાતા જલજીરાનું પાણી અને ફુદીનો આ અલ્સરની સારવારમાં ખૂબ અસરકારક સાબિત થઈ શકે છે. આજના સમયમાં દરેક વ્યક્તિ ગેસની સમસ્યાથી પરેશાન છે. આવી સ્થિતિમાં પાણીપુરી ખાવું તેમના માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. ગેસની સમસ્યા દૂર કરવાની સાથે પાણીપુરી ખાવાથી મૂડ પણ ફ્રેશ થાય છે.પાણીપુરી એસિડિટી પણ દૂર કરે છે. જો તમને એસિડિટીની સમસ્યા છે તો તમે પાણીપુરી ખાવાથી તેનાથી છુટકારો મેળવી શકો છો. પાણીપુરીમાં જલજીરામાં ફુદીનો, કાચી કેરી, કાળું મીઠું, કાળા મરી, પીસેલું જીરું અને સામાન્ય મીઠુંનું મિશ્રણ હોવું જોઈએ. આ બધી વસ્તુઓના મિશ્રણનો ઉપયોગ કરવાથી થોડીવારમાં જ એસિડિટીથી રાહત મળી શકે છે. આ રીતે તમને એસિડિટીથી રાહત મળે છે. પાણીપુરીમાં તાજા મસાલા, ચટણી અને શાકભાજી હોય છે, જે શરીરને જરૂરી વિટામિન્સ અને મિનરલ્સ પૂરા પાડે છે. જેમ કે વિટામીન સી અને આયર્ન વગેરે.



## મનમાં પ્રસન્નતા આવે છે

પાણીપુરીના પાણીમાં તાજા મસાલા હોય છે, જે રક્ત પરિભ્રમણને સુધારવામાં મદદ કરે છે. તેનાથી શરીરમાં એનર્જી લેવલ વધી શકે છે. પાણીપુરી ખાવાથી મનમાં પ્રસન્નતા આવે છે, કારણ કે તેના સ્વાદમાં તીવ્રતા અને વિવિધતા હોય છે, જેનાથી મન સક્રિય અને તાજગી અનુભવે છે.

# ક્યા લોકોએ વટાણા ઓછા ખાવા ? વધારે ખાવાથી સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે

વટાણાનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે તેનું સેવન કેટલાક લોકો માટે હાનિકારક સાબિત થઈ શકે છે. ચાલો તમને જણાવીએ કે કયા લોકોએ વટાણા ખાવાથી દૂર રહેવું જોઈએ. વટાણા એક એવી શાકભાજી છે જે મોટાભાગના લોકો ખાવાનું પસંદ કરે છે. શિયાળાની ઋતુમાં, લોકો ફક્ત વટાણાની શાકભાજી જ ખાવાનું પસંદ કરતા નથી, પરંતુ કાચા લીલા વટાણા પણ ખાવાનું પસંદ કરે છે. તેમાં હાજર ઝિંક, વિટામિન સી, વિટામિન ઇ, મેંગેનીઝ, આયર્ન, કોપર, એન્ટીઑકિસડન્ટ અને ફાઈબર સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. લોકોને વટાણાની વાનગીઓ ગમે છે : લોકો મેથી, વટાણા પુલાવ, વટાણા કચોરી, બટાકા વટાણા, વટાણા પનીર જેવી વાનગીઓ ખૂબ જ મજાથી ખાય છે. કેટલાક લોકો તેને સવારે અને સાંજે નાસ્તામાં અને નાસ્તામાં ખાય છે. તેનો ઉપયોગ શાકભાજી બનાવવામાં પણ થાય છે. શિયાળાની ઋતુમાં બજારમાં વટાણાની આવક પણ વધી જાય છે. જો કે



વટાણાનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે તેનું સેવન કેટલાક લોકો માટે હાનિકારક સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં તે લોકોએ ભૂલથી પણ વટાણાનું સેવન ન કરવું જોઈએ. ચાલો તમને જણાવીએ કે કયા લોકોએ વટાણા ખાવાથી દૂર રહેવું જોઈએ. જો તમે ડાયાબિટીસથી પીડિત છો તો તમારે વટાણા ખાવાનું ટાળવું જોઈએ. ખરેખર વટાણા ખાવાથી તમારા બ્લડ સુગરનું લેવલ વધી શકે છે. જો તમે કબજિયાત, ગેસ કે પેટ સંબંધિત કોઈપણ સમસ્યાથી પરેશાન છો તો વટાણાનું સેવન બિલકુલ ન કરો. આમ કરવાથી તમારી સમસ્યા વધુ વધી શકે છે. જો તમને કિડનીની સમસ્યા હોય તો વટાણાનું સેવન ન કરો. વટાણામાં પ્યુરિન હોય છે. તે યુરિક એસિડમાં તૂટી શકે છે અને કિડનીમાં પથરીનું કારણ બની શકે છે. જો તમને પેટ ફૂલવાની કે પેટ ખરાબ થવાની સમસ્યા હોય તો લીલા વટાણા ન ખાઓ. તેમાં ફાયટીક અને લેક્ટીન જોવા મળે છે જે આનું કારણ હોઈ શકે છે. નિષ્ણાતોના મતે જેમને ડાયાબિટીસ, કિડનીની સમસ્યા નથી અને સ્વસ્થ પાચનતંત્ર છે, તેમણે વટાણાનું સેવન નિયંત્રિત રીતે કરવું જોઈએ. આ સિવાય દરરોજ વટાણા ન ખાવા.જો તમે તેને ખાઓ છો તો તેને ફણગાવો અને પછી તેને ખાઓ.

# રાધા કે સંગ શ્યામ, શ્યામ કે સંગ રાધા, શ્યામ કે દિલ કી ધડકન હે રાધા

ધન્ય એકાદશી..

એકાદશી નું વ્રત ભગવાન ને "જય શ્રી કૃષ્ણ" મંત્ર જેટલું જ વાહલું છે.ભક્ત હરપળ ઈચ્છે છે કે એ ભગવાન ના સાનિધ્ય માં રહે પરંતુ એ શક્ય ત્યારે જ બને છે જ્યારે ભગવાન નો કૃપા પ્રસાદ પ્રાપ્ત થાય છે. આ કૃપા પ્રસાદ નું પાત્ર ગોપીઓ અને ઉદ્ધવજી બન્યા છે,તો પ્રશ્ન થાય કે રાધાજી તો પ્રભુ ની અત્યંત નિકટ હતા છતાંય એ ભગવાન ના કૃપા પ્રસાદ કેમ નહિ? ભગવાન શ્રી કૃષ્ણ ના દિલ નો ધબકાર રાધાજી પ્રતિક્ષણ એની સાથે હોય છે ભગવાન નો એકપણ ધબકાર ચૂકાય નહિ એટલે રાધાજી ભગવાન ના હૃદય માં નિત્ય બિરાજમાન રહે છે. જ્યારે ઉદ્ધવજી એ રાધાજી ને કીધું કે આપના પ્રિય તો વ્રજ છોડીને મથુરા વસી ગયા છે તો આપને દર્દ થતું નથી. ત્યારે રાધાજી એ બંધ નયન ખોલી ને ઉદ્ધવજી સામુ જોયું. રાધાજી ની બન્ને આંખો માં ભગવાન શ્રી કૃષ્ણ ના દર્શન થતાં જ અવાક બનીને એ બોલ્યા કે ક્ષમા કરજો,આપને સમજવામાં ઉતાવળ થઇ ગઇ "ધન્ય ભાગ્ય દર્શન રાધા રાની કો કિયો" ત્યાં પણ આપનું સ્મરણ મારા ઈષ્ટ સતત કરે છે.

રાધા કે સંગ શ્યામ કે શ્યામ સંગ રાધા,
શ્યામ કે દિલ કી ધડકન હે રાધા રાની

જ્યારે ઉદ્ધવજી એ ગોપીઓને પૂછ્યું કે વૃંદાવન કૃષ્ણ વગર અધૂરું નથી લાગતું?બાંસુરી નો અવાજ સંભળાતો નથી.શ્યામ વગર વૃંદાવન શક્કર બીના સ્વાદ જેવું ભાસે છે.ગોપીઓ એકબીજા ને હાથ તાળી આપીને હસતા હસતા કહ્યું કે આગંતુક, તુ કોણ છે? અને ક્યાંથી આવ્યો છે એ અમે જાણતા નથી.લાગે છે કે ક્રૂર અક્રૂર નો સગો સબંધી છો એટલે આવી બહેકી બહેકી વાતો કર્યા કરે છે.ક્રૂર અક્રૂર જેને મથુરા લઈ ગયો એ કૃષ્ણ હતા અમારો કનૈયો તો ક્યાંય અમને છોડી ને નથી ગયો. જો તને વિશ્વાસ ના થતો હોય તો તું તારા કાન સરવા કર દૂર વન માંથી બાંસુરી ના નાદ સંભળાય છે.સંધ્યા નો સમય થવા આવ્યો છે એટલે દૂર વન માંથી અમારો કનૈયો ગાયો ચરાવી ને આવી રહ્યો છે. ઉદ્ધવજી એ વ્રજ ના દ્વાર પરથી ગાયો ના વૃંદ અને એની ખુરરજ વચ્ચે ભગવાન શ્રી કૃષ્ણ ને ગોપ બાળકો સાથે બાંસુરી વગાડી ને આવતા નિહાળી ને ઉદ્ધવજી ની આંખ માંથી અનરાધાર આંસુ ઓ સરવા



**ભક્તને ભગવાનનો સબંધ ગમે તેટલો ચર્ચી શકાય પરંતુ એ પ્રેમ સમજવો અઘરો છે. આ પ્રેમના લીધે તો દ્રષ્ટિ હિન સૂરદાસજીને ભગવાન શ્રી કૃષ્ણના સાક્ષાત દર્શન થતાં હતાં.**

લાગ્યા.એ રડતા રડતા બોલ્યા કે ભગવાન શ્રી કૃષ્ણ, તમારા પ્રેમી ભકતોનો તમારા પ્રત્યેનો પ્રેમ નિહાળતા સમજાયું કે તમને મથુરાના એશો આરામ કરતા વ્રજ ની યાદ કેમ રડવ્યા કરે છે?

ભક્ત ને ભગવાન નો સબંધ ગમે તેટલો ચર્ચી શકાય પરંતુ એ પ્રેમ સમજવો અઘરો છે.આ પ્રેમ ના લીધે તો દ્રષ્ટિ હિન સૂરદાસજી ને ભગવાન શ્રી કૃષ્ણ ના સાક્ષાત દર્શન થતાં હતાં. સૂરદાસજી નિત્ય ઠાકોરજી ના મંગળા થી લઈને બધાજ દર્શન માં હાજર રહેતા હતા. માન્યતા અનુસાર ઠાકોરજી નિત્ય લીલા સૂરદાસજી સાથે કરતા હતા. શૃંગાર સમયે હવેલી માં સુરદાસજી ઠાકોરજી નું સ્મરણ કરતાં કઠોડો પકડીને ઊભા છે.હવેલી ના મુખ્યા જી ને મજાક સૂઝી એટલે ઠાકોરજી ને શૃંગાર ધરાવ્યા વગર સૂરદાસજી ને પૂછ્યું કે સૂરદાસજી,અત્યાર ના ઠાકોરજી ના શૃંગાર નું પદ સંભળાવો,સૂરદાસજી એ સ્મિત કરતા પદ ગાયું

દેખો રી હરી નંગમ નંગા..દેખો રી..

મુખ્યાજી ને પોતાની ભૂલ સમજાઈ એટલે સૂરદાસજી ની માફી માંગતા કહ્યું કે ક્ષમા કરજો સૂરદાસજી ભૂલી ગયો હતો કે જગત માં દેખનારા ને ક્યાં સત્ય દ્રશ્ય થાય છે? આપને પ્રત્યેક્ષ ઠાકોરજીના દર્શન થાય છે. અભિમાન માં આવી ને આપની પરીક્ષા લેવા નીકળ્યો હતો ને એમાં ખુદ ઠાકોરજી ના અપરાધ નું પાત્ર બની ગયો. ખાતરી છે કે ભક્ત માફ કરી દેશે તો ભગવાન પણ માફ કરી દેશે.



**પુત્રદા એકાદશી**

**- રુપાલી દવે**

વર્ષ ના કુલ બાર માસ માં બે પક્ષ શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ આમાં બાર માસ માં બન્ને પક્ષ ની કુલ ૨૪ અગિયારસ આવે છે. દર ત્રણ વર્ષે આવતા અધિક માસ ને ગણીએ તો કુલ ૨૬ એકાદશી વર્ષ આવશે.અધિક માસ માં ૧૨ મહિના ને બદલે ૧૩ મહિના થતાં ૨૬ એકાદશી ની ગણતરી થાય છે.ધર્મ શાસ્ત્ર અનુસાર એકાદશી નું વ્રત એ કરનાર ના અનેક ભવો ના પાપ કર્મો નાશ પામે છે અને કર્મ બંધનો છૂટતા મનુષ્ય મુક્તિ પામે છે.વ્રત ના પ્રભાવે બીજા જન્મ માં મનુષ્ય યોની માંજ ઈશ્વર ની સમિપ્તા પામે છે. બીજા જન્મ માં મનુષ્ય ના સબંધો થી લીપયા વગર માત્ર ને માત્ર પરમાત્મા ના સ્મરણ અને સેવામાં જીવન સમર્પિત કરે છે.એકાદશી એટલે દસ ઈન્દ્રિયો અને અગિયારમુ મન. જ્યાં સુધી દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન ભગવાન સાથે ના જોડાય ત્યાં સુધી જીવન માં આરોહ અવરોહ રહિયા કરે છે.મન નો સ્વભાવ અત્યંત ચંચળ હોય છે ને ઈન્દ્રિયો મનની ઈચ્છા અનુસાર વ્યવહાર કરે છે.એકાદશી નું વ્રત મન અને ઈન્દ્રિયો ને ઈશ્વર સાથે જોડીને માનસિક,શારીરિક અને વ્યવહારિક ઈચ્છાઓ ને ઈશ્વર મય કરવાનું છે.મુખ્ય ત્વે મન અને દસ ઈન્દ્રિયોનો નિગ્રહ થતાં મનુષ્ય એકાદશી ના વ્રત દ્વારા અમુક વર્ષો બાદ ઈશ્વર મય બનતા મોક્ષ માં માર્ગે આગળ વધી શકે છે.

વર્ષ ૨૦૨૫ની શરૂઆત માં જ ૧૦ મી જાન્યુઆરી એ આવતી શુક્લ પક્ષ ની પ્રથમ એકાદશી નું નામ પુત્રદા એકાદશી નું વ્રત છે. વ્રત ના દિવસે વ્રતી એ ભોજન માં અનાજ કે ચોખા ખાવા નહિ એકાદશી ના વ્રત માં વ્રત કરનાર એ દિવસભર ફળ કે ફરાળ પર રહીને ઉપવાસ કરવો.ભગવાન શ્રી કૃષ્ણ ના સ્વરૂપ નું દૂધ કે પંચામૃત થી અભિષેક કરીને સફેદ વસ્ત્ર પર ભગવાન ના સ્વરૂપ ને પધરાવી ને મૂર્તિ ને શુધ્ધ વસ્ત્ર આભૂષણ થી સજાવી ને તુલસી દલ અર્પણ કરવું.ત્યાર બાદ સફેદ સુગંધી ફૂલ ની માળા અર્પણ કરવી. "ઓમ નમો ભગવતે વાસુદેવાય" નું દિવસભર સ્મરણ કરવું.

પુત્રદા એકાદશી ના વ્રત ની કથા: પૂર્વ કાળ મા ભદ્રવતી નગરી નો રાજા સુકેતુ માન અને એની પત્ની ચંપા ને લગન ના વર્ષો વીત્યા બાદ પણ સંતતિ નહતી એટલે રાજા રાણી ખૂબ ચિંતિત મન હતા. પિતૃ તર્પણ વિધિ સમય એ રાજા ને એના પિતૃઓ ગરમ પાણી પીતા હોય એવું લાગતું હતું. એકવાર રાજા વન મા ગયો ત્યાં એમણે ઘણા ઋષિ મુનિઓ ને વેદ ની ઋચા દ્વારા હવન કરતા દેખાયા. જ્યાં ઋષિ મુનિઓ હતા ત્યાં જઈને રાજા એ દંડવત પ્રણામ કર્યા.ઋષિ મુનિઓ એના પર ખુશ થતા પૂછ્યું કે રાજન,તારા મુખ પર દર્દ ની રેખા કેમ વર્તાઈ રહી છે? રાજા એ એની પુત્ર નથી એ સમસ્યા કહેતા ઋષિ મુનિઓ એ રાજા ને પુત્રદા એકાદશી નું વ્રત વિધિ વિધાન થી કરવાનું સમજાવ્યું. રાજા સુકેતુ માન અને એની પત્ની એ વિધિવિધાન થી પુત્રદા એકાદશીનું વ્રત કરતા એને પુત્ર ની પ્રાપ્તિ થઈ.

પુત્ર પ્રાપ્તિ માટે વ્રત કરનાર સ્ત્રીઓ પુરુષો એ ભગવાન વિષ્ણુ ની મૂર્તિ ને અભિષેક કરીને સ્વચ્છ કરી બાજોઠ પર પીળા કલર નું વસ્ત્ર બિછાવી ને એના પર મૂર્તિ સ્થપતિ કરવી.પીળા કલર ના ફૂલો ની માળા અર્પણ કરીને ને તુલસી દલ અર્પણ કરવું. પીળા કલર ના ફળ અને ફરાળી મીઠાઈ નો પ્રસાદ ધરાવવો. પંચ આરતી પ્રગટાવી ને વિષ્ણુ ભગવાન ની આરતી કરવી. મનોમન પુત્ર ની પ્રાપ્તિ નું સ્મરણ કરીને "ઓમ નમો ભગવતે વાસુદેવાય" મંત્ર ની અગિયાર માળા કરવી. ભગવાન વિષ્ણુ નું ભક્તિ ભાવ થી પૂજન યજન થવાથી અવશ્ય પુત્ર પ્રાપ્તિ થાય છે.

# 'ફરી ક્યારેય રાજકીય મુદ્દાઓ પર ફિલ્મ નહીં બનાવું'

## કંગનાએ કહ્યું- 'ઈમરજન્સી' બનાવવામાં ખૂબ જ મુશ્કેલીઓ આવી, હું તેનાથી બહુ ઈન્સ્પાયર નથી થઈ...




(એજન્સી) મુંબઈ | તા.09

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' 17 જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. એક્ટ્રેસે કહ્યું છે કે રાજકીય મુદ્દાઓ પર આધારિત આ ફિલ્મ બનાવવામાં તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ કારણે તે ભવિષ્યમાં ક્યારેય રાજકીય ફિલ્મો નહીં કરે.

કંગનાએ ન્યૂઝ 18ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે તે ફરી ક્યારેય કોઈ રાજકીય ફિલ્મ નહીં કરે. હું તેનાથી બહુ ઈન્સ્પાયર નથી થઈ. હવે સમજાય ગયું છે કે શા માટે ઘણા લોકો તેના પર નથી વાત કરતા, ખાસ કરીને વાસ્તવિક જીવનના પાત્રો પર. આ બધું કહ્યા પછી, મને લાગે છે કે અનુપમ ખેરજીએ 'ધ એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર'માં મનમોહન સિંહ તરીકે અદ્ભુત કામ કર્યું છે. આ તેના શ્રેષ્ઠ પ્રદર્શનમાંથી એક છે. પરંતુ જો તમે મને પૂછો, તો હું તેને ફરીથી ક્યારેય આ પ્રકારની ફિલ્મ બનાવીશ નહીં.

કંગનાએ કહ્યું- મારે વધુ પૈસા જોઈતા હતા, હું ખુશ નથી કંગનાએ કહ્યું- આ ફિલ્મના સેટ પર મેં ક્યારેય મારો ગુસ્સો ગુમાવ્યો નથી. જો તમે પ્રોડ્યૂસર છો, તો તમે કોના પર તમારો ગુસ્સો બતાવશો? ડિરેક્ટર તરીકે નિર્માતા સાથે લડાઈ થઈ શકે છે. પરંતુ જો તમે બંને ભૂમિકાઓ ભજવતા હોવ તો તમે કોની સાથે લડી શકો? હું મોટેથી કહેવા માંગતી હતી કે મારે વધુ પૈસા જોઈએ છે અને હું ખુશ નથી. પણ હું ક્યાં જઈને રડીશ? કોને શું કહેતી?

'ફિલ્મ બનાવવા માટે ખૂબ જ સંઘર્ષ કરવો પડ્યો છે' અભિનેત્રીએ કહ્યું- અમે કોવિડ દરમિયાન શૂટિંગ કરી રહ્યા હતા. મારી પાસે આંતરરાષ્ટ્રીય ક્રૂ હતો. તેઓ ખૂબ જ સ્ટ્રીક હોય છે. તેઓને દર સપ્તાહના અંત સુધીમાં ચુકવણી કરવાની જરૂર છે. જ્યારે શૂટિંગ ન થયું ત્યારે પણ તેણે પૈસા ચૂકવવા પડ્યા કારણ કે તે મારી ફિલ્મ સાથે જોડાયેલો હતો. ત્યારબાદ આસામમાં પૂર આવ્યું હતું. મારી સામે અન્ય સમસ્યાઓ પણ હતી જેનો હું સામનો કરી રહી હતી. આ ફિલ્મ બનાવવા માટે ખૂબ જ સંઘર્ષ કરવો પડ્યો છે. હું ખૂબ જ અસહાય અનુભવતી હતી. હું નિરાશ થતી હતી, પણ હું મારી નિરાશા કોને બતાવું? ટ્રેલરના કેટલાક દ્રશ્યો સામે શીખોએ વાંધો ઉઠાવ્યો હતો કંગનાએ 6 જાન્યુઆરીએ સોશિયલ મીડિયા X પર ફિલ્મનું નવું ટ્રેલર શેર કર્યું હતું. નવા ટ્રેલરમાંથી જરનૈલ સિંહ ભિંડરાનવાલા અને શીખોને ખાલિસ્તાની તરીકે અને ખોટી રીતે દર્શાવતા તમામ દ્રશ્યો દૂર કરવામાં આવ્યા છે. અગાઉ, ફિલ્મ ઈમરજન્સીનું ટ્રેલર 14 ઓગસ્ટ 2024ના રોજ રીલિઝ થયું હતું. જેમાં શીખોને ગોળીઓ ચલાવતા બતાવવામાં આવ્યા હતા. શીખોનો આરોપ છે કે તેમને આતંકવાદી બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



આ ફિલ્મ અગાઉ 6 સપ્ટેમ્બર, 2024ના રોજ રિલીઝ થવાની હતી ફરીદકોટના સ્વતંત્ર સાંસદ સરબજીત સિંહ ઉપરાંત શીખોની સર્વોચ્ચ સંસ્થા શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (SGPC)એ 14 ઓગસ્ટ, 2024ના રોજ રિલીઝ થયેલા ટ્રેલરના દ્રશ્ય સામે વાંધો વ્યક્ત કર્યો હતો. સેન્સર બોર્ડ તરફથી લીલી ઝંડી મળ્યા બાદ આ ફિલ્મ 17 જાન્યુઆરીએ રિલીઝ થશે. અગાઉ આ ફિલ્મ 6 સપ્ટેમ્બર 2024ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ તેને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) તરફથી મંજૂરી મળી ન હતી.

# '2025 આપણું વર્ષ હશે'

## ફરી એકવાર ઠગ સુકેશે જેકલીનને લવ લેટર લખ્યો, કહ્યું- બેબી ગર્લ તને આપણા પ્રેમ ગર્વ થશે, 'ફતેહ' માટે શુભેચ્છા પાઠવી

(એજન્સી) મુંબઈ | તા.09

ઠગ સુકેશ ચંદ્રશેખર અવારનવાર એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝને પત્ર લખે છે. નવા વર્ષની શરૂઆતમાં ફરી એકવાર ઠગ સુકેશે પત્ર લખી જેકલીનની માફી માંગી છે અને તેને આગામી ફિલ્મ 'ફતેહ' માટે પણ અભિનંદન પાઠવ્યા છે. સુકેશે લખ્યું- આ ફિલ્મ જોવા માટે હું રાહ જોઈ શકતો નથી. બેબી ગર્લ, તારી સાથે જે બન્યું છે તેના માટે હું ફરીથી દિલગીર છું. આ સંબંધમાં, 2025 એક નવી શરૂઆત હશે. હું વચન આપું છું કે મારા અને આપણા પ્રેમ પર તને ગર્વ થશે.

'2025 આપણું વર્ષ છે' સુકેશે પત્રમાં લખ્યું- 2025, 9નું વર્ષ, આ આપણું વર્ષ છે. જે વર્ષમાં હું તારા માટે મારો પ્રેમ સાબિત કરવા જઈ રહ્યો છું. હું આપણા પ્રેમનું સૌથી મોટું સરપ્રાઈઝ આ દુનિયા સમક્ષ રજૂ કરવા જઈ રહ્યો છું જે વિચારે છે કે હું ઝનૂની છું અને આપણો પ્રેમ ડરામણો છે.

'હું તારા માટે પાગલ છું (જેકલીન)' સુકેશે કહ્યું- એમાં કોઈ શંકા નથી કે હું તારા માટે પાગલ છું. જેમ તું હંમેશા કહે છે. આપણે જૂના જમાનાના લોકો છીએ. જો તમે ખરેખર તમારા જીવનસાથી માટે પ્રેમ શબ્દનો અર્થ સમજો છો, તો તમારે તેના પ્રેમમાં વધુ પાગલ થવું જોઈએ.

સુકેશે જેકલીન માટે અનેક પ્રસંગોએ જેલમાંથી ભેટ મોકલી હતી ઠગ સુકેશ ચંદ્રશેખર 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં છેલ્લા ઘણા સમયથી જેલમાં છે. મની લોન્ડરિંગ કેસમાં તપાસ દરમિયાન એ વાત સામે આવી હતી કે જેકલીન એક સમયે સુકેશ સાથે રિલેશનશિપમાં રહી હતી, જેના કારણે એક્ટ્રેસ પણ તપાસના દાયરામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે સુકેશ, જે પોતાને બિઝનેસમેન કહે છે, તેના જેકલીન સાથે સંબંધો હતા. તે સમયે તેણે તેમને ઘણી મોંઘી અને કિંમતી ભેટ પણ આપી હતી. બીજી તરફ, જેક્લિને પોલીસને આપેલા નિવેદનમાં કહ્યું છે કે તેને ખબર નહોતી કે સુકેશ એક ઠગ માણસ છે.

છેલ્લા ઘણા મહિનાઓથી સુકેશ ચંદ્રશેખર જેકલીનને ખાસ પ્રસંગોએ લવ લેટર લખીને ગિફ્ટ મોકલે છે. જેકલીનના વકીલે પણ આ પત્રો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. કારણ કે તેનાથી તેમની ઈમેજ પર ખરાબ અસર પડી રહી છે.

આ ફિલ્મોમાં જેકલીન જોવા મળશે આગામી દિવસોમાં જેકલીન ફર્નાન્ડિસ 3 મોટી ફિલ્મોમાં જોવા મળવાની છે, જેમાં 'ફતેહ', 'વેલકમ ટુ ધ જંગલ' અને 'હાઉસફુલ 5'નો સમાવેશ થાય છે.



# આશિકી થ્રી અંગે અનિશ્ચિતતા તૃપ્તિ એ ફિલ્મ છોડી

## ફ્રેશ ફેસની જરુરમાં તૃપ્તિ ફિટ થાય તેમ ન હતી : ફ્રેન્ચાઈઝી બાબતે કાનૂની વિવાદઃ કાર્તિક પણ અન્ય ફિલ્મોમાં વ્યસ્ત થઈ ગયો

મુંબઈ : કાર્તિક આર્યનની 'આશિકી થ્રી' અંગે અનિશ્ચિતતાનાં વાદળો સર્જાયાં છે. તૃપ્તિ ડિમરીએ પણ આ અનિશ્ચિતતાના કારણે ફિલ્મ છોડી દીધી છે. જ્યારે કાર્તિક આર્યન પણ અન્ય ફિલ્મોમાં વ્યસ્ત થઈ ગયો છે.

આ ફિલ્મની ફ્રેન્ચાઈઝી બાબતે કાનૂની વિવાદ શરુ થયો હતો. કાર્તિક આર્યને પોતે 'આશિકી થ્રી'માં કામ કરી રહ્યો હોવાની એકપક્ષી જાહેરાત કરી દીધી હતી. આ ફિલ્મમાં ટી સીરિઝ સહ નિર્માતા હોવાનું જણાવાયું હતું. જોકે, બાદમાં ફ્રેન્ચાઈઝીના મૂળ માલિક મુકેશ ભટ્ટે જાહેર નોટિસ દ્વારા જણાવ્યું હતું કે પોતે 'આશિકી' ફ્રેન્ચાઈઝીના હક્કો કોઈને વેચ્યા જ નથી. ફિલ્મના કાસ્ટિંગ અંગે અટકળો શરુ થઈ હતી. તૃપ્તિ ડિમરી હિરોઈન બનશે તેવી વાતો હતી. પરંતુ, 'આશિકી'ની પાછલી બે ફ્રેન્ચાઈઝીની જેમ આ વખતે પણ સર્જકો પ્રમાણમાં ફ્રેશ હોય તેવી અભિનેત્રીને શોધતા હતા. જોકે, ત્યાં સુધીમાં તો તૃપ્તિ 'એનિમલ' સહિતની ફિલ્મોના કારણે બહુ જાણીતી બની ચૂકી હતી. હવે કાર્તિક આર્યન પણ અનુરાગ બસુની રોમાન્ટિક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે. તે પછી તે કરણ જોહરની ફિલ્મનું શૂટિંગ ચાલુ કરવાનો છે. આ સંજોગોમાં હજુ કેટલાક સમય સુધી 'આશિકી થ્રી' આગળ વધશે કે કેમ તે અનિશ્ચિત બની ગયું છે.



# કિયારા અડવાણી વધુ એક હોરર કોમેડી શક્તિ શાલિનીમાં દેખાશે

### સ્ત્રી ફ્રેન્ચાઈઝીના સર્જકોની ફિલ્મ શક્તિ શાલિની આ વર્ષના અંતે રીલિઝ થશે



મુંબઈ : કિયારા અડવાણી વધુ એક હોરર કોમેડી ફિલ્મ 'શક્તિ શાલિની'માં મહત્વની ભૂમિકા ભજવશે. 'સ્ત્રી' ફ્રેન્ચાઈઝીના સર્જકો આ ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મ આ વર્ષના અંતે રીલિઝ થવાની છે.

ભારતીય લોકકથાઓથી પ્રેરિત આ પ્રોજેક્ટનું દિગ્દર્શન અજીતપાલ સિંહ કરવાનો છે. શક્તિ શાલીની મેડોક ફિલ્મસની પાંચમી સ્ટેન્ડએલોન ફિલ્મ બનશે. એક રિપોર્ટના અનુસાર, ફિલ્મનું પ્રોડકશન એપ્રિલ-મેમાં શરૂ કરવામાં આવશે. ફિલ્મની વાર્તા લોકકથાઓથી પ્રેરિત હશે અને તેમાં હોરર અને હાસ્યનું મિશ્રણ સમાવવામાં આવશે. કિયારા અગાઉ હોરર કોમેડી 'ભૂલભૂલૈયા ટૂ'માં કામ કરી ચૂકી છે.

# 'ટોક્સિક'નું ટીઝર રિલીઝ : મોંમાં સિગરેટ સાથે ફુલ સ્વેગમાં જોવા મળ્યો યશ, જન્મદિવસે ફેન્સને આપી ભેટ

(એજન્સી) મુંબઈ | તા.09

સુપરસ્ટાર યશ 8મી જાન્યુઆરીએ પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યો છે. આજે તે 39 વર્ષનો થયો. તેના જન્મદિવસ પર તેણે તેના ચાહકોને એક ખાસ ભેટ આપી છે. યશની આગામી ફિલ્મ 'ટોક્સિક'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે, જેમાં તે દમદાર લુકમાં જોવા મળી રહ્યો છે. ટીઝર સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે અને ફિલ્મને લઈને યશના ચાહકોની ઉત્તેજના બમણી થઈ ગઈ છે.



'ટોક્સિક'ના ટીઝરમાં કોઈ ડાયલોગ નથી, પરંતુ શાનદાર બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાંભળી શકાય છે. ટીઝરમાં જોઈ શકાય છે કે યશ તેની લક્ઝરી કારમાંથી નીચે ઉતરે છે અને સિગાર પીતી વખતે ક્લબમાં સંપૂર્ણ સ્વેગમાં પ્રવેશ કરે છે. તેના લુકની વાત કરીએ તો તે વધેલી દાઢી અને ટૂંકા વાળ સાથે જોવા મળે છે. ટીઝરના અંતે, યશ ક્લબની અંદર એક છોકરીને રિઝવતો કરતો અને તેના પર શેમ્પેનની બોટલ રેડતો જોવા મળે છે.

7 વર્ષમાં યશની ત્રીજી ફિલ્મ યશના ચાહકોને ફિલ્મનું ટીઝર ખૂબ જ પસંદ આવી રહ્યું છે. લગભગ 7 વર્ષના ગાળામાં આ તેની ત્રીજી રિલીઝ હશે. તેની પ્રથમ 'KGF ચેપ્ટર- 1' વર્ષ 2018 માં રિલીઝ થઈ હતી. આ પછી વર્ષ 2022માં સિક્વલ 'KGF ચેપ્ટર 2' આવી. 100 કરોડમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 1200 કરોડથી વધુની કમાણી કરીને ઈતિહાસ રચ્યો હતો. યશની ફિલ્મ 'ટોક્સિક'નું નિર્દેશન ગીતુ મોહનદાસ કરી રહ્યા છે.

# 2 વખત બ્રેકઅપ બાદ જાણીતો એક્ટર હીરોઈન સાથે લગ્ન નહીં કરે

મુંબઈ : એક્ટર પારસ છાબડા એક સમયે માહિરા શર્માને ડેટ કરી રહ્યો હતો. બિગ બોસમાં તેનો પ્રેમ પાંગર્યો હતો પરંતુ હવે બંને અલગ થઈ ચૂક્યા છે. તે આકાંક્ષા પુરી સાથે પણ રિલેશનમાં રહ્યો હતો. બ્રેકઅપનો ગમ વેઠ્યા બાદ પારસ લાઈફમાં મૂવ ઓન થઈ ચૂક્યો છે. હવે તે લગ્ન કરવા ઈચ્છે છે પરંતુ તેની એક શરત છે.

પારસે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે 'મારા માતા યુવતી શોધી રહ્યાં છે. મુંબઈ બાદ હવે વૃંદાવનમાં પુત્રવધૂની શોધ કરશે. હું મમ્મીની પસંદની યુવતી સાથે જ લગ્ન કરીશ. તે જ યુવતીને હું મારી દુલ્હન બનાવીશ. હું ઈન્ડસ્ટ્રીની યુવતી સાથે લગ્ન કરીશ નહીં. જે માતાનો હુકમ છે તે માનીશ. મારે ઈન્ડસ્ટ્રીની યુવતી સાથે બિલકુલ લગ્ન કરવા નથી. શોબિજની યુવતીઓ વધુ ટાઈમ આપી શકતી નથી. કામમાં ખૂબ વ્યસ્ત રહે છે. તેમને નેમ, ફેમનો ખૂબ શોખ હોય છે જો ભૂલથી એક પાર્ટનર કરિયરમાં આગળ વધી જાય છે તો બીજાને ઈર્ષ્યા થવા લાગે છે. મે ઈન્ડસ્ટ્રીમાં આવું થતાં ઘણી વખત જોયું છે અને મે પોતે પણ પોતાની લાઈફમાં આને ફેઝ કર્યું છે.' હવે જોવાનું એ રહેશે કે પારસના માતા ક્યાં સુધી તેના માટે દુલ્હન શોધી શકશે.



# 'તેમના આત્માને શાંતિ ન મળે': પ્રીતિશ નંદીના નિધનની પોસ્ટ પર નીનાએ તેમને હરામખોર કહ્યા...

**ફિલ્મમેકર, લેખક પ્રીતિશ નંદીના મૃત્યુના સમાચાર પર નીના ગુપ્તાની પ્રતિક્રિયા વાઈરલ થઈ રહી છે. અનુપમ ખેરે પોતાનું દુ:ખ વ્યક્ત કરતી પોસ્ટ પોસ્ટ શેર કરી હતી. તેના કોમેન્ટ સેકશનમાં નીનાએ કેટલીક કોમોન્ટો કરી જે ખૂબ જ ચોંકાવનારી હતી. તેણે લખ્યું કે કોઈ રેસ્ટ ઈન પીસ નહીં. નીનાએ એમ પણ લખ્યું કે તે ખુલ્લેઆમ તેને બાસ્ટર્ડ કહે છે. નીનાની કોમેન્ટ હાલ ડિલીટ થઈ ગઈ છે. જોકે, નીનાએ જેના કારણે આ બધું લખ્યું તે સ્ટોરી વાઈરલ થઈ રહી છે.**



(એજન્સી) મુંબઈ | તા.09

પ્રીતિશ નંદીના નિધન નીનાની વિવાદિત પોસ્ટ અનુપમ ખેરે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે તેઓ તેમના પ્રિય મિત્ર પ્રીતિશ નંદીના નિધનથી ખૂબ જ દુ:ખી છે. અનુપમે તેમની પ્રશંસા કરતી વખતે ઉલ્લેખ કર્યો હતો કે પ્રીતિશ નંદીએ મુંબઈમાં તેમના શરૂઆતના દિવસોમાં તેમને ઘણી મદદ કરી હતી. અનુપમ ખેરે તે સમયને યાદ કર્યો જ્યારે બંને હંમેશા સાથે હતા. જ્યારે મેં આ અંગે નીના ગુપ્તાએ તેના પર કોમેન્ટ કરી, તેમના માટે નો RIP.તમે જાણો છો કે તેમણે શું કર્યું છે અને હું ખુલ્લેઆમ તેને બાસ્ટર્ડ કહું છું. તેમણે મારા પુત્રીનું બર્થ સર્ટિફિકેટ ચોરી લીધું હતું અને પ્રકાશિત કરી દીધું હતું. પ્રીતિશ-નીના વચ્ચે શું વિવાદ હતો? પ્રીતિશ અને નીના વચ્ચેના કડવા સંબંધો કોઈથી છુપાયેલા નથી.

નીના હંમેશા પ્રીતિશ પ્રત્યે નારાજગી વ્યક્ત કરતી. પણ શું તમે જાણો છો કે બંને વચ્ચે શું વિવાદ છે? નીના હંમેશા પ્રીતિશને કેમ કોલઆઉટ કરતી હતી? આ પાછળનું કારણ એક્ટ્રેસની ગર્ભાવસ્થા અને તેનો પુત્રી મસાબા ગુપ્તા છે. નીનાનો આરોપ છે કે પ્રીતિશે જ તેની પુત્રી મસાબાનું જન્મ પ્રમાણપત્ર ચોરી લીધું હતું અને તેની ઓળખ જાહેર કરી હતી. એ વાત જાણીતી છે કે નીનાએ લગ્ન કર્યા વિના જ દીકરી મસાબાને જન્મ આપ્યો હતો. ત્યારે આ એક્ટ્રેસ વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર વિવ રિચાર્ડ્સ સાથે રિલેશનશિપમાં હતી. આ સમય દરમિયાન, નીના પ્રેગન્ટ થઈ ગઈ.

જોકે બંનેએ લગ્ન ન કર્યા, પરંતુ એક્ટ્રેસે બાળકને જન્મ આપવાનું નક્કી કર્યું. તે સમયમાં, નીના માટે લગ્ન કર્યા વિના બાળકને જન્મ આપવો એ મોટી વાત હતી. જે બર્થ સર્ટિફિકેટને પ્રીતિશ નંદીએ ચોરયુ હતુ. 1989માં મસાબાના જન્મ પછી તે એક મેગેઝિનમાં પ્રકાશિત થયું હતું. આ પછી ઘણો વિવાદ થયો. આ દસ્તાવેજમાંથી દુનિયાને મસાબાના પિતા વિશે માહિતી મળી. જેને નીના ગુપ્તા ખાનગી રાખવા માંગતી હતી.

જ્યારે નીના પ્રીતિશ પર ગુસ્સે થઈ એક જૂના ઈન્ટરવ્યુમાં નીનાએ કહ્યું હતું કે પ્રીતિશે રજિસ્ટ્રાર ઓફિસમાંથી મસાબાનું જન્મ પ્રમાણપત્ર ચોરી લીધું હતું. તે સમયે તે પત્રકાર હતો. હું મારા ફોઈ સાથે રહેતી હતી. તેમણે જન્મ પ્રમાણપત્ર માટેના દસ્તાવેજો રજૂ કર્યા હતા. અમને કહેવામાં આવ્યું હતું કે, 1 અઠવાડિયા પછી આવો, અમે તમને જન્મ પ્રમાણપત્ર આપીશું. જ્યારે મારી ફોઈ એક અઠવાડિયા પછી ગઈ, ત્યારે તેણે કહ્યું - તમારા કોઈ સંબંધીએ જન્મ પ્રમાણપત્ર લીધું છે. પાછળથી ખબર પડી કે પ્રીતિશે કોઈને મોકલ્યો હતો. પછી તેમણે આ વિશે એક લેખ લખ્યો.

1990માં ટોક શો શરૂ કર્યો પ્રિતેશ નંદીએ 1990ના દાયકામાં દૂરદર્શન પર 'ધ પ્રિતિશ નંદી શો' નામનો ટોક શો હોસ્ટ કર્યો હતો. આ શોમાં તેણે સેલિબ્રિટીઝના ઈન્ટરવ્યુ લીધા હતા.

તેમણે ગોડ્સ એન્ડ ઓલિવ્સ પુસ્તકથી કવિ અને લેખક તરીકે પોતાની ઓળખ બનાવી. તેઓ મહારાષ્ટ્રમાંથી શિવસેના તરફથી રાજ્યસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે. સુર, ચમેલી, હજારોં ખ્વાઈશેં ઐસી જેવી ફિલ્મો બનાવી તેણે 2000 ના દાયકાની શરૂઆતમાં પ્રિતેશ નંદી કોમ્યુનિકેશન્સ હેઠળ 'સૂર', 'કાંટે', 'ઝંકાર બીટ્સ', 'ચમેલી', 'હઝારોં ખ્વાઈશેં ઐસી', 'પ્યાર કે સાઈડ ઈફેક્ટ્સ' જેવી ઘણી ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. છેલ્લી વખત નિર્માતા તરીકે, તેણે એમેઝોન પ્રાઈમ વિડિયોની વેબ સિરીઝ 'ફોર મોર શોટ્સ પ્લીઝ' અને કાવ્યસંગ્રહ શ્રેણી 'મોર્ડન લવ મુંબઈ'નું નિર્માણ કર્યું હતું.



# પંત ICC ટેસ્ટ રેન્કિંગમાં ટૉપ-10 બેટર્સમાં

(એજન્સી) સિડની તા 09

ભારતીય ટીમનો વિકેટકીપર રિષભ પંત ફરી ICC ટેસ્ટ રેન્કિંગમાં ટૉપ-10 બેટર્સમાં પરત ફર્યો છે. તે 12મા સ્થાનેથી નવમા સ્થાને પહોંચી ગયો છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (BGT)ની સિડની ટેસ્ટમાં પંતે 40 અને 61 રનની ઈનિંગ્સ રમી હતી. આ કારણે તેની રેન્કિંગમાં સુધારો થયો છે. આ યાદીમાં ભારતીય ટીમનો બીજો ઓપનર યશસ્વી જયસ્વાલ છે, જે ચોથા નંબર પર યથાવત છે. યશસ્વીએ BGTમાં એક સદી અને 2 અડધી સદી ફટકારી છે. બોલરોની ટોપ-10 રેન્કિંગમાં બુમરાહ પ્રથમ સ્થાને છે. સ્પિનર રવીન્દ્ર જાડેજા 10મા સ્થાનેથી નવમા સ્થાને પહોંચી ગયો છે. 10માં નંબર પર ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર સ્કોટ બોલેન્ડ છે, જે અગાઉ 39માં નંબર પર હતો. સાઉથ આફ્રિકાના ટેસ્ટ કેપ્ટન ટેમ્બા બાવુમા ઓલ-ટાઇમ હાઈ રેટિંગ પર પહોંચી ગયા છે. તેને રેન્કિંગમાં 3 સ્થાનનો ઉછાળો મળ્યો છે. તે હવે 769 રેટિંગ પોઈન્ટ સાથે નંબર-6 પર પહોંચવામાં સફળ રહ્યો છે. બાવુમાની આગેવાની હેઠળ જ સાઉથ આફ્રિકાએ પાકિસ્તાનને સતત બે ટેસ્ટ મેચમાં હરાવ્યું અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.ભારતનો યશસ્વી જયસ્વાલ 847 પોઈન્ટ સાથે નંબર-4 પર યથાવત છે. જ્યારે ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ નંબર-5 પર છે. તેનું રેટિંગ 772 છે. શ્રીલંકાના કામિન્દુ મેન્ડિસને એક સ્થાનનો ઉછાળો મળ્યો છે. તે હવે 759 રેટિંગ પોઈન્ટ સાથે નંબર-7 પર પહોંચી ગયો છે. ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથે એક સ્થાન ગુમાવ્યું છે. તે આઠમા નંબરે આવ્યો હતો.

ન્યૂઝીલેન્ડની ડેરીલ મિચેલ 725 રેટિંગ સાથે 10માં નંબર પર યથાવત છે.બેટર્સની રેન્કિંગમાં ટૉપ-5માં કોઈ ફેરફાર થયો નથી. ઈંગ્લેન્ડનો જો રૂટ હજુ પણ નંબર-1 પર છે. તેનું રેટિંગ 895 છે. ઈંગ્લેન્ડનો હેરી બ્રુક બીજા સ્થાને છે. તેનું રેટિંગ 876 છે. ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન 867 પોઈન્ટ સાથે ત્રીજા નંબર પર છે.ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી સિડની ટેસ્ટમાં રિષભે બીજી ઈનિંગમાં બીજી સૌથી ઝડપી અડધી સદી ફટકારી હતી. તેણે 29 બોલમાં અડધી સદી ફટકારી હતી. પંતે 61 રનની ઈનિંગ રમી હતી. જેના કારણે તેને તેની રેન્કમાં 3 સ્થાનનો ફાયદો થયો છે. હવે તેના 739 રેટિંગ પોઈન્ટ છે. ઓસ્ટ્રેલિયા સામે 32 વિકેટ લઈને પ્લેયર ઓફ ધ સિરીઝ બનેલા જસપ્રીત બુમરાહ પ્રથમ સ્થાન પર છે. તે કારકિર્દીના સર્વશ્રેષ્ઠ 908 રેટિંગ પર છે. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ 841 રેટિંગ સાથે બીજા સ્થાને છે.

# ઓસ્ટ્રેલિયાના કોન્સ્ટાસે કહ્યું- બુમરાહને ઉશ્કેરવો મારી ભૂલ

(એજન્સી) સિડની તા 09

19 વર્ષીય ઓસ્ટ્રેલિયન ઓપનર સેમ કોન્સ્ટાસે સિડનીમાં જસપ્રીત બુમરાહ સાથેના વિવાદ પર પોતાની ભૂલ સ્વીકારી લીધી છે. તેણે કહ્યું, ઉસ્માન ખ્વાજા બેટિંગ માટે વધુ સમય લઈ રહ્યો હતો, બુમરાહે તેને ઝડપથી બેટિંગ કરવા કહ્યું. નોન-સ્ટ્રાઈકર એન્ડ પર જ્યારે મેં બુમરાહ સાથે દલીલ કરી તો તે ગુસ્સે થઈ ગયો. આગલા બોલ પર તેણે ખ્વાજાને પેવેલિયન મોકલી દીધો.

ભારત ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 3-1થી હારી ગયું હતું. સિરીઝની છેલ્લી મેચ 3 જાન્યુઆરીથી સિડનીમાં રમાઈ હતી. મેચના પહેલા દિવસની છેલ્લી ઓવરમાં કોન્સ્ટાસ બિનજરૂરી રીતે બુમરાહ સાથે ચર્ચા કરતા જોવા મળ્યો હતો. કોન્સ્ટાસે આ મામલે ઓસ્ટ્રેલિયન ચેનલ ટ્રિપલ એમ પર જણાવ્યું કે, બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં સિડની ટેસ્ટના પહેલા દિવસે છેલ્લો સેશન ચાલી રહ્યો હતો. બુમરાહ બોલિંગ કરી રહ્યો હતો. ઓસ્ટ્રેલિયન ટીમ માટે ઉસ્માન ખ્વાજા અને સેમ કોન્સ્ટન્સ ઓપનિંગ કરવા આવ્યા હતા. બુમરાહ ઝડપથી ઓવર ફેંકવા માગતો હતો અને દિવસની રમત પૂરી થાય તે પહેલા ભારતને વધુ એક ઓવર આપવા માગતો હતો. દરમિયાન, ખ્વાજાએ સ્ટ્રાઈકર એન્ડ પર સમય કાઢવાનું શરૂ કર્યું, તે સમય કાઢી રહ્યો હતો જેથી તેને આગલી ઓવર રમવાની જરૂર ન પડે. બુમરાહે તેને બેટિંગ કરવા કહ્યું, પછી બુમરાહને ઉશ્કેરવા માટે નોન-સ્ટ્રાઈકર એન્ડથી કંઈક કહ્યું. જે બાદ બંને વચ્ચે વિવાદ વધી ગયો હતો. અમ્પાયરે દરમિયાનગીરી



કરીને બંનેને અલગ કરવા પડ્યા હતા. મારી વાત પર બુમરાહ ગુસ્સે થયો અને બીજા જ બોલ પર ખ્વાજા સ્લિપમાં કેએલ રાહુલના હાથે કેચ આઉટ થયો. તે ક્રિકેટનો એક ભાગ છે. શ્રેય બુમરાહને જાય છે કે તેણે બીજા જ બોલ પર ઉસ્માનને પેવેલિયન મોકલી દીધો. કોન્સ્ટાસે વધુમાં કહ્યું કે બુમરાહ એક શાનદાર બોલર છે. અમે સિરીઝમાં સારું પ્રદર્શન કર્યું. મેદાન પર ગમે તે થાય, હું મારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરું છું. મને લાગે છે કે મારા આગમનને કારણે બીજી ટીમમાં થોડી ગભરાટ હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાને સ્થળ બદલ્યું

(એજન્સી) લાહોર તા 09

ચેમ્પિયન્સ ટ્રોફી માટે, પાકિસ્તાને તેના ત્રણ સ્થળો લાહોર, કરાચી અને રાવલપિંડીનું નવીનીકરણ કરવાનું શરૂ કર્યું હતું, જેમાં સૌથી વધુ કામ લાહોર અને કરાચીમાં થઈ રહ્યું છે. જોકે, ત્યાંથી આવી રહેલી તસવીરો તૈયારીઓ પર સવાલો ઉભા કરી રહી છે. આ બધા વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા યોજાનાર ત્રિકોણીય શ્રેણી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે સ્થળ બદલ્યું હતું.



ICC ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને UAEમાં શરૂ થવા જઈ રહી છે. ઘણા અઠવાડિયાના વિવાદ બાદ આખરે ટૂર્નામેન્ટ પર છવાયેલા વાદળો સાફ થઈ ગયા. પરંતુ હજુ પણ ટુર્નામેન્ટને લઈને એક ટેન્શન ચાલુ છે અને તે છે પાકિસ્તાનના સ્ટેડિયમોની હાલત. પાકિસ્તાનમાં ટૂર્નામેન્ટની મેચો લાહોર, કરાચી અને રાવલપિંડીમાં આયોજિત થવાની છે, પરંતુ સ્ટેડિયમ હજુ સંપૂર્ણ રીતે તૈયાર નથી. આવી સ્થિતિમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે સ્થળ બદલવાની જાહેરાત કરી છે. પરંતુ આ ફેરફાર ચેમ્પિયન્સ ટ્રોફી માટે નહીં પરંતુ તે પહેલા યોજાનારી ત્રિકોણીય વનડે શ્રેણી માટે થયો છે.ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાનમાં જ એક ત્રિકોણીય વનડે શ્રેણી રમાવાની છે, જેમાં યજમાન પાકિસ્તાન સિવાય ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા પણ ભાગ લેશે. આ શ્રેણી 8મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને તેમાં ટૂર્નામેન્ટ પહેલા મુલતાન ક્રિકેટ સ્ટેડિયમમાં આયોજિત થવાની હતી, પરંતુ હવે પાકિસ્તાની બોર્ડે આ ચાર મેચોને લાહોર અને બંને ચેમ્પિયન્સ ટ્રોફીના સ્થળ પણ છે. PCBએ બુધવારે 8 જાન્યુઆરીએ આ ફેરફારની જાહેરાત કરી હતી.

# ડીવિલિયર્સ ભારતીય ખેલાડીઓને SA20માં રમતા જોવા માગે છે



(એજન્સી) કેપટાઉન તા 09

સાઉથ આફ્રિકાનો ભૂતપૂર્વ ક્રિકેટર એબી ડી વિલિયર્સને આશા છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ભવિષ્યમાં ભારતીય ખેલાડીઓને SA20માં ભાગ લેવાની મંજૂરી આપશે. SA20ની ત્રીજી સિઝન પહેલા મીડિયા સાથે વાત કરતા લીગ એમ્બેસેડર ડી વિલિયર્સે કહ્યું કે, જો BCCI આવું કરશે તો તેનાથી લોકપ્રિયતા વધશે. હું ભારતીય ખેલાડીઓને આ લીગમાં રમતા જોવા માગુ છું.

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટર દિનેશ કાર્તિકે SA20 લીગ રમવા માટે પર્લ્સ રોયલ્સ સાથે કરાર કર્યો છે. તે S A 2 0 લીગનો ભાગ બનનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો. SA20 લીગની ત્રીજી સિઝન 9 જાન્યુઆરીથી શરૂ થશે. BCCI તેના સક્રિય ખેલાડીઓને વિદેશી લીગમાં ભાગ લેવાની મંજૂરી આપતું નથી. ડી વિલિયર્સે કહ્યું કે, કાર્તિક સિવાય હું વધુ ભારતીય ખેલાડીઓને તેમાં ભાગ લેતા જોવા માગુ છું. અમે જાણીએ છીએ કે દિનેશ કાર્તિક આ વર્ષે અહીં આવશે જે શાનદાર છે અને તે ટુર્નામેન્ટ માટે શાનદાર છે. 9 જાન્યુઆરીએ સનરાઈઝર્સ અને MI કેપટાઉન વચ્ચે પ્રથમ મેચ સાઉથ આફ્રિકાની ફ્રેન્ચાઈઝી લીગ SA20ની ત્રીજી સિઝન 9 જાન્યુઆરીથી શરૂ થશે. પ્રથમ મેચ 2 વખતની ચેમ્પિયન સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ અને MI કેપટાઉન વચ્ચે કેબરાના સેન્ટ જ્યોર્જ પાર્કમાં રમાશે. જ્યારે લીગની ફાઈનલ 8 ફેબ્રુઆરીએ વાન્ડરર્સ ખાતે યોજાશે.આ લીગની પ્રથમ બે સિઝન એડન માર્કરમની કેપ્ટનશિપ હેઠળ સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ ટીમે જીતી છે. પ્રથમ સિઝનમાં, ઈસ્ટર્ન કેપે પ્રિટોરિયા કેપિટલ્સને હરાવીને ટાઇટલ જીત્યું હતું. જ્યારે ગત સિઝનમાં ટીમે ફાઈનલમાં ડર્બન સુપર જાયન્ટ્સને હરાવીને સતત બીજી વખત ટ્રોફી પોતાના નામે કરી હતી.સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપે ડરબન સુપર જાયન્ટ્સને 89 રનથી હરાવીને 2024નું ટાઇટલ જીત્યું. ટીમ 2023માં પ્રથમ સિઝનમાં પણ ચેમ્પિયન બની હતી.

# કરોડોની ઈનામી રકમ માટે 6 ટીમો વચ્ચે થશે ટક્કર



(એજન્સી) કેપટાઉન તા 09

દક્ષિણ આફ્રિકાની T20 લીગ SA20ની આગામી સિઝન શરૂ થવામાં થોડા કલાકો બાકી છે. SA20ની ત્રીજી સિઝન 9 જાન્યુઆરીથી શરૂ થવા જઈ રહ્યું છે. દક્ષિણ આફ્રિકામાં યોજાનારી આ લીગમાં વિવિધ દેશોના ખેલાડીઓ રમતા જોવા મળશે. કરોડોની ઈનામી રકમ માટે કુલ 6 ટીમો એકબીજા સામે ટકરાશે. તો ચાલો જાણીએ તેની ઈનામી રકમ અને તમામ ટીમો વિશે. અમે તમને એ પણ જણાવીશું કે ભારતમાં દર્શકો ઘરે બેઠા ક્યાં અને કેવી રીતે આ T20 લીગનો આનંદ માણી શકશે. SA20ની શરૂઆત 2022-23માં કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં બે સિઝન યોજાઈ ચૂકી છે. સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ બંને સિઝનમાં ચેમ્પિયન રહ્યું છે. હવે ત્રીજી સિઝનની શરૂઆત 9 જાન્યુઆરીએ સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ અને એમઆઈ કેપટાઉન વચ્ચેની મેચથી થશે.

SA20ની શરૂઆત 2022-23માં કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં બે સિઝન યોજાઈ ચૂકી છે. સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ બંને સિઝનમાં ચેમ્પિયન રહ્યું છે. હવે ત્રીજી સિઝનની શરૂઆત 9 જાન્યુઆરીએ સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ અને એમઆઈ કેપટાઉન વચ્ચેની મેચથી થશે.

# રાજકોટના મેદાન પર પહેલીવાર મહિલા ODI મેચ આયોજન થશે




(એજન્સી) રાજકોટ તા 09

ભારતીય મહિલા ટીમ અને આયરલેન્ડની મહિલા ટીમ વચ્ચે 3 મેચની વનડે સીરિઝની પહેલી મેચ 10 જાન્યુઆરીના રોજ રાજકોટમાં રમાશે.રાજકોટના આ મેદાન પર પહેલીવાર મહિલા ODI મેચ રમાશે. ભારતીય મહિલા ટીમ 2025 ની શરૂઆતમાં આયર્લેન્ડ મહિલા ટીમ સામે ત્રણ મેચની ODI સીરિઝ રમશે, જેના માટે બંને ટીમોની જાહેરાત પહેલાથી જ થઈ ગઈ છે. ભારતીય ટીમની નિયમિત કેપ્ટન હરમનપ્રીત કૌરને આરામ આપવામાં આવ્યો છે અને તેમના સ્થાને સ્મૃતિ મંધાના કેપ્ટનશીપની જવાબદારી સંભાળશે. દીપ્તિ શર્માને વાઈસકેપ્ટન બનાવવામાં આવી છે. ભારતીય મહિલા ટીમ આજ સુધી આયર્લેન્ડ મહિલા ટીમ સામે ક્યારેય ODI મેચ હારી નથી. તમને જણાવી દઈએ કે, આ મેચ રાજકોટમાં રમાવાની છે.બંન્ને ટીમ વચ્ચે પહેલી મેચ રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમમાં 10 જાન્યુઆરીના રોજ રમાશે. આ સ્ટેડિયમમાં પહેલી વખત મહિલા ક્રિકેટ ટીમ કોઈ ODI મેચ રમશે. ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ અહિ ત્રણેય ફોર્મેટમાં ક્રિકેટ રમી ચૂકી છે.રાજકોટના ચાહકો માટે તે એક રોમાંચક ક્ષણ હશે જ્યારે કોઈ મહિલા ટીમ ત્યાં પહેલીવાર ODI ભારતીય ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓને તક મળી છે.

# વર્લ્ડ કપમાં ડબલ સેન્ચુરી ફટકારનાર ખેલાડીએ કરી સંન્યાસની જાહેરાત

(એજન્સી) ન્યુઝીલેન્ડ તા 09

ન્યુઝીલેન્ડના અનુભવી બેટ્સમેને અચાનક જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. આ ખેલાડીએ તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ 2 વર્ષ પહેલા રમી હતી. આ ખેલાડી T20 ફોર્મેટમાં પોતાના દેશ માટે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ છે.

ન્યુઝીલેન્ડના અનુભવી બેટ્સમેન માર્ટિન ગપ્ટિલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરી છે. 2009માં પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરનાર માર્ટિન ગપ્ટિલ છેલ્લા બે વર્ષથી ન્યુઝીલેન્ડની ટીમનો ભાગ નહોતો. માર્ટિન ગપ્ટિલ ન્યુઝીલેન્ડ માટે ત્રણેય ફોર્મેટમાં રમ્યો છે. આ સાથે તેની 14 વર્ષની લાંબી આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત આવી ગયો છે. આ દરમિયાન તેણે ન્યુઝીલેન્ડ ટીમ માટે ઘણા મોટા રેકોર્ડ બનાવ્યા. જો કે, તે હજુ પણ T20 લીગ ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખશે.માર્ટિન ગપ્ટિલ T20I ફોર્મેટમાં ન્યુઝીલેન્ડ માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. આ સિવાય તેણે વનડે વર્લ્ડ કપમાં બેવડી સદી ફટકારવાની સિદ્ધિ પણ હાંસલ કરી છે. તેણે 2015 ODI વર્લ્ડ કપ



દરમિયાન આ બેવડી સદી ફટકારી હતી. આ સિવાય તે ન્યુઝીલેન્ડ માટે વનડેમાં ત્રીજો સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન પણ છે. પોતાની નિવૃત્તિની જાહેરાત કરતા માર્ટિન ગપ્ટિલે કહ્યું, 'નાના બાળક તરીકે ન્યુઝીલેન્ડ માટે રમવું હંમેશા મારું સપનું હતું અને હું મારા દેશ માટે 367 મેચ રમી શકવા બદલ અવિશ્વસનીય રીતે ભાગ્યશાળી અને ગર્વ અનુભવું છું.' માર્ટિન ગપ્ટિલે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાન ન્યુઝીલેન્ડ માટે કુલ 198 ODI, 122 T20 અને 47 ટેસ્ટ મેચ રમી છે. તેણે ટેસ્ટમાં 17 અડધી સદી અને 3 સદીની મદદથી 2586 રન બનાવ્યા છે. વનડેમાં ગપ્ટિલે 41.73ની એવરેજથી 7346 રન બનાવ્યા.

# યુકી ભાંબરી ઑકલેન્ડમાં ATP ટૂરની ક્વાર્ટર ફાઇનલમાં



(એજન્સી) નવી દિલ્હી તા 09

ભારતીય ટેનિસ ખેલાડીઓ માટે બુધવારનો દિવસ ATP ટૂર ટૂર્નામેન્ટમાં મિશ્રા પરિણામવાળો રહેવા પામ્યો હતો. ઑકલેન્ડ ખાતે રમાયેલી એએસબી ક્લાસિક ટેનિસ ટૂર્નામેન્ટમાં ભારતીય ટેનિસ સ્ટાર યુકી ભાંબરી અને તેના ફ્રેન્ચ જોડીદાર અલ્બાનો ઓલિવેટ્ટી સીધા સેટોમાં વિજય મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા હતા. ભાંબરી અને ઓલિવેટ્ટીએ સેન્ડર એરેન્ડ્સ અને લ્યૂક જોન્સનની જોડીને હરાવી હતી. ભારત-ફ્રાન્સની જોડીએ 6-4, 6-4થી સીધા સેટમાં જીત મેળવી હતી. તેમણે માત્ર 71 મિનિટ સુધી ચાલેલી મેચમાં પોતાની હરીફ જોડીને સ્પર્ધા બહાર કરવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. ભાંબરી અને ઓલિવેટ્ટી હવે જુલિયન કેશ અને લિયોગ ગ્લાસપુલ તેમજ અરીજ રાય જોડી સામે ટકરાશે.બીજી તરફ ઓસ્ટ્રેલિયાના એડિલેડમાં એન. શ્રીરામ બાલાજી અને તેના મેક્સિકન જોડીદાર હતા. પહેલા સેટમાં જીત મેળવવા છતાં તેઓ ચોથી ક્રમાંકિત જોડી હેરી હેલિઓવારા અને હનરી પેટ્ટનની જોડી સામે પરાજિત થયા હતા.

# આર્સેનલ સામે જીતની સાથે ન્યૂકેસલ યુનાઈટેડ લીગ કપની ફાઇનલમાં



(એજન્સી) પેરિસ તા 09

ન્યૂકેસલ યુનાઈટેડે લીગ કપ ફાઈનલમાં રમવા માટે મોટો કૂદકો લગાવ્યો છે. મંગળવારે રમાયેલી સેમિફાઈનલ્સના પહેલા હરાવીને બહાર કર્યુ હતું. એલેક્ઝાન્ડર ઈસાક અને એન્થની ગોર્ડને ટીમ વતી ગોલ ફટકારીને ન્યૂકેસલ યુનાઈટેડને જીત અપાવી હતી. આ પરાજય સાથે જ આર્સેનલે પાંચ ફેબ્રુઆરીએ રમાનાર રિટર્ન લેગમાં મોટા પડકારનો સામનો કરવો પડશે. આ સેમિફાઈનલ મેચના વિજેતાએ ટોટનહામ હોટસ્પર અથવા લિવર પૂલનો ટાઈટલ પર કબજા માટે સામનો કરવો પડશે. હાલ ઈંગ્લેન્ડની ટીમના સૌથી પ્રોલિફિક સ્ટ્રાઈકર એવા ઈસાકે ન્યૂકેસલ માટે મેચમાં પહેલો ગોલ ફટકાર્યો હતો અને તેણે બીજો ગોલ કરવામાં મદદ કરી હતી. જ્યારે આર્સેનલની વાત કરીએ તો ટીમમાં કાઈ વાવેર્ત્ઝ, માર્ટિન ઓડેગાર્ડ અને ગેબ્રિયલ માર્ટિનેલ્લી પરત ફરવા છતાં તેઓનું પ્રદર્શન સારું રહ્યું નહોતું અને તેણે પરાજયનો સામનો કરવાની નોબત આવી હતી.

# ડિપોર્ટિવો મિનેરા સામે જીતની સાથે રિયલ મેડ્રિડ કોપા ડેલ રેના અંતિમ-16માં

(એજન્સી) પેરિસ તા 09

સ્ટાર મિડફિલ્ડર લુકા મોડ્રિકેના શાનદાર પ્રદર્શનના જોરે રિયલ મેડ્રિડે ડિપોર્ટિવા મિનેરાને 5-0થી સજ્જડ પરાજય આપીને કોપા ડેલ રેની પ્રી-ક્વાર્ટર ફાઈનલ્સમાં પ્રવેશ કર્યો હતો. સ્પેનની આ દિગ્ગજ ફૂટબોલ ટીમની આ ફાઈવ સ્ટાર જીત ફ્રેડરિકો વેલ્વેર્ડે, એડુઆર્ડો કેમિવિંગા અને આર્ડા ગુલેર દ્વારા પહેલા હાફમાં ફટકારવામાં આવેલા ગોલના જોરે આવી હતી. ચોથો ગોલ મેચના બીજા હાફમાં તે સમયે આવ્યો હતો જ્યારે મોડ્રિકે ગોલ કર્યો હતો અને ત્યારબાદ ગુલેરે ગોલ કરીને મેચનુંભાવી સીલ કરી નાખ્યુ હતું.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા અફઘાનિસ્તાન ટીમમાં મોટો ફેરફાર

(એજન્સી) અફઘાનિસ્તાન તા 09

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં 8 ટીમો ભાગ લઈ રહી છે. ટૂર્નામેન્ટની શરૂઆત પહેલા પૂર્વ પાકિસ્તાની દિગ્ગજ અફઘાનિસ્તાનમાં પ્રવેશી ચૂક્યો છે. ODI ક્રિકેટમાં 7249 રન બનાવનાર પૂર્વ પાકિસ્તાની ક્રિકેટરને ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે અફઘાનિસ્તાન ટીમ દ્વારા તેના માર્ગદર્શક તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.અફઘાનિસ્તાનની ટીમ 21 ફેબ્રુઆરીથી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પોતાના અભિયાનની શરૂઆત કરશે. અફઘાનિસ્તાનની પ્રથમ મેચ દક્ષિણ આફ્રિકા સાથે થશે. હવે આ ટૂર્નામેન્ટ માટે અફઘાનિસ્તાને પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર યુનિસ ખાનને ટીમનો મેન્ટર બનાવ્યો છે. યુનુસે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં 118 ટેસ્ટ મેચોમાં 10099 રન બનાવ્યા છે યુનુસે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં 118 ટેસ્ટ મેચોમાં 10099 રન બનાવ્યા છે, જેમાં તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર 313 રન છે. તે ICC રેન્કિંગમાં વિશ્વનો નંબર 1 બેટ્સમેન પણ હતો. તેમની કેપ્ટનશીપ હેઠળ પાકિસ્તાનની ટીમે 2009માં તેનો એકમાત્ર T20 વર્લ્ડ કપ પણ જીત્યો હતો. નિવૃત્તિ બાદ તેણે ઘણી હતી. તેઓ થોડા સમય માટે પાકિસ્તાન ટીમના બેટિંગ કોચ પણ હતા. યુનુસે પાકિસ્તાન સુપર લીગ (PSL) માં પેશાવર ઝાલ્મી સાથે કામ કર્યું છે, જ્યારે તાજેતરમાં તેણે અબુ ધાબી T10 લીગમાં બાંગ્લા ટાઈગર્સ માટે મુખ્ય કોચ તરીકે સેવા આપી હતી.

# ભારતની 16 વર્ષીય અનહત સિંહે બ્રિટિશ જુનિયર ઓપન સ્ક્વોશ ટાઇટલ જીતી

(એજન્સી) નવી દિલ્હી તા 09

અનહત: ભારતની ગૌરવશાળી ખેલાડી દેશની ઉભરતી સ્ક્વોશ ખેલાડી 16 વર્ષીય અનહત સિંહે અંડર-17 બ્રિટિશ ઓપન જુનિયર સ્ક્વોશ ટૂર્નામેન્ટનો ખિતાબ જીતી લીધો હતો. ટોચની ક્રમાંકિત અનહતે ફાઈનલમાં ઈજિપ્તની બીજો ક્રમાંક ધરાવતી મલિકા અલ કરાક્સીને એક સેટ પાછળ થયા બાદ 4-11, 11-9, 6-11, 11-5, 11-3થી આ પહેલા અહીં અંડર-11 અને અંડર-15 કેટેગરીમાં ખિતાબ જીતી ચુકી છે. ગયા વર્ષે જ અનહત અંડ-17ની ફાઈનલમાં પહોંચી હતી પરંતુ તેનો પરાજય થયો હતો. 2022માં અનહત કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેનારી દેશની સૌથી યુવા ખેલાડી બની હતી. અનહત એશિયન ગેમ્સ અને એશિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલિસ્ટ છે. વર્તમાનમાં અનહત વિશ્વમાં 82 ક્રમાંક ધરાવે છે.

## લોસ એન્જલસમાં કમલા હેરિસનું ઘર ખાલી કરાવાયું, ઈમરજન્સી લાગુ

# કેલિફોર્નિયાની આગમાં હોલિવૂડ સ્ટાર્સના ઘર સળગ્યા

(એજન્સી) વોશિંગ્ટન તા 09

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં લોસ એન્જલસ નજીકના ત્રણ જંગલોમાં મંગળવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. CNN મુજબ, આગ પહેલા પેસિફિક પેલિસેડ્સ, ઈટન અને હર્સ્ટના જંગલોમાં લાગી હતી અને પછી હવે રહેણાંક વિસ્તારોમાં પણ ફેલાઈ રહી છે. પેસિફિક પેલિસેડ્સમાં સવારે 10 વાગ્યે, ઈટનમાં સાંજે 6 વાગ્યે અને હર્સ્ટમાં રાત્રે 10 વાગ્યે આગ ફાટી નીકળી હતી. કેટલાક હોલીવુડ સ્ટાર્સના બંગલા પણ બળીને રાખ થઈ છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.પેસિફિક પેલિસેડ્સને સૌથી વધુ નુકસાન થયું છે. અહીં આગ દોઢ દિવસમાં 3,000 એકર સુધીના વિસ્તારમાં ફેલાઈ ગઈ છે. આગના કારણે 30 હજારથી વધુ લોકોને તેમના ઘર છોડવા પડ્યા હતા. રિપોર્ટ મુજબ, પેસિફિક પેલિસેડ્સમાં લાગેલી આ આગ એક મિનિટમાં પાંચ ફૂટબોલ મેદાન જેટલા વિસ્તારને બાળીને રાખ કરી રહી છે.કેલિફોર્નિયા પ્રશાસને સામાન્ય લોકોને અસરગ્રસ્ત વિસ્તારમાં ન જવાની સલાહ આપી છે. દરમિયાન રાષ્ટ્રપતિ જો બાઈડને આર્થિક મદદની જાહેરાત કરી છે.શા માટે આગ ભભૂકી રહી છે? હેલિકોપ્ટર અને પ્લેન વડે આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ ભારે પવનોને કારણે આગ પર કાબૂ મેળવવો મુશ્કેલ બની રહ્યો છે. પવનની દિશા બદલાવાને કારણે અલગ-અલગ જગ્યાએ આગ સતત ફેલાઈ રહી છે.આગના કારણે માત્ર જાનમાલને નુકસાન જ નથી થયું પરંતુ પર્યાવરણને પણ ગંભીર નુકસાન થઈ રહ્યું છે. આગમાં સેંકડો વૃક્ષો અને પ્રાણીઓ સળગી ગયા છે.



### લોસ એન્જલસની ભીષણ આગે હોલીવુડને ઝપટે લીધું

લોસ એન્જલસ શહેરના પોશ પેલિસેડ્સ વિસ્તારમાં આગને કારણે ઘણા હોલીવુડ સ્ટાર્સના બંગલાઓ બળી ખાખ થઈ ગયા હતા. માર્ક હેમિલ, પેરિસ હિલ્ટન, જેમી લી કર્ટિસ, મેન્ડી મૂર, મારિયા શ્રીવર, એશ્ટન કુચર, જેમ્સ વુડ્સ અને લેઈટન મીસ્ટર સહિત ઘણા હોલીવુડ સ્ટાર્સના ઘરોમાં આગ લાગી છે. ઘણા સેલિબ્રિટીઓને પોતાના ઘર છોડવા પડ્યા છે. લોસ એન્જલસ પ્રશાસને સમગ્ર શહેરમાં ઈમરજન્સી જાહેર કરી છે. તે અમેરિકામાં સૌથી વધુ વસ્તી ધરાવતો વિસ્તાર છે. અહીં 1 કરોડ લોકો રહે છે.

### ઓસ્કર નોમિનેશન્સ આગળ વધારવાનો નિર્ણય

એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસે ઓસ્કાર નોમિનેશન વોટિંગ વિન્ડો લંબાવી છે. આશરે 10000 એકેડેમી સભ્યો માટે મતદાન 8 જાન્યુઆરીથી શરૂ થયું હતું અને 12 જાન્યુઆરીના રોજ પૂર્ણ થવાનું છે. જોકે, હવે આ સમયમર્યાદા બે દિવસ લંબાવવામાં આવી છે અને 14 જાન્યુઆરીએ સમાપ્ત થશે. લોસ એન્જલસમાં ફેલાયેલી ભીષણ આગને ધ્યાનમાં રાખીને એકેડેમીએ આ નિર્ણય લીધો છે. એટલું જ નહીં, જે નામાંકનોની જાહેરાત પહેલા 17 જાન્યુઆરીએ થવાની હતી તે હવે 19 જાન્યુઆરી સુધી મુલતવી રાખવામાં આવી છે.

**પ્રિયંકા ચોપરાએ વ્યકત કરી ચિંતા :** પ્રિયંકાએ પણ ઈન્સ્ટાગ્રામ પર આ અંગે પોસ્ટ શેર કરી છે. જેમાં પ્રિયંકાએ લખ્યું, આ આગથી પ્રભાવિત થયેલા તમામ લોકો સાથે મારી સંવેદના છે. મને આશા છે કે તમે પણ સુરક્ષિત હશો. ઝડપથી વધી રહેલી આગને કારણે હજારો એકર જમીન અને સેંકડો ઘરોનો નાશ થયો છે.

### વિમાનમાંથી આગનો વીડિયો

લોસ એન્જલસ સુધી વિસ્તરેલા વિસ્તારમાં ઘણા ઘરો સળગી ગયા હતા અને ઘણા લોકોઓ ઘર છોડી દીધા હતા. X પર આ ભયાનક ઘટનાના ઘણા વીડિયો વાયરલ થયા છે. ફ્લાઈટમાંથી રેકોર્ડ કરાયેલા વીડિયોમાં આગ ફેલાતી પણ જોઈ શકાય છે. જંગલમાં ફેલાયેલી આગને કારણે અહીંના લગભગ 50 હજાર લોકોને તાત્કાલિક તેમના ઘર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું

## ભારતીય મુળના Anita Anand લઈ શકે છે Canada ના PM તરીકે ટ્રૂડોનું સ્થાન !

(એજન્સી) કેનેડા તા 09



કેનેડામાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ ભારતીય મૂળના સાંસદ અનિતા આનંદનું નામ વડાપ્રધાન પદ માટે મુખ્ય રીતે વિચારવામાં આવી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સત્તાધારી લિબરલ પાર્ટી આ વર્ષે યોજાનારી સંસદીય ચૂંટણી પહેલા નવા વડાપ્રધાનની પસંદગી કરી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે અનીતાના નામ પર પાર્ટીમાં સહમતિ બની શકે છે. જો આમ થશે તો કેનેડામાં વડાપ્રધાન પદ સુધી પહોંચનારી તે પ્રથમ અશ્વેત મહિલા હશે. હાલ માટે, નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી ટ્રુડો પદ પર રહેશે.

અનિતા આનંદ લિબરલ પાર્ટીના વરિષ્ઠ સભ્ય છે. તે 2019 થી કેનેડિયન સંસદના સભ્ય પણ છે. તેમણે ટ્રુડો સરકારમાં જાહેર સેવા અને પ્રાપ્તિ મંત્રાલય, રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલય અને ટ્રેઝરી બોર્ડના અધ્યક્ષ સહિત અનેક મુખ્ય પોર્ટફોલિયો સંભાળ્યા છે. તેઓ 2024 થી પરિવહન અને આંતરિક વેપાર પ્રધાન છે.જો અનિતા PM બનશે તો તે આ પદ પર પહોંચનારી દેશની બીજી મહિલા હશે. અનિતાના પિતા તમિલનાડુના હતા જ્યારે તેની માતા પંજાબની હતી. જો કે, અનિતાનો જન્મ અને ઉછેર કેનેડાના ગ્રામીણ વિસ્તાર નોવા સ્કોટીયામાં થયો હતો.

# રાજકારણમાં ફેરબદલ:2 વર્ષમાં 9 યુરોપિયન દેશમાં રાષ્ટ્રવાદી સરકાર

(એજન્સી) લંડન તા 09

જર્મની, ફ્રાન્સમાં પરંપરાગત પક્ષો પાછળ રહી ગયા યુરોપમાં રાષ્ટ્રવાદી લહેર છવાઈ છે. છેલ્લાં 2 વર્ષ દરમિયાન યુરોપના 44 દેશોમાં રાષ્ટ્રવાદી પાર્ટીની સરકાર રચાઈ છે. બે વર્ષ સુધી યુરોપના કોઈ પણ દેશમાં રાષ્ટ્રવાદી અથવા કટ્ટર દક્ષિણપંથી પાર્ટીની સરકાર બની ન હતી. આ દરમિયાન ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોની સૌથી લોકપ્રિય રાષ્ટ્રવાદી નેતા તરીકે ઉભરી આવ્યાં છે. ઈનસાઈડ યુરોપના તાજેતરના સરવે મુજબ મેલોનીની લોકપ્રિયતા 62 ટકા છે, જે કોઈ પણ યુરોપિયન દેશના નેતાથી સૌથી વધુ છે. લોકપ્રિય નેતાઓના લિસ્ટમાં બીજા સ્થાને હંગરીના પીએમ વિક્તોર ઓરબન છે. તેમની લોકપ્રિયતા 52 ટકા છે. જર્મનીમાં 23 ફેબ્રુઆરીએ સમય પહેલાં ચૂંટણી ચાન્સેલર સ્કોલ્ઝનું ગઠબંધન પાછળ રહી ગયું છે.



### યુરોપમાં રાષ્ટ્રવાદી પાર્ટીઓની લોકપ્રિયતા શા માટે વધી?

યુરોપમાં 10 વર્ષથી ઈમિગ્રન્ટ્સ દ્વારા રોજગાર છીનવવો અને આતંકવાદની ઘટનાઓને લીધે લોકોમાં રોષ છે. ત્યારે આ લોકોને પોતાના પક્ષમાં લાવવામાં રાષ્ટ્રવાદી પાર્ટીઓ સફળ રહી છે.

**શું આ ટ્રેન્ડ વધતો જશે? :** હા, આગામી સમયમાં યુરોપના અન્ય દેશોમાં પણ રાષ્ટ્રવાદી પાર્ટીઓ સરકાર બનાવશે અથવા તો તેમની પકડ મજબૂત થશે. તેમનો એજન્ડો શું છે? આ પક્ષો સામાન્ય લોકોને કહે છે કે બિનસાંપ્રદાયિક, સમાજવાદી અને ઉદાર મૂલ્યો કરતાં રોજગાર અને સુરક્ષા મોટા મુદ્દા છે. આ પક્ષોનો એજન્ડા આ મુદ્દાઓને ઉઠાવવાનો છે.

**યુરોપનું ભવિષ્ય કેવું હશે?** મોટા દેશોમાં હવે માત્ર બ્રિટન જ છે, જ્યાં રાષ્ટ્રવાદી પાર્ટીઓને સમર્થન નથી પરંતુ અમેરિકાના નવનિયુક્ત રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમના સહયોગી બ્રિટનની લેબર સરકારને ટાર્ગેટ કરી રહી છે. દક્ષિણપંથી નાઈઝલ ફરાઝનું સમર્થન કરી ટ્રમ્પ-મસ્કે પોતાનો પ્લાન શરૂ કરી દીધો છે.

## પાકિસ્તાનમાં બુલડોઝરની કાર્યવાહી સામે ભારે હોબાળો

(એજન્સી) પાકિસ્તાન તા 09

પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં અતિક્રમણ હટાવવાની કામગીરી હિંસક બની હતી. અતિક્રમણ વિરોધી કામગીરી દરમિયાન અધિકારીઓ અને ટોળા વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં 12 પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં અતિક્રમણ વિરોધી અભિયાન હિંસક બની જતાં ઓછામાં ઓછા 12 પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. હૈદરાબાદ શહેરના કાસિમાબાદ વિસ્તારમાં અતિક્રમણ વિરોધી અભિયાનનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન પોલીસ અને વિરોધ કરી રહેલા લોકો વચ્ચે ઘર્ષણ પણ થયું છે. લોકોના ભારે વિરોધ છતાં અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચાલુ છે. અધિકારીઓ સિંચાઈ કેનાલને પુનઃસ્થાપિત કરવાની અને કાસિમાબાદ વિસ્તારમાં 24 ફૂટ પહોળો રોડ બનાવવાની યોજના પર કામ કરી રહ્યા હતા. યોજના પૂર્ણ કરવા માટે, જ્યારે અધિકારીઓ અતિક્રમણ હટાવવા પોલીસકર્મીઓ સાથે સ્થળ પર પહોંચ્યા, ત્યારે તેમને સ્થાનિક લોકોના ભારે વિરોધનો સામનો કરવો પડ્યો.

## દુબઈમાં 1 BHK ફ્લેટનું ભાડું કેટલું હોય છે ? જાણો કયો વિસ્તાર રહેવા માટે છે સૌથી સસ્તો ?

(એજન્સી) દુબઈ તા 09

UAE એ ભારતીયો માટે ગોલ્ડન વિઝાના નિયમો હળવા કર્યા ત્યારથી ભારતીયો માટે દુબઈમાં સ્થાયી થવું સરળ બની ગયું છે. જે લોકો દુબઈ જવાનું વિચારી રહ્યા છે તેમના માટે દુબઈનું પ્રોપર્ટી માર્કેટ અને ત્યાંના ભાડાના રેટ જાણવા જરૂરી છે. તેથી આ લેખમાં દુબઈમાં 1 BHKનું ભાડું કેટલું છે અને કયો વિસ્તાર રહેવા માટે સસ્તા છે, તેના વિશે જાણીશું.UAE એ ભારતીયો માટે ગોલ્ડન વિઝાના નિયમો હળવા કર્યા ત્યારથી ભારતીયો માટે દુબઈમાં સ્થાયી થવું સરળ બની ગયું છે, કારણ કે તેમને તમામ સુવિધાઓ આપવા માટે નિયમો બનાવવામાં આવ્યા છે. કોરોના સમયગાળા પછી માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રોપર્ટીના દરો ઝડપથી વધી રહ્યા છે. ઘણા શહેરોમાં પ્રોપર્ટીના ભાવ બમણા થઈ ગયા છે. તો દુબઈમાં પણ મકાનોના ભાડા વધ્યા છે.

જે લોકો દુબઈ જવાનું વિચારી રહ્યા છે તેમના માટે દુબઈનું પ્રોપર્ટી માર્કેટ અને ત્યાંના ભાડાના રેટ જાણવા જરૂરી છે. તેથી આ લેખમાં દુબઈમાં 1



BHKનું ભાડું કેટલું છે અને કયા વિસ્તાર રહેવા માટે સૌથી સસ્તા છે, તેના વિશે જાણીશું.દુબઈમાં સસ્તા 1 BHK ફ્લેટની વાત કરીએ, તો ઈન્ટરનેશનલ સિટીમાં માસિક ભાડું રૂપિયા 56,000થી 90,000 છે. આ દુબઈનો સૌથી સસ્તો વિસ્તાર છે, જ્યાં વિવિધ દેશોની થીમ પર આધારિત ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે.આ ઉપરાંત ડિસ્કવરી ગાર્ડન્સ, દુબઈ સિલિકોન ઓએસિસ, અલ નહદા, જુમેરા ગામ સર્કલ જેવા વિસ્તારો પણ રહેવા માટે સસ્તા છે, જ્યાં તમને પરવડે તેવા ભાડામાં મકાન મળી જાય છે. જ્યાં માસિક ભાડું રૂપિયા 67 હજારથી લઈને એક લાખ રૂપિયા સુધી છે.

## પાકિસ્તાનમાં સ્થિતિ વધુ ખરાબ? 800 અફઘાનોની કસ્ટડી શા માટે મોટો મુદ્દો?

(એજન્સી) પાકિસ્તાન તા 09

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધોમાં તણાવ વધી શકે છે, કારણ કે અફઘાનિસ્તાન એમ્બેસીએ 800 અફઘાન નાગરિકોની અટકાયત અને દેશનિકાલ પર ચિંતા વ્યક્ત કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આમાં એવા લોકો પણ સામેલ છે જેમની પાસે માન્ય વિઝા અને દસ્તાવેજો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ખૂબ જ તણાવપૂર્ણ બનેલા પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો વધુ કડવાશ બની શકે છે. વાસ્તવમાં, લગભગ 800 અફઘાન નાગરિકોની અટકાયત પર ઊંડી ચિંતા વ્યક્ત દૂતાવાસે દાવો કર્યો છે કે દસ્તાવેજોને લઈને અસ્પષ્ટતાના કારણે 'મનસ્વી અટકાયત અને દેશનિકાલ'ના ચિંતાજનક મામલા સામે આવ્યા છે. દૂતાવાસના જણાવ્યા અનુસાર, અટકાયત કરાયેલા 800 અફઘાનિસ્તાનમાં માન્ય વિઝા, પ્રૂફ ઓફ રજિસ્ટ્રેશન કાર્ડ (POR) અને અફઘાન નાગરિક કાર્ડ (ACC) ધરાવતા નાગરિકો પણ સામેલ છે.

### દર મિનિટે 4.5 લાખ રાઉન્ડ ગોળી છોડી શકે; અમેરિકન ફાલાનક્સથી સો ગણી ઝડપી

## ચીને દુનિયાની સૌથી શક્તિશાળી મેટલ સ્ટોર્મ મશીનગન બનાવી



(એજન્સી) બીજિંગ તા 09

રોટરી ફાયરિંગ ટેક્નિક પર કામ કરે છે, વારંવાર લોડિંગ કરવા છતાં બેરલ નબળું પડતું નથી

ચીનના વૈજ્ઞાનિકોનો દાવો છે કે તેમણે દુનિયાની સૌથી શક્તિશાળી મશીનગન 'મેટલ સ્ટોર્મ' બનાવવામાં સફળતા મેળવી છે. અત્યાર સુધીના આ સૌથી શક્તિશાળી હથિયારમાં પાંચ કે તેથી વધુ બેરલ છે, દરેક બેરલ 4.5 લાખ રાઉન્ડ પ્રતિ મિનિટના દરે ગોળીઓ ફાયર કરી શકે છે.

### એક સાથે ધડાકાભેર ફાયરિંગ માટે કોન્ટેક્ટલેસ ટ્રિગર બનાવાયું

મિકેનિકલ ટ્રિગરવાળી પારંપરિક મશીનગન ચીની સેનાની 7500 શોટ્સ પ્રતિ સેકન્ડની ડિમાન્ડ પૂરી કરી શકતી નહોતી. લૂ અને તેમની ટીમે એક કોન્ટેક્ટલેસ ઈલેક્ટ્રોનિક ટ્રિગર બનાવ્યું જે કોઈલનો ઉપયોગ કરે છે. આ ટ્રિગર બુલેટમાં મિશ્ર ધાતુના તારને પીગળાવતા ઉચ્ચ-ઊર્જા જેટ બને છે જે વિસ્ફોટકને પ્રજ્વલિત કરે છે. ટેસ્ટના આધાર પર તે 17.5 માઈક્રો સેકન્ડમાં ફાયર કરે છે અને પ્રતિ બેરલ પ્રતિ મિનિટ 4.5 લાખ રાઉન્ડનું પ્રદર્શન કરી શકે છે. પૂર્ણ રીતે વિકસિત થતાં તે એક મિનિટમાં 22.5 લાખ રાઉન્ડ ફાયર કરી શકશે.

### મેટલસ્ટોર્મનો કોન્સેપ્ટ પહેલીવાર 90ના દશકમાં ઓસ્ટ્રેલિયન સંશોધક

માઈક ઓ'ડાયરે આપ્યો હતો. તેમાં 36 બેરલ સિસ્ટમ છે, દર મિનિટે 10 લાખ રાઉન્ડ ફાયર કરવામાં સક્ષમ છે. ચીની સેનાએ 2006માં તેના માટે 10 કરોડ ડૉલરની રજૂઆત કરી હતી. પરંતુ અમેરિકન સૈન્ય વિભાગે ઝડપ દર્શાવતા ઓ'ડાયર સાથે જોડાણ કરી અનેક આધુનિક હથિયાર ટેક્નોલોજી તૈયાર કરી. જોકે આ પ્રોજેક્ટને રોકી દેવાયો અને મેટલ સ્ટોર્મ ઈન્ક 2012માં દેવાળિયા થઈ ગઈ. પરંતુ ચીને આ ટેક્નિક પર કામ ચાલુ રાખ્યું.આ પ્રોજેક્ટનું નેતૃત્વ નોર્થન ચાઈના યુનિવર્સિટીના મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના એસોસિએટ પ્રોફેસર લૂ શુતાઓ કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે આ ઈનોવેટિવ ટેક્નિક લોડિંગની ગતિમાં સુધારો કરી શકે છે. વારંવાર લોડિંગ કરવા છતાં બેરલની તાકાત અને સચોટતા કાયમ રાખી શકે છે.

## UK Visa: ભારતીયો માટે મહત્વના સમાચાર

(એજન્સી) લંડન તા 09

આ વર્ષે એટલે કે 2025માં બ્રિટનમાં ભણવાનું પ્લાનિંગ કરી રહેલા અથવા નોકરી શોધી રહેલા ભારતીયો માટે મહત્ત્વના સમાચાર છે. હવે તમારે બ્રિટન જવા માટે વધુ પૈસા ખર્ચવા પડશે. તેનું કારણ એ છે કે નવા વર્ષથી બ્રિટિશ સરકારે સ્ટુડન્ટ અને વર્ક વિઝા માટે માસિક ખર્ચની મર્યાદા વધારી દીધી છે. બ્રિટિશ સરકાર દ્વારા આ ફેરફાર કરવામાં આવ્યો છે જેથી હાઉસિંગ અને ઈકોનોમી પર ઈમિગ્રેશનની અસરને ઓછી કરી શકાય. હાલમાં બ્રિટનમાં મોટી સંખ્યામાં વિદેશીઓ અભ્યાસ કરી રહ્યા છે, જ્યારે ત્યાં કામ કરતા લોકો પણ મોટી સંખ્યામાં છે. બ્રિટનમાં એક લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ છે, જેઓ અહીંની ટોપ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરી રહ્યા છે. બ્રિટિશ સરકારની વેબસાઈટ પર નવા નિયમો અપડેટ કરવામાં આવ્યા છે. તે સમજાવે છે કે સ્ટુડન્ટ અને વર્ક વિઝા માટે કઈ શરતો પૂરી કરવી પડશે. 2 જાન્યુઆરીથી બ્રિટનમાં અભ્યાસ માટે વિઝા મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ સાબિત કરવું પડશે કે તેમની પાસે રહેવા માટે પૂરતા પૈસા છે. લંડનમાં અભ્યાસ કરવા માટે, વિદ્યાર્થીના ખાતામાં દર મહિને 1,483 પાઉન્ડ (આશરે રૂ. 1.5 લાખ) હોવા જોઈએ. લંડનની બહારના શહેરોમાં અભ્યાસ માટે આ રકમ 1,136 પાઉન્ડ (આશરે રૂ. 1.2 લાખ) છે. આ રીતે, લંડનમાં તમારે 9 મહિનાના ખર્ચની બરાબર નાણાં બચાવવા પડશે, જે કુલ 13,347 પાઉન્ડ (અંદાજે 14 લાખ રૂપિયા) છે.

### આ નામ વધારે સુંદર છે; કોઈ સ્થળનું નામ બદલવું સરળ નથી, જાણો પ્રોસેસ

# ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ ગલ્ફ ઓફ અમેરિકા કરીશું':ટ્રમ્પ



(એજન્સી) વોશિંગ્ટન તા 09

20 જાન્યુઆરીએ અમેરિકી રાષ્ટ્રપતિ તરીકે શપથ લઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, તેઓ 'ગલ્ફ ઓફ મેક્સિકો'નું નામ બદલીને 'ગલ્ફ ઓફ અમેરિકા' કરશે. ટ્રમ્પે કહ્યું કે આ નામ વધુ 'સુંદર' લાગે છે અને આ નામ રાખવું યોગ્ય છે.

ટ્રમ્પે કહ્યું કે આ ક્ષેત્રમાં અમેરિકાની હાજરી વધુ છે. અમેરિકા આ વિસ્તારમાં સૌથી વધુ પ્રવૃત્તિ કરે છે, તેથી આ જગ્યા અમેરિકાની છે. ટ્રમ્પે કહ્યું કે ગલ્ફનું નામ બદલવાની જાહેરાત બહુ જલ્દી કોઈ તારીખે કરવામાં આવશે. જો કે, ટ્રમ્પે એ નથી કહ્યું કે તેઓ મેક્સિકોની ખાડીનું નામ કેવી રીતે બદલશે. મેક્સિકોના અખાતને ઘણીવાર અમેરિકાનો 'ત્રીજો કિનારો' કહેવામાં આવે છે, કારણ કે તે 5 યુએસ રાજ્યોને અડીને છે. મંગળવારે ટ્રમ્પના નિવેદન બાદ જ્યોર્જિયાના પ્રતિનિધિ માર્જોકહ્યું કે, તે તેમના સ્ટાફને મેક્સિકોના અખાતનું નામ બદલવા માટે કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે નિર્દેશિત કરશે.



### મેક્સિકોના અખાતને તેનું નામ કેવી રીતે મળ્યું?

મેક્સિકોનો અખાત 400 વર્ષથી વધુ સમયથી આ નામથી ઓળખાય છે. એવું માનવામાં આવે છે કે આ નામ અમેરિકન શહેર 'મેક્સિકો' પરથી લેવામાં આવ્યું છે. જો કે, આ પહેલીવાર નથી જ્યારે મેક્સિકોની ખાડીનું નામ બદલવાની ચર્ચા થઈ હોય. 2012માં મિસિસિપીના પ્રતિનિધિએ મેક્સિકોના અખાતના ભાગોને 'અમેરિકાનો અખાત' તરીકે નામ આપવા માટે એક બિલનો પ્રસ્તાવ મૂક્યો હતો. તે બિલ પાછળથી સમિતિને મોકલવામાં આવ્યું હતું અને તે પસાર થવામાં નિષ્ફળ ગયું હતું.

### શું ટ્રમ્પ મેક્સિકોના અખાતનું નામ બદલી શકે છે?

યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકો બંને ઈન્ટરનેશનલ હાઈડ્રોગ્રાફિક ઓર્ગેનાઈઝેશન (IHO)ના સભ્યો છે. આ એજન્સી વિશ્વના તમામ સમુદ્રો અને મહાસાગરોનું સર્વેક્ષણ કરે છે. IHO પાસે સ્થાનોના નામ બદલવાની જવાબદારી પણ છે. જો કે, સામાન્ય રીતે નામ બદલવા માટે બંને પક્ષોની સંમતિ જરૂરી છે. પરંતુ જો ટ્રમ્પ ઈચ્છે તો તેઓ પોતાના દેશમાં 'ગલ્ફ ઓફ મેક્સિકો'ને બદલે 'ગલ્ફ ઓફ અમેરિકા' નામ આપવાનો ટ્રેન્ડ શરૂ શકે છે.

### જાપાનના સમુદ્રના નામો પર વિવાદ

જો કે, એવા ઉદાહરણો પણ છે જ્યાં બે દેશોએ એક જ વિસ્તારને અલગ અલગ નામ આપ્યા છે. જાપાન, ચીન, રશિયા, દક્ષિણ કોરિયા અને ઉત્તર કોરિયા વચ્ચે 'સી ઓફ જાપાન' નામને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ દેશો જાપાનના સમુદ્રને અલગ અલગ નામથી ઓળખે છે.

## શેખ હસીના બાદ ખાલિદા ઝિયાએ છોડ્યું બાંગ્લાદેશ?

(એજન્સી) બાંગ્લાદેશ તા 09

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન અને બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના વડા ખાલિદા ઝિયા મંગળવારે મોડી રાત્રે લંડન જવા રવાના થયા છે. ઝિયાને કતારના અમીર શેખ તમીમ બિન હમાદ બિન ખલીફા અલ થાની દ્વારા મોકલવામાં આવેલી વિશેષ એર એમ્બ્યુલન્સમાં ઢાકાના હઝરત શાહજલાલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી રવાના કરવામાં આવ્યા છે. તેમને વિદાય આપવા માટે ઘણા સમર્થકો અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. ઝિયાએ એવા સમયે દેશ છોડી દીધો છે, જ્યારે બાંગ્લાદેશ ગંભીર રાજકીય સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ઓગસ્ટ 2024માં વડાપ્રધાન શેખ હસીનાએ વિદ્યાર્થીઓના નેતૃત્વમાં મોટા જન આંદોલન પછી સત્તા છોડવી પડી હતી. આ વચગાળાની સરકારની જવાબદારી સંભાળી છે. યુનુસ 2026ના પહેલા 6 મહિનામાં અથવા તેના પહેલા ચૂંટણી યોજવાની યોજના ધરાવે છે. ઝિયાના ડોક્ટરોના જણાવ્યા અનુસાર તેમને લીવર સિરોસિસ, હૃદય રોગ અને કિડની સંબંધિત ગંભીર બીમારીઓ છે. તેના નજીકના સાથી ઈનામુલ હક ચૌધરીએ જણાવ્યું કે ઝિયાની સારવાર લંડનમાં કરવામાં આવશે. ત્યાં તેમના મોટા પુત્ર અને બીએનપીના કાર્યવાહક પ્રમુખ તારિક રહેમાન છે. ઝિયાના ગુલશન નિવાસસ્થાનથી એરપોર્ટ સુધીની લગભગ 10 કિલોમીટરની મુસાફરીમાં 3 કલાકનો સમય લાગ્યો હતો, કારણ કે હજારો સમર્થકો તેમને વિદાય આપવા માટે શેરીઓમાં એકઠા થયા હતા

સિટી એક્સપ્રેસ

FRIDAY 10 JANUARY-2025

AHMEDABAD


## 11 મહિનાથી નાસતો ફરતો બુટલેગર ઝડપાયો

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર - 7 તેમજ ડીસા પોલીસનાં ચોપડે પ્રોહિબિશનનાં ગુનામાં અગિયાર મહિનાથી નાસતો ફરતા રીઢા બુટલેગરને ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચે સેકટર - 13 છાપરા વિસ્તારમાંથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તેમજ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા જીલ્લાના અલગ પોલીસ સ્ટેશનના કર્મચારીઓનો સ્પેશીયલ સ્કોડ બનાવી સ્પેશીયલ ડ્રાઈવનુ આયોજન કરવામાં આવ્યું છે.

## 'શિક્ષક ભરતીમાં જગ્યા વધારો' રેલી યોજી, ધરણાં કર્યા

ગાંધીનગર | ગુજરાત રાજ્યની શાળાઓમાં ધોરણ 1થી 5 માં ટેટ 1 પાસ શિક્ષક ભરતીમાં જગ્યા વધારવાની માંગ સાથે વધુ એક વખત આજે ગાંધીનગરમાં ઉમેદવારોએ રેલી કાઢીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ધરણાં પ્રદર્શન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે છેલ્લા ચારેક મહિનાથી ઉમેદવારો જગ્યા વધારાની માંગ સાથે સરકારમાં રજૂઆત કરતા આવ્યા છે. જો કે આજદિન સુધી માંગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ નહીં આવતાં આજે ફરી એક વખત ઉમેદવારોએ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ દરમ્યાન પોલીસે ઉમેદવારોને ડીટેઈન કરી લીધા હતા.



# અમદાવાદ: HMPVનો વધુ એક કેસ નોંધાયો 80 વર્ષીય વૃદ્ધ સ્ટર્લિંગ હોસ્પિટલમાં એડમિટ : સંક્રમણના કુલ 3 કેસ થયા

(એજન્સી) અમદાવાદ | તા.09

HMPVના હાહાકાર વચ્ચે અમદાવાદમાં એક કેસ નોંધાયો છે. સ્ટર્લિંગ હોસ્પિટલમાં HMPVનો શંકાસ્પદ કેસ નોંધાયો છે. 80 વર્ષીય વૃદ્ધને હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે. બીજી તરફ સાબરકાંઠામાં HMPVનો કેસ નોંધાતા ભારે દોડધામ મચી હતી. બાળકના સેમ્પલ લઈને ગાંધીનગર મોકલાયા છે. 7 વર્ષના બાળકને હિંમતનગરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. HMVPનો કેસ નોંધાતા પ્રાંતિજ તાલુકામાં આરોગ્યની 4 ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી, ખાનગી જગ્યાએ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા પણ લોકોને ખાસ તકેદારી રાખવા માટે અપીલ કરવામાં આવી છે અને શરદી, ઉધરસ હોય તો ડોક્ટરનો તાત્કાલિક સંપર્ક કરવા માટે સૂચના આપવામાં આવી છે.

### અમદાવાદમાં 80 વર્ષના વૃદ્ધનો HMPV રિપોર્ટ પોઝિટિવ આવ્યો

અમદાવાદ શહેરમાં HMPV વાઈરસનો વધુ એક કેસ નોંધાયો છે. વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા 80 વર્ષના વૃદ્ધને સારવાર અર્થે મેમનગરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. 8 જાન્યુઆરીના રોજ વૃદ્ધને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો છે. દર્દીને છેલ્લા કેટલાય સમયથી અસ્થમાની બીમારી હોવાનું જાણવા મળ્યું છે. તેમની વિદેશ કે અન્ય કોઇ સ્થળે ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. દર્દીના સેમ્પલને ચકાસવાની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.



### દર્દીના સેમ્પલ ગાંધીનગર લેબોરેટરીમાં મોકલાશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકીએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે HMPV પોઝિટિવ આવેલા દર્દીની હાલત હાલ સ્થિર છે. તેમના સેમ્પલને સિવિલ હોસ્પિટલમાં તેમજ જીનોમ સિકવન્સ માટે ગાંધીનગર લેબોરેટરીમાં મોકલી આપવામાં આવશે. અગાઉ ચાંદખેડામાં પોઝિટિવ આવેલા બે મહિનાના બાળકનાં સેમ્પલને પણ ગાંધીનગર લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યાં છે.

### મેટાન્યુમો વાઈરસ (HMPV) વિશે જાણવા જેવી બાબતો

- મેટાન્યુમો વાઈરસ (HMPV) અન્ય શ્વસન વાયરસ જેવો જ વાયરસ છે.
- વર્ષ 2001થી આ વાઈરસની ઓળખ થયેલ છે.
- આ વાઈરસ શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફ્લુનો સમાવેશ થાય છે.

# HMPV ને લઇને અમદાવાદ શિક્ષણ વિભાગ હરકતમાં, DEO એ જાહેર કરી એડવાઈઝરી



## શાળાઓએ જાતે જ ગાઇડલાઇન તૈયાર કરી

(એજન્સી) અમદાવાદ | તા.09

ચીનમાં HMPV (હ્યુમન મેટાન્યૂમો વાઈરસ) ફેલાયા બાદ એવી સ્થિતિ ઉભી થઈ છે કે, વુહાનમાં શાળાઓ બંધ કરી દેવી પડી છે. અહીં 10 દિવસમાં એચએમપીવીના કેસો 529 ટકા વધ્યા છે. HMPV ફેલાવો ભારતમાં પણ ધીમે ધીમે વધી રહ્યો છે. ત્યારે ગુજરાતમાંથી પણ બે કેસ નોંધાયા છે. જેના લીધે તંત્ર હરકતમાં આવી ગયું છે. ત્યારે અમદાવાદ DEO એ ખાનગી સ્કૂલો માટે એડવાઈઝરી જાહેર કરી છે. સ્કૂલના સંચાલકોએ વાલીઓને મેસેજ કરીને જણાવ્યું છે કે જો બાળકને શરદી-ખાંસી હોય તો સ્કૂલે ન મોકલે. બાળકોની સ્થાનિક પરીક્ષા હોય તો પેપરની ચિંતા ન કરો, સ્કૂલ પરીક્ષા ફરીથી લેશે.

### ભારતના પાંચ રાજ્યોમાં નવ કેસ સામે આવ્યા



ચીનનો આ વાયરસ ભારત સુધી પણ પહોંચી ગયો છે દેશના પાંચ રાજ્યોમાં કુલ નવ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં બે કેસ નોંધાયા છે. અહીં એક 13 વર્ષની છોકરી અને 7 વર્ષનો છોકરો સંક્રમિત થયો છે. બંને બાળકોને તાવ આવ્યા બાદ આ વાયરસનો ચેપ લાગ્યો હતો. ગુજરાતમાં બે અને કર્ણાટક, તમિલનાડુ, અને પશ્ચિમ બંગાળમાં પણ કેસ મળી આવ્યા છે. કેન્દ્ર સરકાર આ વાયરસને લઈને એલર્ટ પર છે. રાજ્યોમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

### સ્થાનિક પરીક્ષાની ચિંતા કરશો નહી

સ્કૂલ સંચાલકોએ જણાવ્યું હતું કે રાજ્યમાં પણ કેસ વધી રહ્યા છે. પરંતુ ડરવાની જરૂર નથી, સાવચેતી રાખવી જરૂરી છે. બાળકોને માસ્ક પહેરાવો, તાવ શરદી-ખાંસી હોય તો શાળાએ મોકલવા નહી, જેથી અન્ય બાળકોને ચેપ લાગે નહી. જો શાળાની સ્થાનિક પરીક્ષામાં બાળકની ગેરહાજરી હશે તો શાળા ફરીથી પરીક્ષા લેશે. રાજ્યના આરોગ્ય મંત્રાલય દ્વારા પણ કહેવામાં આવ્યું છે કે આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરી છે. ત્યારે અમદાવાદની કેટલીક શાળાઓમાં સાવચેતીના ભાગરૂપે જાતે જ ગાઈડલાઈન તૈયાર કરવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓને ફરજિયાત માસ્કની અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત વાલીઓને સૂચના આપવામાં આવી છે કે જો તમારા બાળકને શરદી-ખાંસીના લક્ષણો જણાય શાળાએ મોકલવા નહી. જેથી અન્ય બાળકોને ચેપ લાગે નહી. એટલું જ નહી સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને શરદી-ખાંસીના લક્ષણો જોવા મળે તો તેમને ઘરે મોકલી દેવામાં આવે છે.

### વય મર્યાદા વધારવાની માંગ સાથે વિદ્યા સહાયકો ગાંધીનગર પહોંચ્યા, આમરણાંત ઉપવાસની ચીમકી

ગુજરાતમાં વિદ્યા સહાયકોના ઉમેદવારોએ ફરી ગાંધીનગરમાં મોરચો માંડ્યો હતો. મંગળવારે વિદ્યાસહાયકોની ભરતીમાં વય મર્યાદા વધારવાની માંગ સાથે ઉમેદવારો ગાંધીનગર પહોંચ્યા હતાં. ઉમેદવારોએ પોતાની માંગણી સાથે શિક્ષણમંત્રી પ્રફૂલ પાનસેરિયાની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણ સચિવને આ મામલે રજૂઆત કરી હતી. અને માગ પૂરી ન થતાં આમરણાંત ઉપવાસની પણ ચીમકી ઉચ્ચારી છે.હજુ સુધી ઉમેદવારોની માંગ પર કોઈ નિર્ણય ન લેવાતા ઉમેદવારોએ અન્ન-જળ ત્યાગ કરવા અને આમરણાંત ઉપવાસ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## Quick Read

### અમદાવાદ | કોર્ટમાંથી પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા આરોપીની ફરી ધરપકડ કરાઇ



અમદાવાદ | અમદાવાદ કોર્ટમાંથી પોલીસના જાપ્તામાંથી ફરાર થયેલા આરોપીને કારંજ પોલીસ અને LCBની ટીમે ઝડપી પાડ્યો છે. 8 જાન્યુઆરીએ આરોપીને અમદાવાદ સીટી સેશન કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં તે પોલીસની નજર ચૂકવીને ભાગી છુટ્યો હતો. જેને પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો. આરોપી ઘનશ્યામ ઉર્ફે ગોપાલ અશોક જાદવ સામે અનેક ફરિયાદ નોંધાઈ ચૂકી છે. જે પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલી એક ફરિયાદના ગુનામાં રાજકોટ જેલમાં સજા કાપી રહ્યો છે. જેને 8 જાન્યુઆરીએ અમદાવાદની સીટી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જો કે પરિવારને મળવાના બહાને તે કેદી જપ્તામાંથી ફરાર થયો હતો. જે બાબતે કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

### ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં મોટાપાયે બદલીના આદેશ, 171 અધિકારીઓના કરાયા ટ્રાન્સફર

ગાંધીનગર | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(GPCB)માં મોટાપાયે બદલી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા GPCBના કુલ 171 અધિકારીઓની બદલી કરાઈ છે. જેમાં વૈજ્ઞાનિક અધિકારીઓ, સિનિયર વૈજ્ઞાનિક અધિકારીઓ, નાયબ પર્યાવરણ ઈજનેરો, મદદનીશ પર્યાવરણ ઈજનેરોના અધિકારીઓનો સમાવેશ થાય છે.આ બદલીના કારણો હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા નથી. જોકે, આવા ફેરફારો સામાન્ય રીતે કાર્યક્ષમતા વધારવા માટે કરવામાં આવતા હોય છે. આ બદલીથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી પર કેવી અસર પડશે તે જોવું રહ્યું. જોકે, બોર્ડમાં નવા ફેરફારથી કામમાં સુધારો થાય તેવી શક્યતાઓ દર્શાવાય રહી છે.

# 24 જાન્યુઆરી સુધી ફ્લાવર શો ચાલશે પ્રિ-વેડિંગ પણ કરી શકાશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદના પાલડી વિસ્તારમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભવ્ય ફ્લાવર શો 2025નો 3 જાન્યુઆરીથી પ્રારંભ થયો છે. 22 જાન્યુઆરી સુધી યોજાનારા ફ્લાવર શોની મુદત વધારીને 24 જાન્યુઆરી સુધીની કરવામાં આવી છે. જ્યારે ફ્લાવર શોમાં પ્રિ-વેડિંગ અને ફિલ્મ શૂટિંગ કરવા ઈચ્છતા લોકો નિયમ મુજબનો ચાર્જ ભરીને શૂટિંગ કરી શકશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે રિવરફ્રન્ટ ખાતે ભવ્ય ફ્લાવર શોનું આયોજન કરવામાં આવે છે. જાન્યુઆરીમાં યોજાતા ફ્લાવર શોમાં લાખોની સંખ્યામાં લોકો વિવિધ ફૂલોની મહેક, સુંદરતા અને પ્રતિકૃતિને નિહાળવા માટે આવે છે. ફ્લાવર શો 2025નો 3 જાન્યુઆરીથી પ્રારંભ કરાયો હતો, જેમાં 22 જાન્યુઆરી સુધી ચાલનારા ફ્લાવર શોના બે દિવસ લંબાવીને 24 જાન્યુઆરી કરવામાં આવ્યું છે.

### ફ્લાવર શોમાં પ્રિ-વેડિંગ શૂટ કરી શકાશે

ફ્લાવર શોમાં પ્રિ-વેડિંગ શૂટ કરવા માટે તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જેમાં શોના અંતિમના બે દિવસમાં પ્રિ-વેડિંગ કરી શકાશે, જેમાં સવારના 7 વાગ્યાથી 9:30 સુધી પ્રિ-વેડિંગ કરી શકાશે, જેના માટે 25 હજાર ચાર્જ નક્કી કરાયો છે. જ્યારે ફિલ્મ શૂટિંગ માટે 1 લાખનો ચાર્જ ચૂકવવો પડશે.



# રાજ્યમાં 48 કલાક બાદ ઠંડીનું જોર વધશે

■ ઉત્તરાયણમાં શુષ્ક હવામાન રહેવાની હવામાન ખાતાની આગાહી

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાતભરમાં છેલ્લા બે દિવસથી ઠંડીમાં વધારો વર્તાઈ રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી સાત દિવસ ઠંડીને લઈને આગાહી કરી છે, ત્યારે ઉત્તરાયણ દરમિયાન પણ શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે. રાજ્યમાં આગામી 48 કલાક બાદ લઘુતમ તાપમાનમાં 2-3 ડિગ્રીનો વધારો થતા ઠંડી ઘટી શકે છે. જ્યારે ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં નલિયામાં સૌથી લઘુતમ 5.6 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

### છેલ્લા બે દિવસમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો



ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું હતું કે, ઉત્તર ભારતમાં થતી હિમવર્ષાથી ઠંડા અને સૂકા પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે. આ દરમિયાન રાજ્યમાં છેલ્લા બે દિવસથી વિવિધ શહેરના લઘુતમ તાપમાનમાં 1 થી 5 ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી 48 કલાક દરમિયાન લઘુતમ તાપમાનમાં 2-3 ડિગ્રીનો વધારો થવાથી ઠંડીમાં રાહત થશે. જ્યારે આ પછી ફરી લઘુતમ તાપમાનમાં 2-3 ડિગ્રી સુધીનો ઘટાડો થવાથી ઠંડીનું જોર દેખાશે. હવામાન વિભાગે આગામી સાત દિવસ એટલે કે ઉત્તરાયણ સુધી શુષ્ક હવામાનની સંભાવના દર્શાવી છે. 24 કલાકમાં સૌથી લઘુતમ તાપમાન નલિયામાં 5.6 ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 12.8 ડિગ્રી, ગાંધીનગરમાં 12.2 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 11, વડોદરામાં 9.2 ડિગ્રી, રાજકોટમાં 8.3 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય કાઈટ્સ ફેસ્ટિવલની તૈયારીઓ પૂરજોશમાં: 11 જાન્યુઆરીથી શુભારંભ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય કાઈટસ ફેસ્ટિવલની પૂરજોશમાં તૈયારીઓ થઈ રહી છે. દેશ વિદેશમાં ૪૭ દેશોના ૧૪૩ પતંગબાજો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે. પતંગ રસિયાઓને આવકારવા તૈયારીઓને શાનદાર રીતે આવકારવા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સાથે સાથે HMPV વાયરસને લઇ આરોગ્ય વિભાગ સજ્જ છે. 11 જાન્યુઆરીથી 14 જાન્યુઆરી દરમ્યાન અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય કાઈટસ ફેસ્ટિવલની ઉજવણી થશે. 11 જાન્યુઆરીના રોજ કાઈટ્સ ફેસ્ટિવલનો શુભારંભ થશે. આ ફેસ્ટિવલમાં રાજ્ય, દેશ ઉપરાંત વિદેશના પતંગબાજો પણ ભાગ લઈ રહ્યા છે. ગુજરાતમાંથી ૧૧ જેટલા શહેરોના ૪૧૭ જેટલા પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયોમાંથી 52 જેટલા પતંગબાજો ભાગ લેશે. તેમજ ભારત બહારના 47 દેશોમાંથી 143 પતંગબાજો આંતરરાષ્ટ્રીય કાઈટ્સ ફેસ્ટિવલમાં ભાગ લેવા અમદાવાદના મહેમાન બનશે. આ વર્ષના કાઈટસ ફેસ્ટિવલમાં રામ મંદિર અયોધ્યા,ચંદ્રયાંન, સહિતની થીમના પતંગોથી આકાશ રંગાશે.

HMPV વાયરસને લઈને તંત્ર એલર્ટ

### પતંગબાજોનું થશે મેડિકલ ચેક અપ

કેટલાક દિવસોમાં HMPV વાયરસનો કહેર વધ્યો છે. ભારતમાં કર્ણાટક બાદ ગુજરાતમાં આ વાયરસનો પગ પેસારો થતાં આરોગ્ય વિભાગ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે. HMPV વાયરસને પગલે આરોગ્ય વિભાગ વધુ એલર્ટ થતાં નિષ્ણાત તબીબોની ટીમને ખાસ સૂચના આપવામાં આવી છે. કાઈટસ ફેસ્ટિવલમાં દેશ વિદેશથી આવતા પતંગબાજોનું મેડિકલ ચેક અપ કરાશે.

### આતંરરાષ્ટ્રીય કાઈટસ ફેસ્ટિવલ

શહેરમાં પતંગ રસિયાઓનો માનીતા તહેવાર ઉત્તરાયણ પર્વને હવે જૂજ દિવસો બાકી છે. રાજ્યમાં ઉત્તરાયણ પર્વની જોરદાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. લોકો ફિરકી અને પતંગના ઓર્ડર આપવા લાગ્યા છે. ઉત્તરાયણ પર્વ નિમિત્તે અમદાવાદમાં આતંરરાષ્ટ્રીય કાઈટસ ફેસ્ટિવલનું આયોજન હાથ ધરાયું છે. જે 11 જાન્યુઆરીથી 14 જાન્યુઆરી દરમ્યાન યોજાશે અને તેમાં દેશ-વિદેશના લોકો ભાગ લેશે.

રાજ્ય સરકારે 2021માં કેફી દ્રવ્યો પકડાવનારાને ઈનામ આપતી પ્રથમ નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મૂકી હતી

# ગુજરાત પોલીસે 3 વર્ષમાં 16 હજાર કરોડની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું

(એજન્સી) ગાંધીનગર | તા.09

ડ્રગ્સ જેવા માદક પદાર્થોનું દૂષણ આજે મહાનગરો ઉપરાંત ગામડાંઓ સુધી પહોંચી ગયું છે ત્યારે ગુજરાત સરકાર આ દૂષણને ડામવા માટે પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે 2021માં કેફી દ્રવ્યો પકડાવનારાને ઈનામ આપતી પ્રથમ નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મૂકી હતી જેના પરિણામે ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઑક્ટોબર 2021માં રિવોર્ડ પોલિસી લૉન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર 2024 સુધીમાં 16,155 કરોડની કિંમતનું 87,607 કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે. નાર્કો રિવોર્ડ પોલિસી લૉન્ચ કરતી વખતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એવું જણાવ્યું હતું કે, ડ્રગનું દૂષણ આપણા સમાજને નબળો પાડશે અને યુવાનો તેનાથી દૂર રહે એ જરૂરી છે. ડ્રગ્સ અસ્થાયી રૂપે હાઈ ફીલિંગ આપી શકે છે પરંતુ લાંબા ગાળે તે આપણા શરીરને ભયંકર નુકસાન કરે છે. કોઈ જગ્યાએ ડ્રગ્સ વેચાતું હોય અને એ અંગે યુવાનોને જાણ થાય તો તેમણે પોલીસ અને રાજ્યના ગૃહ વિભાગને માહિતગાર કરવા જોઈએ.

### ફાઈટ અગેઈન્સ્ટ ડ્રગ્સ: ગુજરાત સ્પેશિયલ રિવોર્ડ સ્કીમ શરૂ કરનારું પ્રથમ રાજ્ય

ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને એટલે જ તે ડ્રગ્સ પકડવામાં દેશભરમાં અગ્રેસર છે. ગુજરાત માદક પદાર્થોના દુરુપયોગને રોકવાના હેતુથી બાતમીદારો માટે રિવોર્ડ પોલિસી શરૂ કરનારું પહેલું રાજ્ય છે. ડ્રગ્સને નેસ્તનાબૂદ કરવાના પ્રયાસોમાં પોલીસ, કર્મચારીઓ/અધિકારીઓ અને બાતમીદારો પણ મહત્વનો ભાગ ભજવે છે. બાતમીદારોના જોખમને ધ્યાનમાં લેતાં અને રાજ્યમાં કેફી પદાર્થોનો વ્યાપાર અટકાવવા માટે ગુજરાત સરકારે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બાતમીદારોને પ્રોત્સાહન આપવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી શરૂ કરી હતી.

### રિવોર્ડની રકમ શેના આધારે નક્કી થાય છે?

બાતમીદારે જપ્તીના સંદર્ભમાં આપેલ માહિતીની વિશિષ્ટતા અને ચોકસાઈ, લેવામાં આવેલ જોખમ અને તેનું પ્રમાણ વગેરે બાબતો રિવોર્ડની રકમ નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. તો સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા સફળ જપ્તી થઈ હોય તેવા કિસ્સાઓમાં તેમણે કરેલા વિશેષ પ્રયત્નો, કાર્યવાહીમાં લીધેલું જોખમ, સતર્કતા, પ્રતિબંધિત પદાર્થ સાથે સંકળાયેલા લોકોની ધરપકડ થઈ છે કે કેમ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. જે અધિકારી કે કર્મચારી તેની સામાન્ય ફરજના ભાગરૂપે મેળવેલા પુરાવા રજૂ કરે તેને કોઈ રિવોર્ડ આપવામાં આવતો નથી. NDPS ઍક્ટ, 1985ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરેલા પદાર્થોની ગેરકાયદેસર કિંમતના 20% સુધીની રકમ રિવોર્ડને પાત્ર હોય છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...